શ્રુત - રત્ન - નિધિ ગ્રંથમાળા પુષ્પ - ૬

# શાંતસુધારસ
# પ્રશમરતિ
# અધ્યાત્મ કલ્પદ્રુમ
# સૂક્ત-રત્ન-મંજૂષા
## (સાર્થ)

**આજ્ઞા** : સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ
**અને** પ. પૂ. આ. ભ. શ્રીમદ્
**આશીર્વાદ** વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સા.

રાજપ્રભાવક પ. પૂ. આ. ભ. શ્રીમદ્
વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા.

**સંપાદક** : મુનિ ભવ્યસુંદરવિજય

**પ્રકાશક** : શ્રમણોપાસક પરિવાર
**A/301**, હેરિટેજ હોલી એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નેહરુ રોડ, મુલુંડ (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૮૦.
કિશોરભાઈ **Mo. 98691 48094**
**shraman.parivar@gmail.com**

**આવૃત્તિ** : પ્રથમ **વર્ષ** : વિ. સં. ૨૦૭૨

© શ્રમણપ્રધાન શ્વે. મૂ. પૂ. (તપા.) જૈન સંઘ

ભવોદધિત્રાતા

સંયમદાતા

ગ્રહણ-આસેવનશિક્ષાપ્રદાતા

ગુરુદેવ

પ્રવચનપ્રભાવક

પ. પૂ. આ. ભ. શ્રી **વિજય**

**રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા.**ના

સંયમજીવનની

સુવર્ણજયંતિ

(૫૦ વર્ષ)

પ્રસંગે

તેઓશ્રીના પાવન ચરણકમલમાં

સાદર સમર્પણ...

મુનિ ભવ્યસુંદરવિ..

## પ્રાપ્તિસ્થાન

| | |
|---|---|
| મુંબઈ | પ્રકાશક |
| અમદાવાદ | **શ્રી બાબુલાલ સરેમલજી શાહ**<br>'સિદ્ધાચલ' બંગલો, હીરા જૈન સોસાયટી,<br>રામનગર, સાબરમતી, અમદાવાદ - 380005.<br>ફોન. 079-2750 5720.<br>(મો.) 94265 85904. |
| સુરત | **શ્રી પરેશભાઈ કાંતિલાલ શાહ**<br>E-1/403, નીલકંઠ રેસિડેન્સી,<br>ન્યુ ક્રોસ રોડ, અમરોલી, સુરત - 394107.<br>ફોન. (મો.) 93235 59466. |
| અન્ય સ્થળો | (કુરિયરથી મંગાવવા માટે)<br>ભાવેશભાઈ (મો.) 94288 32660<br>વિશાલભાઈ (મો.) 98985 08480 |

## સ્યાદ્વાદનો સ્વાદિષ્ટ
## રસથાળ

પ્રાણવાયુ વિના
શરીરને જીવંત રાખવું
અશક્ય.
પાણી વિના
બગીચાને લીલોછમ રાખવો
અશક્ય.
તંદુરસ્ત અને મજબૂત મૂળ વિના
વૃક્ષને ધરતી પર ટકાવી રાખવું
અશક્ય.
બસ, એ જ ન્યાયે
સ્યાદ્વાદ વિના
સંઘજીવનને જીવંત રાખવું,
ધબકતું રાખવું,
ટકાવી રાખવું
અશક્ય.
જ્ઞાનસાર નામના ગ્રંથમાં તો
સ્યાદ્વાદ [જ્ઞાન] નો
તપમાં સમાવેશ કરી દીધો છે!
આવા સ્યાદ્વાદ માટેનો એવો
સ્વાદિષ્ટ રસથાળ વિદ્વદ્વર્ય
મુનિરાજ શ્રી ભવ્યસુંદરવિજયજીએ
રજૂ કરી દીધો છે કે જેને જોતાંવેંત
જ એને આરોગી લેવાનું અને
આરોગતા રહેવાનું મન થયા વિના
ન રહે.
૫૦ જેટલા ગ્રંથોમાંના ૧૫૦૦૦
જેટલા શ્લોકો અને ગાથાઓ
અને એમાંથી લગભગ 3000 ગાથાઓ

પસંદ કરીને જિજ્ઞાસુઓ, ભાવકો અને મુમુક્ષુઓ સમક્ષ મૂકવાના એમણે કરેલા આ સ્તુત્ય અને સાત્વિક પ્રયાસોની અનુમોદના કરવા માટે તમામ શબ્દો ઓછા પડે છે.

પણ સબૂર!

ઘોડાને જળ ભરેલા સરોવર પાસે લઈ જઈ શકાય છે પણ પાણી તો ઘોડાએ પોતે જ પીવું પડે છે.

બસ, સંયમી પુણ્યવાનોને એટલું જ કહીશ કે વિદ્વદ્વર્ય મુનિવરશ્રીએ સ્વાધ્યાય માટેનો સાત્ત્વિક રસથાળ અત્રે રજૂ તો કરી દીધો છે પણ તૃપ્તિ અને પ્રસન્નતા અનુભવવા એ સાત્ત્વિક રસથાળના કવલોને આરોગવાનો પુરુષાર્થ તો આપણે પોતે જ કરવો પડશે.

સ્વાધ્યાય યોગના આ સાધકો આપણે સહુ આપણાં આત્મદ્રવ્યને નિર્મળ કરતા રહેવામાં હેવ. ગુરુકૃપાએ સફળ બનીએ એ જ અંતરની શુભકામના સાથે

લિ.

રત્નસુંદરસૂરિ

## ગાથા ગુંજન...

વૈરાગ્યના ઉપદેશને..

આચારના અનુષ્ઠાનોને..

અધ્યાત્મના બોધને..

દ્રવ્યાનુયોગના પદાર્થોને..

આત્મલક્ષી ભાવનાઓને..

આત્માના વિકાસક્રમને..

યોગ અને અધ્યાત્મના તત્ત્વોને..

પ્રાકૃત ગાથાઓ કે સંસ્કૃત શ્લોકોમાં ગૂંથીને જ્ઞાની મહાપુરુષોએ અજબ-ગજબનો ઉપકાર કરી દીધો છે.

અધ્યાત્મની ઉચ્ચ ભૂમિકાએ પહોંચેલા એ મહાપુરુષોએ જે નિર્મળ અને દુર્લભ શુભ ભાવોનો સ્પર્શ કર્યો.. વૈરાગ્યના જે સંવેદનો અનુભવ્યા.. આગમિક - શાસ્ત્રીય પદાર્થોને ગુરુ-પરંપરાથી ઝીલ્યા.. તે ભાવસૌંદર્યને તેમણે સુંદર ગાથાઓમાં કે શ્લોકોમાં મઢી લીધું..

આઠ-નવ ગાથાના કોઈ અષ્ટકથી માંડીને સેંકડો અને સહસ્રાધિક શ્લોકોથી સમૃદ્ધ એવા વિરાટકાય અદ્ભુત ગ્રંથો આજે પણ ઉપલબ્ધ છે.

ગાથાઓ કંઠસ્થ કરવાની પાવન પરંપરા છેક પ્રભુ વીરના સમયથી આજ સુધી ચતુર્વિધ સંઘમાં ચાલી રહી છે.

આમરાજા પ્રતિબોધક શ્રી બપ્પભટ્ટીસૂરિ મ. સા. રોજની ૧ હજાર ગાથા કંઠસ્થ કરતા હતા.

સાંભળ્યું છે કે પૂ. આત્મારામજી મ. સા. રોજની ૩૦૦ ગાથા કંઠસ્થ કરતા હતા.

પેથડમંત્રી રાજદરબારમાં જતા-આવતા પાલખીમાં બેસીને ઉપદેશમાળા ગ્રંથ કંઠસ્થ કરતા હતા.

આજે પણ અનેક શ્રમણ-શ્રમણી ભગવંતો એવા છે કે જેમને ૫ હજાર કે ૧૦ હજારથી પણ વધુ ગાથાઓ કંઠસ્થ છે.

શ્રાવક વર્ગમાં તો બે પ્રતિક્રમણ કે પંચ પ્રતિક્રમણથી આગળ ગોખવાનું ચલણ ઘણું ઓછું છે. શ્રમણ-શ્રમણી વર્ગમાં પણ ગાથાઓ કંઠસ્થ કરવાની પ્રવૃત્તિમાં ઓટ આવતી જાય છે અને કંઠસ્થ કર્યા પછી નિયમિત પુનરાવર્તન દ્વારા તેને ઉપસ્થિત રાખવાનું તો વધુ મંદ બન્યું છે.

ગાથા કંઠસ્થ કરવાના અને ટકાવવાના લાભો અપરંપરા છે. તે છતાં તે બાબતની જે ઉપેક્ષા દેખાય છે તેના કારણો તપાસીએ તો એક મહત્ત્વનું કારણ તરત ઊડીને આંખે વળગે છે - તે છે ...

સૂત્ર ગ્રંથોના વિશાળ કદ.

ઉપદેશમાળા ગ્રંથ વૈરાગ્યનો અદ્‌ભુત ગ્રંથ છે. પૂ. ગુરુદેવ શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા. ઉપદેશમાળા કંઠસ્થ કરવાની ખાસ પ્રેરણા કરતાં. પરંતુ તેની ૫૪૪ ગાથાનો આંકડો જોઈને જ હિંમત બહુ ઓછી થાય. તેથી સંપૂર્ણ ગ્રંથ ગોખવાનો જેમને ઉત્સાહ ન હોય તેમને ચૂંટેલી ગાથાઓ ગોખવા કહેતાં.

જૈન સાહિત્યમાં સારોદ્ધારની પણ એક સુંદર પરંપરા જોવા મળે છે. સંક્ષેપરુચિવાળા જીવો વિશાળકાય ગ્રંથના અર્કને સારોદ્ધાર દ્વારા પ્રાપ્ત કરીને પચાવી શકે. સારોદ્ધારની પરંપરાને નજર સામે રાખીને વિદ્વદ્વર્ય,

પ્રખર શાસ્ત્રાભ્યાસી અને અધ્યાપનકુશલ મુનિપ્રવર શ્રી ભવ્યસુંદરવિજય મ. સા.એ ગ્રંથો કંઠસ્થ કરવાની પ્રવૃત્તિ જોર પકડે તે ઉમદા ભાવનાથી વિશેષરૂપે કંઠસ્થ કરવા લાયક અનેક ગ્રંથોની ચૂંટેલી ગાથાઓ સંગ્રહિત કરી છે, જે પુસ્તિકારૂપે પ્રકાશિત થઈ રહી છે.

તેમની પાસે પસંદગીનો વિવેક ખૂબ સારો છે. ચોટદાર અને વિશેષ ઉપયોગી ગાથાઓને તેમણે ચૂંટી કાઢી છે. તે માટે તેમણે કેવો ભવ્ય અને સુંદર પરિશ્રમ ઉઠાવ્યો હશે, તે સમજી શકાય છે.

મને અત્યંત વિશ્વાસ છે કે તેમનો આ ભવ્ય-સુંદર પરિશ્રમ લેખે લાગશે. આ નાની-નમણી પુસ્તિકાઓના માધ્યમથી ચતુર્વિધ સંઘમાં ગાથાઓ કંઠસ્થ કરવાની પ્રવૃત્તિ ખૂબ વેગ પકડશે. હવે ચારેય બાજુ ગાથાઓના ઘોષ ગૂંજી ઉઠશે.

મુનિશ્રીને હાર્દિક ધન્યવાદ.

- મુક્તિવલ્લભસૂરિ

શ્રાવણ સુદ ૧, ૨૦૭૨
સાબરમતી.

## સંપાદકીય

જિનશાસનના શ્રુતજ્ઞાનરૂપી સાગરમાં અગણિત ગ્રંથરત્નો છે, જે વૈરાગ્યાદિ ભાવોથી ઝળકી રહ્યા છે..

પંચમ કાળના પ્રભાવે સ્મૃતિશક્તિ ઘટતી જવાને કારણે વર્તમાનકાલીન શ્રમણો આ ગ્રંથોને કંઠસ્થ કરી શકતા નથી કે કંઠસ્થ કર્યા પછી યાદ રાખી શકતા નથી, કારણ કે ગ્રંથો વિશાળ છે.

આવા અદ્‌ભુત ગ્રંથોના અદ્‌ભુત ભાવોથી અલ્પ ક્ષયોપશમવાળા શ્રમણો સર્વથા વંચિત ન રહે તે માટે, આ ગ્રંથોની વિશિષ્ટ વૈરાગ્યાદિ-સભર ગાથાઓને પસંદ કરીને તેનું અર્થસહિત પ્રકાશન થઈ રહ્યું છે..

પૂર્વકાલીન મહાપુરુષોએ પણ આવા પ્રયત્નો કર્યા જ છે. જેમ કે ઉપમિતિ સારોદ્ધાર (દેવેન્દ્રસૂરિજી), ઉપમિતિ સાર સમુચ્ચય (વર્ધમાનસૂરિજી), કુવલયમાલા સંક્ષેપ (રત્નપ્રભસૂરિજી), ત્રિષષ્ટિ સારોદ્ધાર (શુભંકરસૂરિજી), લઘુ પ્રવચન સારોદ્ધાર (ચંદ્રર્ષિ), સમરાદિત્ય સંક્ષેપ (પ્રદ્યુમ્નસૂરિજી), લઘુ ત્રિષષ્ટિ (મેઘવિજયજી), હૈમ લઘુ પ્રક્રિયા (મહો. વિનયવિજયજી) વગેરે...

જેમ સંક્ષિપ્ત તે ગ્રંથોથી મૂળ વિસ્તૃત ગ્રંથોનું મહત્ત્વ ઘટ્યું નથી કે લોપ થયો નથી; તેમ આ સંક્ષિપ્ત પ્રકાશનથી મૂળ ગ્રંથોના લોપ થવાની કે મહત્ત્વ ઘટવાની સંભાવના રહેતી નથી.

જોકે વિશિષ્ટ ક્ષયોપશમવાળા શ્રમણ ભગવંતો તો સંપૂર્ણ મૂળ ગ્રંથો ભણે જ, તેવી મારી ખાસ ભલામણ છે..

ગાથાઓની પસંદગીમાં વૈરાગ્યાદિ-જનનશક્તિ ઉપરાંત વિવિધતા, ગોખવાની સરળતા, અર્થની સુબોધતા વગેરે નજરમાં રાખ્યા છે.

મૂળગ્રંથગત ક્રમને પ્રધાન ન કરતાં, સરખા વિષયવાળી ગાથાઓ એકસાથે આવે તે રીતે ક્રમ લીધો છે.

મૂળ ગ્રંથનો ગાથાક્રમ, દરેક ગાથાની પૂર્વે લખેલો છે. ગાથાના અંતે ક્રમિક ક્રમ આપેલો છે. ગોખવાની સરળતા તથા સુબોધતા માટે ક્યાંક સંધિનો વિગ્રહ કર્યો છે.

સંપૂર્ણ ગ્રંથ કંઠસ્થ નહીં કરી શકનારા શ્રમણ શ્રમણી ભગવંતો આ ગ્રંથોને કંઠસ્થ કરે, રાખે, તેના અર્થ સહિત પરાવર્તન દ્વારા આત્માને વૈરાગ્યાદિ ભાવોથી ભાવિત કરીને શીઘ્ર મુક્તિગામી બને એ જ આ પ્રકાશનનો ઉદ્દેશ્ય છે..

સંપાદન-અર્થસંકલનમાં કોઈ ક્ષતિ રહી હોય તો જણાવવા બહુશ્રુત ગીતાર્થોને વિનંતી છે.

ગ્રંથમાં જિનાજ્ઞા વિરુદ્ધ / ગ્રંથકારશ્રીના આશય વિરુદ્ધ કાંઈપણ પ્રતિપાદન થયું હોય તો મિચ્છા મિ દુક્કડમ્.

દ.
ભવ્યસુંદરવિ.
વિ. સં. ૨૦૭૨, શ્રા. સુ. ૧૦,
મહાવીરનગર, હિંમતનગર.

## શ્રુત - રત્ન - નિધિ ગ્રંથમાળા

| પુષ્પ | ગ્રંથો |
|---|---|
| ૧. | વૈરાગ્યશતકાદિ, કુલકો ભાગ-૧, કુલકો ભાગ-૨ |
| ૨. | ઉપદેશમાળા, પુષ્પમાળા, ભવભાવના |
| ૩. | પ્રકરણાદિ, પ્રવચન સારોદ્ધાર, પિંડવિશુદ્ધિ |
| ૪. | આવશ્યકનિર્યુક્તિઆદિ, પંચવસ્તુક, યતિદિનકૃત્ય |
| ૫. | સંબોધ પ્રકરણ, સંબોધસિત્તરિ-પંચસૂત્ર |
| ૬. | શાંત સુધારસ, પ્રશમરતિ, અધ્યાત્મકલ્પદ્રુમ |
| ૭. | જ્ઞાનસાર, અધ્યાત્મસાર, અધ્યાત્મ ઉપનિષદ્ આદિ |
| ૮. | ષોડશક આદિ, યોગબિંદુ આદિ, દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા |
| ૯. | વીતરાગ સ્તોત્ર, સ્તુતિસંગ્રહ |
| ૧૦. | યોગશાસ્ત્ર, યોગસાર આદિ, યતિલક્ષણસમુચ્ચય આદિ |

## ઋણ સ્વીકાર

૧. મૂળ ગ્રંથોના કર્તા - જ્ઞાની પૂર્વ મહર્ષિઓ

૨. આશીર્વાદ - પ્રેરણા - પ્રોત્સાહન - માર્ગદર્શન આપનારા
સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી** મ. સા.
ભવોદધિતારક ગુરુદેવ પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **રત્નસુંદરસૂરીશ્વરજી** મ. સા.
તાર્કિક શિરોમણિ પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **જયસુંદરસૂરીશ્વરજી** મ. સા.

૩. સુંદર પ્રસ્તાવના દ્વારા પ્રકાશનને અલંકૃત કરનાર
શાસન પ્રભાવક પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **મુક્તિવલ્લભસૂરીશ્વરજી** મ. સા.

૪. ગાથાઓની પસંદગી અને સંપાદનકાર્યમાં સહાય કરનાર
પ. પૂ. મુનિ શ્રી **મૃદુસુંદરવિ.** મ. સા.
પ. પૂ. મુનિ શ્રી **નિર્મળસુંદરવિ.** મ. સા.

૫. ઝીણવટપૂર્વક અર્થનું સંશોધન અને પ્રુફરીડિંગ કરનારા
દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય **ગુણરત્નસૂરીશ્વરજી** **મ. સા.**ના પ્રશિષ્યો
પૂ. મુ. શ્રી **ત્રિભુવનરત્નવિ.** મ. સા.
પૂ. મુ. શ્રી **હિતાર્થરત્નવિ.** મ. સા.

૬. જે પ્રકાશનોમાંથી મૂળપાઠ અને ક્યાંક અર્થો પણ લીધા છે, તે પ્રકાશકો અને તેના સંપાદકો

આ બધાની કૃપા - પ્રેરણા - સહાયતાના ફળસ્વરૂપે આ કાર્ય સંભવિત બન્યું છે, તે સહુનો હું અત્યંત ઋણી છું.

મુ. ભવ્યસુંદરવિ.

## સંપૂર્ણ ગ્રંથમાળાના પ્રકાશનનો લાભ

૧. શ્રી મહેસાણા ઉપનગર જૈન સંઘ, મહેસાણા.

૨. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન મંદિર, માલવીયનગર, જયપુર.

૩. શ્રી જવાહરનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, ગોરેગામ (વેસ્ટ), મુંબઈ.

૪. શ્રી દહાણુકરવાડી મહાવીરનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ.

૫. શ્રી શાંતિનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, મીરાં રોડ, જિ. થાણા.

૬. શ્રી નવજીવન શ્વે. મૂ. જૈન સંઘ, નવજીવન સોસાયટી, મુંબઈ.

૭. શ્રી મુલુંડ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, ઝવેર રોડની શ્રાવિકા બહેનો, મુલુંડ (વેસ્ટ), મુંબઈ.

એ જ્ઞાનનિધિમાંથી લીધો છે.
તેમની ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

- પ્રકાશક

આ ગ્રંથનું પ્રકાશન જ્ઞાનદ્રવ્યમાંથી થયું હોવાથી ગૃહસ્થે રૂા. ૩૦ /-
જ્ઞાનખાતે ચૂકવ્યા વિના માલિકી કરવી નહીં.

# શાંતસુધારસ

# સૂક્ત-રત્ન-મંજૂષા

## (સાર્થ)

: આધારગ્રંથકર્તા :

મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજા

| | | |
|---|---|---|
| **ગ્રંથ** | : | શાંતસુધારસ સૂક્તરત્નમંજૂષા (સાર્થ) |
| **આધારગ્રંથ** | : | શાંતસુધારસ |
| **આધારગ્રંથકર્તા** | : | મહો. શ્રી વિનયવિજયજી મહારાજા |
| **અર્થસંકલન** | : | પૂ. મુ. શ્રી ભવ્યસુંદરવિ. મ. સા. |
| **અર્થસંશોધન** | : | દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.ના પ્રશિષ્ય... પ. પૂ. મુ. શ્રી ત્રિભુવનરત્નવિ. મ. સા. |
| **ભાષા** | : | સંસ્કૃત, ગુજરાતી |
| **વિષય** | : | સોળ ભાવના |

## ~~ અનિત્યભાવના ~~

१० आयुर्वायुतरत्तरङ्गतरलं लग्नापदः सम्पदः,
सर्वेऽपीन्द्रियगोचराश्च चटुलाः सन्ध्याऽभ्ररागादिवत् ।
मित्रस्त्रीस्वजनादिसङ्गमसुखं स्वप्नेन्द्रजालोपमं,
तत् किं वस्तु भवे भवेदिह मुदां आलम्बनं यत् सताम् ?॥१॥

આયુષ્ય વાયુની લહરી જેવું ચંચળ છે, સંપત્તિઓને આપત્તિઓ વળગેલી છે, બધા જ ઇન્દ્રિયોના વિષયો સંધ્યાના રંગ જેવા ચંચળ છે. મિત્ર-પત્ની-સ્વજનાદિના સંયોગનું સુખ સ્વપ્ન કે ઇન્દ્રજાળ જેવું આભાસિક છે. તો પછી સજ્જનોને સુખનું કારણ બને, તેવી વસ્તુ આ જગતમાં કઈ છે ?

११ प्रातर्भ्रातरिहावदातरुचयो ये चेतनाचेतना,
दृष्टा विश्वमनःप्रमोदविदुरा भावाः स्वतः सुन्दराः ।
तांस्तत्रैव दिने विपाकविरसान् हा ! नश्यतः पश्यतः,
चेतः प्रेतहतं जहाति न भवप्रेमानुबन्धं मम ॥२॥

હે ભાઈ ! જે જડ કે ચેતન ભાવો સવારે મનોહર કાંતિથી શોભાયમાન, સ્વતઃ સુંદર અને બધાનાં મનને આનંદ આપનારા દેખાતા હતા, તે જ ભાવો તે જ દિવસે નજર સામે જ વિરસ થયેલા - નાશ પામતાં જોવા છતાં પણ મારું મન જાણે કે ભૂત વળગ્યું હોય તેમ સંસારનો રાગ છોડતું નથી.

૧/૧ मूढ ! मुह्यसि मुधा, मूढ ! मुह्यसि मुधा,
विभवमनुचिन्त्य हृदि सपरिवारम् ।
कुशशिरसि नीरमिव गलदनिलकम्पितं,
विनय ! जानीहि जीवितमसारम् ॥३॥

હે મૂઢ ! વૈભવ અને પરિવારની ચિંતા કરીને તું ફોગટ મૂંઝાય છે. હે વિનય ! જીવન તો પવનની લહેરખીથી પડી જતાં, ઘાસની ટોચ પર રહેલા ઝાકળના ટીપાં જેવું ક્ષણિક છે, તેમ જાણ.

૧/૫ सुखमनुत्तरसुरावधि यदतिमेदुरं,
कालतस्तदपि कलयति विरामम् ।
कतरदितरत् तदा वस्तु सांसारिकं,
स्थिरतरं भवति ? चिन्तय निकामम् ॥४॥

અનુત્તર દેવોના આયુષ્ય - ૩૩ સાગરોપમ સુધી રહેનારું ઉત્કૃષ્ટ સુખ પણ કાળ પૂરો થતાં નાશ પામે છે. તો પછી કઈ સાંસારિક વસ્તુ વધારે ટકનારી છે ? તે ઊંડાણથી વિચાર.

૧/૬ यैः समं क्रीडिता ये च भृशमीडिताः,
यैः सहाकृष्महि प्रीतिवादम् ।
तान् जनान् वीक्ष्य बत भस्मभूयङ्गतान्,
निर्विशङ्काः स्म इति धिक् प्रमादम् ! ॥५॥

જેની સાથે રમ્યા, જેની ઘણી પ્રશંસા કરી, જેની સાથે પ્રેમથી વાતો કરી, તે બધાને રાખ થઈ ગયેલા જોવા છતાં પણ અમને જરાય ચિંતા નથી. ધિક્કાર હો, અમારા પ્રમાદને !

१/८ कवलयन्नविरतं जङ्गमाजङ्गमं,
जगदहो ! नैव तृप्यति कृतान्तः ।
मुखगतान् खादतस्तस्य करतलगतैः,
न कथमुपलप्स्यतेऽस्माभिरन्तः ? ॥६॥

ચરાચર જગતને સતત કોળિયો કરતો યમરાજ કદી તૃપ્ત થતો નથી. મોઢામાં આવેલાને તરત ખાઈ જતા એવા યમરાજના હાથમાં પકડાઈ ચૂકેલા અમારો વિનાશ કેમ નહીં થાય ? થશે જ.

१/७ नित्यमेकं चिदानन्दमयमात्मनो,
रूपमभिरूप्य सुखमनुभवेयम् ।
प्रशमरसनवसुधापानविनयोत्सवो,
भवतु सततं सतामिह भवेऽयम् ॥७॥

નિત્ય, એક અને ચિદાનંદમય એવા આત્માનું સ્વરૂપ વિચારીને જ સદા સુખનો અનુભવ કરું. સજ્જનોને આ જગતમાં આ પ્રશમરસરૂપી નવા અમૃતના પાનનો જ મંગળ ઉત્સવ સદા થાઓ.

~~ અશરણભાવના ~~

૧ ये षट्खण्डमहीमहीनतरसा निर्जित्य बभ्राजिरे,
ये च स्वर्गभुजो भुजोर्जितमदा मेदुर्मुदा मेदुराः ।
तेऽपि क्रूरकृतान्तवक्त्ररदनैर्निर्दल्यमाना हठाद्,
अत्राणाः शरणाय हा ! दश दिशः प्रैक्षन्त दीनाननाः ॥८॥

જે પ્રચંડ પરાક્રમથી છ ખંડને જીતવાથી શોભતા હતા તેવા ચક્રવર્તીઓ અને ભુજાબળના અભિમાનથી ગર્વિત થયેલા, સુખભરપૂર જીવનથી આનંદ પામતા હતાં તે દેવેન્દ્રો પણ જ્યારે ક્રૂર યમરાજની દાઢો વડે પકડીને અનિચ્છાએ પણ ચવાયા, ત્યારે અશરણ એવા તેઓ દીન મુખવાળા થઈને શરણની શોધમાં દશે દિશાઓ જોતા હતા.

૨ तावदेव मदविभ्रममाली,
तावदेव गुणगौरवशाली ।
यावदक्षमकृतान्तकटाक्षैः,
नेक्षितो विशरणो नरकीटः ॥९॥

મનુષ્ય ત્યાં સુધી જ જાતિ વગેરેના અભિમાન કે ગુણના ગૌરવને ધારણ કરે છે, જ્યાં સુધી અશરણ એવા તેને નિર્દય યમરાજે કટાક્ષથી જોયો નથી.

२/१ स्वजनजनो बहुधा हितकामं, प्रीतिरसैरभिरामम् ।
मरणदशावशमुपगतवन्तं, रक्षति कोऽपि न सन्तम् ॥
विनय ! विधीयतां रे, श्रीजिनधर्मः शरणम् ।
अनुसन्धीयतां रे, शुचितरचरणस्मरणम् ॥१०॥

અત્યંત હિતેચ્છુ અને પ્રીતિપાત્ર એવો જીવ પણ મરણપથારીએ પડે છે ત્યારે કોઈ સ્વજન તેને બચાવી શકતું નથી. હે વિનય ! જૈનધર્મનું શરણ સ્વીકાર. પવિત્રતમ એવા ચારિત્રને યાદ કરીને આદર.

२/४ विद्यामन्त्रमहौषधिसेवां, सृजतु वशीकृतदेवाम् ।
रसतु रसायनमुपचयकरणं, तदपि न मुञ्चति मरणम् ॥११॥

દેવોને વશ કરનારી વિદ્યા, મંત્ર કે ઔષધિઓને સેવો, પુષ્ટિકર રસાયણોનું સેવન કરો, તો પણ મરણ તમને છોડવાનું નથી.

२/६ सृजतीमसितशिरोरुहललितं, मनुजशिरः सितपलितम् ।
को विदधानां भूघनमरसं, प्रभवति रोद्धुं जरसम् ?॥१२॥

કાળા વાળથી સુંદર એવા મનુષ્યના માથાને ધોળા વાળવાળું અને પળિયા(કરચલી)વાળું કરતી અને શરીરને રસકસ વિનાનું કરતી વૃદ્ધાવસ્થાને અટકાવવા કોણ સમર્થ છે ?

२/७ उद्यत उग्ररुजा जनकायः,
क: स्यात्तत्र सहायः ? ।
एकोऽनुभवति विधुरुपरागं,
विभजति कोऽपि न भागम् ॥१३॥

ઉગ્ર રોગો વડે શરીર ઘેરાઈ જાય, ત્યારે કોણ સહાય કરી શકવાનું છે ? ચંદ્ર એકલો જ ગ્રહણને અનુભવે છે, તેમાં કોઈ ભાગ પડાવતું નથી.

२/८ शरणमेकमनुसर चतुरङ्गं,
परिहर ममतासङ्गम् ।
विनय ! रचय शिवसौख्यनिधानं,
शान्तसुधारपानम् ॥१४॥

હે વિનય ! મમતાના સંગને છોડીને એકમાત્ર દાનાદિ ચાર પ્રકારના ધર્મનું (અથવા અરિહંતાદિ ચારનું) જ શરણ લે. મોક્ષ-સુખના નિધાન એવા શાંતરસનું પાન કર.

~~ સંસારભાવના ~~

१ इतो लोभः क्षोभं जनयति दुरन्तो दव इवो-
ल्लसल्लाभाम्भोभिः कथमपि न शक्यः शमयितुम् ।
इतस्तृष्णाऽक्षाणां तुदति मृगतृष्णेव विफला,
कथं स्वस्थैः स्थेयं विविधभयभीमे भववने ? ॥१५॥

એક બાજુ લોભ રૂપી ભયંકર દાવાનળ હેરાન કરે છે, જે સામગ્રીની પ્રાપ્તિરૂપ ઉછળતાં સમુદ્ર વડે પણ શાંત કરી શકાતો નથી. બીજી બાજુ ઇન્દ્રિયોના સુખોની ઇચ્છા પીડે છે, જે મૃગજળની જેમ કદી તૃપ્ત ન થનારી છે. અનેક ભયોથી ભયાનક એવા આ સંસારરૂપી જંગલમાં શી રીતે સ્વસ્થ રહેવું ?

३ सहित्वा सन्तापानशुचिजननीकुक्षिकुहरे,
ततो जन्म प्राप्य प्रचुरतरकष्टक्रमहतः ।
सुखाभासैर्यावत् स्पृशति कथमप्यर्तिविरतिं,
जरा तावत्कायं कवलयति मृत्योः सहचरी ॥१६॥

અશુચિ ભરપૂર એવી માતાની કુક્ષિમાં ત્રાસ સહન કરીને, જન્મ પામીને, ઘણાં કષ્ટો સહન કરીને કોઈક રીતે હજી તો આભાસિક સુખોથી દુઃખમુક્તિ મેળવે છે, ત્યાં તો મૃત્યુની સખી જેવી વૃદ્ધાવસ્થા શરીરને ગ્રસી જાય છે.

३/१ कलय संसारमतिदारुणं, जन्ममरणादिभयभीत ! रे ।
मोहरिपुणेह सगलग्रहं, प्रतिपदं विपदमुपनीत ! रे ॥१७॥

રે ! જન્મ-મરણાદિ ભયોથી ભયભીત અને મોહશત્રુએ ગળે પકડીને ડગલે-પગલે દુઃખી કરાયેલ આત્મન્ ! સંસાર અતિ દારુણ છે, તે જાણી લે.

३/२ घटयसि क्वचन मदमुन्नतेः, क्वचिदहो ! हीनतादीन रे ।
प्रतिभवं रूपमपरापरं, वहसि बत कर्मणाऽऽधीन ! रे ॥१८॥

અહો ! ક્યારેક ઉન્નતિ થવાથી અભિમાન કરે છે અને ક્યારેક હીનતાથી દીન બને છે. હે જીવ ! દરેક ભવે કર્મને આધીન થઈને તું જુદા જુદા રૂપ ધારણ કરે છે.

३/५ व्रजति तनयोऽपि ननु जनकतां,
तनयतां व्रजति पुनरेष रे ।
भावयन् विकृतिमिति भवगतेः,
त्यजतमां नृभवशुभशेष रे ॥१९॥

પુત્ર પિતા બને છે, પિતા પુત્ર બને છે. સંસારની ગતિની આવી વિચિત્રતાને જાણીને બાકી રહેલા સુંદર એવા મનુષ્યના જીવનમાં તેનો સર્વથા ત્યાગ કર.

३/७ दर्शयन् किमपि सुखवैभवं,
संहरंस्तदथ सहसैव रे ।
विप्रलम्भयति शिशुमिव जनं,
कालबटुकोऽयमत्रैव रे ॥२०॥

કાંઈક સુખ દેખાડીને તરત જ તેને ખેંચી લેતો કાળબટુક આ જગતમાં જીવોને બાળકની જેમ છેતરે છે.

३/८ सकलसंसारभयभेदकं,
जिनवचो मनसि निबधान रे ।
विनय ! परिणमय निःश्रेयसं,
विहितशमरससुधापान रे ॥२१॥

હે વિનય ! સકળ સંસારનો નાશ કરનાર જિનવચનને મનમાં લાવ. શમરસરૂપી અમૃતનું પાન કરીને મોક્ષને પામ.

~~ એકત્વભાવના ~~

३ कृतिनां दयितेति चिन्तनं, परदारेषु यथा विपत्तये ।
विविधार्तिभयावहं तथा, परभावेषु ममत्वभावनम् ॥२२॥

જીવોને જેમ પરસ્ત્રીમાં સ્વપત્નીનો વિચાર દુઃખ માટે થાય છે, તેમ પરપદાર્થોમાં મમત્વ અનેક દુઃખ અને ભયનું જનક છે.

५ एकतां समतोपेताम्, एनामात्मन् ! विभावय ।
लभस्व परमान्द-सम्पदं नमिराजवत् ॥२३॥

હે આત્મન્ ! સમતાથી યુક્ત આ એકત્વની ભાવના કર અને નમિરાજાની જેમ પરમાનંદરૂપી સંપત્તિને પામ.

४/१ विनय ! चिन्तय वस्तुतत्त्वं,
जगति निजमिह कस्य किम् ? ।
भवति मतिरिति यस्य हृदये,
दुरितमुदयति तस्य किम् ? ॥२४॥

હે વિનય ! વાસ્તવિક વસ્તુસ્વરૂપને વિચાર. “આ જગતમાં કોનું શું છે ?” એવી બુદ્ધિ જેના હૃદયમાં થાય છે, તેને શું દુઃખ આવે ? (ન આવે.)

૪/૨ एक उत्पद्यते तनुमान्, एक एव विपद्यते ।
एक एव हि कर्म चिनुते, सैककः फलमश्नुते ॥२५॥

જીવ એકલો જન્મે છે, એકલો જ મરે છે, એકલો જ કર્મ બાંધે છે અને તે એકલો જ ફળને ભોગવે છે.

૪/૩ यस्य यावान् परपरिग्रहः, विविधममतावीवधः ।
जलधिविनिहितपोतयुक्त्या, पतति तावदसावधः ॥२६॥

જેને વિવિધ મમતાથી ભારે થયેલો જેટલો પરપદાર્થનો પરિગ્રહ છે, તે સમુદ્રમાં તરતા મૂકેલા વહાણની જેમ, તેટલો નીચે જાય છે. (વહાણમાં જેટલું વજન હોય તેટલું ઊંડું ડૂબે.)

૪/૪ स्वस्वभावं मद्यमुदितो, भुवि विलुप्य विचेष्टते ।
दृश्यतां परभावघटनात्, पतति विलुठति जृम्भते ॥२७॥

જુઓ ! પરપદાર્થના સંયોગથી દારૂના નશામાં હોય તેમ માણસ પોતાનું સ્વરૂપ ભૂલીને જમીન પર પડે છે, આળોટે છે, ઊંઘે છે, અનેક ચેષ્ટા કરે છે.

૪/૮ रुचिरसमताऽमृतरसं क्षणम्, उदितमास्वादय मुदा ।
विनय ! विषयातीतसुखरस-रतिरुदञ्चतु ते सदा ॥२८॥

હે વિનય ! ક્ષણવાર માટે પણ મળેલા સુંદર એવા સમતારસરૂપી અમૃતનો આનંદથી સ્વાદ લે. (તેનાથી) વિષય-સુખથી ક્યાંય અધિક એવા સમતાસુખની ઈચ્છા હંમેશ માટે તારામાં પ્રગટ થાઓ.

~~ અન્યત્વભાવના ~~

३ यस्मै त्वं यतसे बिभेषि च यतो यत्रानिशं मोदसे,
यद्यच्छोचसि यद्यदिच्छसि हृदा यत्प्राप्य पेप्रीयसे ।
स्निग्धो येषु निजस्वभावममलं निर्लोठ्य लालप्यसे,
तत्सर्वं परकीयमेव भगवन् ! आत्मन्न किञ्चित्तव ॥२९॥

જેને મેળવવા પ્રયત્ન કરે છે, જેનાથી ડરે છે, જેમાં સદા આનંદ પામે છે, જેનો શોક કરે છે, જેને મનથી ઇચ્છે છે, જેને પામીને ખુશ થાય છે, જેના પરના રાગથી નિર્મળ આત્મસ્વભાવને ભૂલીને લવારા કરે છે, તે બધું જ પારકું છે; હે આત્મન્ ! કંઈ જ તારું નથી.

૪ दुष्टाः कष्टकदर्थना कति न ताः सोढास्त्वया संसृतौ ?,
तिर्यङ्नारकयोनिषु प्रतिहतश्छिन्नो विभिन्नो मुहुः ।
सर्वं तत्परकीयदुर्विलसितं विस्मृत्य तेष्वेव हा !,
रज्यन् मुह्यसि मूढ ! तानुपरचन्, आत्मन्न किं लज्जसे ? ॥३०॥

હે જીવ ! સંસારમાં તેં કેટલી દુષ્ટ એવી કષ્ટની પીડાઓ સહન નથી કરી ? તિર્યંચ અને નરકમાં તું વારંવાર હણાયો, કપાયો, વીંધાયો; તે બધો જ પરપદાર્થનો દુષ્પ્રભાવ છે. તેને ભૂલીને પણ અરે ! તું તેમાં જ રાગ કરે છે, મોહ પામે છે, તેને સેવે છે. હે મૂઢ ! શું તને શરમ નથી આવતી ?

૫/૨ येन सहाश्रयसेऽतिविमोहाद्, इदमहमित्यविभेदम् ।
तदपि शरीरं नियतमधीरं, त्यजति भवन्तं धृतखेदम् ॥३१॥

અત્યંત મોહના કારણે જેમાં 'આ હું જ છું' એવો અભેદ માને છે, તે ચંચળ શરીર પણ દુ:ખી એવા તને અવશ્ય છોડી જશે.

૫/૩ जन्मनि जन्मनि विविधपरिग्रहम्,
उपचिनुषे च कुटुम्बम् ।
तेषु भवन्तं परभवगमने,
नानुसरति कृशमपि शुम्बम् ॥३२॥

દરેક ભવમાં અનેક પ્રકારના પરિગ્રહને અને પરિવારને ભેગો કરે છે, પણ પરભવમાં જતી વખતે તેમાંથી મૂલ્યહીન એવું નાનું તણખલું પણ તને અનુસરતું નથી.

૫/૫ पथि पथि विविधपथैः पथिकैः सह,
कुरुते कः प्रतिबन्धम् ? ।
निजनिजकर्मवशैः स्वजनैः सह,
किं कुरुषे ममताबन्धम् ? ॥३३॥

જુદા જુદા રસ્તે જનારા મુસાફરો સાથે રસ્તે રસ્તે કોણ સંબંધ બાંધે ? તો પોતપોતાના કર્મને આધીન (જુદી જુદી ગતિમાં જનારા) સ્વજનો સાથે મમતા શા માટે કરે છે ?

૫/૬ प्रणयविहीने दधदभिष्वङ्गं,
सहते बहुसन्तापम् ।
त्वयि निःप्रणये पुद्गलनिचये,
वहसि मुधा ममतातापम् ॥३४॥

પ્રેમ રહિત સ્ત્રી વગેરે પર રાગ કરનાર માણસ ઘણું દુઃખ જ પામે છે, તેમ તારા પર પ્રેમ વિનાના પૌદ્‌ગલિક પદાર્થો પર ફોગટ મમતા કરીને તું સંતાપ પામે છે.

૫/૮ भज जिनपतिमसहायसहायं, शिवगतिसुगमोपायम् ।
पिब गदशमनं परिहृतवमनं, शान्तसुधारसमनपायम् ॥३५॥

અસહાયના સહાયક અને મોક્ષમાં જવાના સરળ ઉપાયરૂપ એવા જિનેશ્વરની ભક્તિ કર. રોગને શાંત કરનાર અને નુકસાન વગરનું એવું શાંતરસરૂપી અમૃત, ઊલટી કર્યા વગર (ગટગટાવીને) પી લે.

~~ અશુચિભાવના ~~

३ कर्पूरादिभिरर्चितोऽपि लशुनो नो गाहते सौरभं,
नाजन्मोपकृतोऽपि हन्त ! पिशुनः सौजन्यमालम्बते ।
देहोऽप्येष तथा जहाति न नृणां स्वाभाविकीं विस्रतां,
नाभ्यक्तोऽपि विभूषितोऽपि बहुधा पुष्टोऽपि विश्वस्यते ॥३६॥

લસણને કપૂરથી વાસિત કરો તો ય દુર્ગંધ ન છોડે. આજીવન ઉપકાર કરો તો ય દુર્જન, સજ્જન ન બને. તેમ મનુષ્યનું આ શરીર પણ પોતાનાં સ્વાભાવિક દુર્ગંધીપણાંને છોડતું નથી. તેનું વિલેપન કરો, શણગાર કરો, અનેક રીતે પુષ્ટ કરો તો પણ વિશ્વાસને યોગ્ય બનતું નથી. (પાછું વિરૂપ થઈ જ જાય છે.)

૪ यदीयसंसर्गमवाप्य सद्यो,
भवेच्छुचीनामशुचित्वमुच्चैः ।
अमेध्ययोनेः वपुषोऽस्य शौच-
संकल्पमोहोऽयमहो ! महीयान् ॥३७॥

જેના સંપર્કને પામીને પવિત્ર પદાર્થો પણ તરત જ અપવિત્ર થઈ જાય છે, તેવા અશુચિના જન્મસ્થાન એવા આ શરીરને પવિત્ર કરવાની ઈચ્છા, એ અહો ! મહામોહ છે.

૬/૨ भजति सचन्द्रं शुचिताम्बूलं,
कर्तुं मुखमारुतमनुकूलम् ।
तिष्ठति सुरभि कियन्तं कालं,
मुखमसुगन्धि जुगुप्सितलालम् ॥३८॥

મોઢાના ઉચ્છ્વાસને સુગંધી કરવા કપૂર સહિતના સુગંધી પાન ચાવે છે, પણ દુર્ગંધી અને જુગુપ્સનીય લાળ ઝરતું મોઢું કેટલો કાળ સુગંધી રહે છે ?

૬/૩ द्वादश नव रन्ध्राणि निकामं,
गलदशुचीनि न यान्ति विरामम् ।
यत्र वपुषि तत् कलयसि पूतं,
मन्ये तव नूतनमाकूतम् ॥३९॥

જે શરીરમાં સતત અશુચિને ઝરાવતાં સ્ત્રીને ૧૨ અને પુરુષને ૯ છિદ્રો છે, તેને તું પવિત્ર માને છે, એ તારી કોઈ અજાયબ માન્યતા છે.

૬/૫ अशितमुपस्करसंस्कृतमन्नं,
जगति जुगुप्सां जनयति हन्नम् ।
पुंसवनं धैनवमपि लीढं,
भवति विगर्हितमति जनमीढम् ॥४०॥

મરી-મસાલાથી ભરપૂર અન્ન પણ ખાધા પછી વિષ્ઠારૂપ થઈને જગતમાં જુગુપ્સા જ ઉત્પન્ન કરે છે. ગાયનું દૂધ પણ પીધા પછી અત્યંત જુગુપ્સનીય મૂત્ર જ થઈ જાય છે.

૬/૭ केवलमलमयपुद्गलनिचये,
अशुचीकृतशुचिभोजनसिचये ।
वपुषि विचिन्तय परमिह सारं,
शिवसाधनसामर्थ्यमुदारम् ॥४१॥

માત્ર મળરૂપી પુદ્ગલના સમૂહરૂપ, પવિત્ર ભોજન અને વસ્ત્રને પણ અપવિત્ર કરનાર એવા આ શરીરમાં મોક્ષની સાધના કરવાનું જે સુંદર સામર્થ્ય છે, તે જ તેનો શ્રેષ્ઠ સાર છે.

६/८ येन विराजितमिदमतिपुण्यं,
तच्चिन्तय चेतन ! नैपुण्यम् ।
विशदागममधिगम्य निपानं,
विरचय शान्तसुधारसपानम् ॥४२॥

હે ચેતન ! જેનાથી આ પુણ્યરૂપ શરીર શોભે છે, તે નિપુણતા(જ્ઞાન)ને વિચાર. વિશાળ આગમરૂપી તળાવને પામીને શાંતરસરૂપી અમૃતનું પાન કર.

~~ આશ્રવભાવના ~~

३ मिथ्यात्वाविरतिकषाययोगसञ्ज्ञाः,
चत्वारः सुकृतिभिराश्रवाः प्रदिष्टाः ।
कर्माणि प्रतिसमयं स्फुटैरमीभिः,
बध्नन्तो भ्रमवशतो भ्रमन्ति जीवाः ॥४३॥

જ્ઞાનીઓએ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર આશ્રવો કહ્યા છે. અજ્ઞાનથી આ આશ્રવો વડે પ્રત્યેક સમયે કર્મ બાંધતા જીવો સંસારમાં રખડે છે.

४ इन्द्रियाव्रतकषाययोगजाः, पञ्च पञ्च चतुरन्वितास्त्रयः ।
पञ्चविंशतिरसत्क्रिया इति, नेत्रवेदपरिसंख्ययाऽप्यमी ॥४४॥

૫ ઈન્દ્રિય, ૫ અવિરતિ, ૪ કષાય અને ૩ યોગજન્ય તથા પચ્ચીસ અસત્ક્રિયા; એમ બેંતાલીશ આશ્રવો છે.

७/३ अविरतचित्ता रे, विषयवशीकृता, विषहन्ते विततानि ।
इहपरलोके रे, कर्मविपाकजान्यविरलदुःखशतानि ॥४५॥

વિષયને વશ થયેલા અવિરત ચિત્તવાળા જીવો આલોક પરલોકમાં કર્મજન્ય સેંકડો મોટાં નિરંતર દુઃખો સહન કરે છે.

७/४ करिझषमधुपा रे, शलभमृगादयो, विषयविनोदरसेन ।
हन्त लभन्ते रे, विविधा वेदना, बत परिणतिविरसेन ॥४६॥

હાથી, માછલું, ભ્રમર, પતંગિયું અને હરણ વગેરે વિપાકકટુક એવા ઈન્દ્રિયોના વિષયોના સુખની આસક્તિના કારણે અનેક વેદના સહન કરે છે.

७/५ उदितकषाया रे, विषयवशीकृता, यान्ति महानरकेषु ।
परिवर्तन्ते रे, नियतमनन्तशो, जन्मजरामरणेषु ॥४७॥

વિષયને વશ થયેલા અને કષાયગ્રસ્ત થયેલા જીવો મહાનરકમાં જાય છે અને અવશ્ય અનંતવાર જન્મ-જરા-મરણ કરે છે.

७/६ मनसा वाचा रे, वपुषा चञ्चला, दुर्जयदुरितभरेण ।
उपलिप्यन्ते रे, तत आश्रवजये, यततां कृतमपरेण ॥४८॥

મન, વચન અને કાયાથી ચંચળ એવા જીવોને દુર્જય એવો પાપનો સમૂહ બંધાય છે, એટલે બીજું બધું છોડીને આશ્રવ પર વિજય મેળવવા પ્રયત્ન કરો.

૭/૮ मोदस्वैवं रे, साश्रवपाप्मनां, रोधे धियमाधाय ।
शान्तसुधारसपानमनारतं, विनय ! विधाय विधाय ॥४९॥

હે વિનય ! આ પ્રમાણે આશ્રવ યુક્ત પાપક્રિયાઓના નિરોધનું પ્રણિધાન કરીને સતત શાંતરસરૂપી અમૃતનું પાન કરીને સુખ પામ.

~~ સંવરભાવના ~~

२ संयमेन विषयाविरतत्वे,
दर्शनेन वितथाभिनिवेशम् ।
ध्यानमार्त्तमथ रौद्रमजस्त्रं,
चेतसः स्थिरतया च निरुन्ध्याः ॥५०॥

સંયમથી વિષયો અને અવિરતિ, સમ્યગ્દર્શનથી વિપરીત પકડ, ચિત્તની સતત સ્થિરતાથી આર્ત-રૌદ્ર ધ્યાનનો નિરોધ કર.

३ क्रोधं क्षान्त्या मार्दवेनाभिमानं,
हन्या मायामार्जवेनोज्ज्वलेन ।
लोभं वारां राशिरौद्रं निरुन्ध्याः,
संतोषेण प्रांशुना सेतुनेव ॥५१॥

ક્રોધને ક્ષમાથી, અભિમાનને મૃદુતાથી, માયાને ઉચ્ચ કોટિની સરળતાથી હણો. સમુદ્ર જેવા રૌદ્ર લોભનો સંતોષરૂપી ઊંચા પુલથી નિરોધ કર.

८/१ शृणु शिवसुखसाधनसदुपायं,
शृणु शिवसुखसाधनसदुपायम् ।
ज्ञानादिकपावनरत्नत्रय-
परमाराधनमनपायम् ॥५२॥

મોક્ષસુખના કારણરૂપ સાચા ઉપાયને સાંભળો. જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી રત્નત્રયીની અખંડ આરાધના એ જ તેનો નિર્દોષ ઉપાય છે.

८/२ विषयविकारमपाकुरु दूरं,
क्रोधं मानं सहमायम् ।
लोभं रिपुं च विजित्य सहेलं,
भज संयमगुणमकषायम् ॥५३॥

વિષયના વિકારને દૂર કર. ક્રોધ, માન, માયા અને લોભરૂપી શત્રુને જીતીને પછી નિષ્કષાય ચારિત્રને સહેલાઈથી આરાધ.

८/६ ब्रह्मव्रतमङ्गीकुरु विमलं, बिभ्राणं गुणसमवायम् ।
उदितं गुरुवदनादुपदेशं, संगृहाण शुचिमिव रायम् ॥५४॥

ગુણના સમૂહના આધારભૂત નિર્મળ બ્રહ્મચર્ય પાળ. ગુરુના મુખેથી નીકળેલા ઉપદેશને પવિત્ર નિધાનની જેમ ગ્રહણ કર.

८/७ संयमवाङ्मयकुसुमरसैरति-सुरभय निजमध्यवसायम् ।
चेतनमुपलक्षय कृतलक्षण-ज्ञानचरणगुणपर्यायम् ॥५५॥

સંયમ અને શાસ્ત્રાભ્યાસરૂપી પુષ્પોના અત્તરથી પોતાના અધ્યવસાયને સુગંધિત કર. જ્ઞાન-ચારિત્રરૂપી ગુણ-પર્યાય જેનું લક્ષણ બતાવાયું છે, તેવા આત્માને ઓળખ.

૮/૮ वदनमलङ्कुरु पावनरसनं, जिनचरितं गायं गायम् ।
सविनय ! शान्तसुधारसमेनं, चिरं नन्द पायं पायम् ॥५६॥

હે વિનયવંત ! જીભને પવિત્ર કરનાર જિનેશ્વરોના ચરિત્રને વારંવાર ગાઈને જીભને પવિત્ર કર, મુખને શોભિત કર. આ શાંતરસરૂપી અમૃતને વારંવાર પીને દીર્ઘકાળ આનંદ પામ.

~~ નિર્જરાભાવના ~~

૪ निकाचितानामपि कर्मणां यद्,
गरीयसां भूधरदुर्धराणाम् ।
विभेदने वज्रमिवातितीव्रं,
नमोऽस्तु तस्मै तपसेऽद्भुताय ॥५७॥

મોટા પર્વત જેવા દુર્ભેદ્ય અને નિકાચિત પણ કર્મોને ભેદવામાં જે વજ્ર જેવું તીક્ષ્ણ છે, તે અદ્‌ભુત તપને નમસ્કાર થાઓ.

૫ किमुच्यते सत्तपसः प्रभावः ?,
कठोरकर्मार्जितकिल्बिषोऽपि ।
दृढप्रहारीव निहत्य पापं,
यतोऽपवर्गं लभतेऽचिरेण ॥५८॥

સમ્યક્ તપનો પ્રભાવ શું કહીએ ? ક્રૂર કર્મથી પાપ બાંધનાર જીવ પણ દૃઢપ્રહારીની જેમ તપથી પાપનો નાશ કરીને શીઘ્ર મોક્ષ પામે છે.

९/१ विभावय विनय ! तपोमहिमानं,
विभावय विनय ! तपोमहिमानं ।
बहुभवसञ्चितदुष्कृतममुना,
लभते लघु लघिमानम् ॥५९॥

હે વિનય ! તપનો મહિમા વિચાર. ઘણાં ભવોમાં ભેગાં કરેલાં પાપો પણ આ તપ વડે તરત જ હળવા થઈ જાય છે. (ઘટી જાય છે અથવા તેના સ્થિતિ-રસ ઘટે છે.)

९/२ याति घनाऽपि घनाघनपटली, खरपवनेन विरामम् ।
भजति तथा तपसा दुरिताली, क्षणभङ्गुरपरिणामम् ॥६०॥

પ્રચંડ પવનથી ઘનઘોર વાદળો પણ વિખરાઈ જાય છે, તેમ તપથી પાપોનો સમૂહ પણ નાશ પામે છે.

९/३ वाञ्छितमाकर्षति दूरादपि, रिपुमपि व्रजति वयस्यम् ।
तप इदमाश्रय निर्मलभावाद्, आगमपरमरहस्यम् ॥६१॥

તપ દૂરથી પણ ઈચ્છિત વસ્તુ ખેંચી લાવે છે. શત્રુને મિત્ર બનાવે છે. આગમના શ્રેષ્ઠ સારભૂત એવા આ તપને નિર્મળ ભાવથી આરાધ.

९/६ शमयति तापं गमयति पापं, रमयति मानसहंसम् ।
हरति विमोहं दूरारोहं, तप इति विगताशंसम् ॥६२॥

આશંસા વિનાનો તપ તાપ શમાવે, પાપ દૂર કરે, મનરૂપી હંસને પ્રસન્ન કરે, દુર્જેય મોહને જીતે છે.

९/८ कर्मगदौषधमिदमिदमस्य च,
जिनपतिमतमनुपानम् ।
विनय ! समाचर सौख्यनिधानं,
शान्तसुधारसपानम् ॥६३॥

તપ એ કર્મરૂપી રોગનું ઔષધ છે. જિનેશ્વરોએ કહેલ તેના અનુપાનરૂપ અને સુખના ભંડારરૂપ આ શાંતસુધારસનું પાન કર.

~~ ધર્મસ્વાખ્યાતભાવના ~~

६ त्रैलोक्यं सचराचरं विजयते यस्य प्रसादादिदं,
योऽत्रामुत्र हितावहस्तनुभृतां सर्वार्थसिद्धिप्रदः ।
येनानर्थकदर्थना निजमहःसामर्थ्यतो व्यर्थिता,
तस्मै कारुणिकाय धर्मविभवे भक्तिप्रणामोऽस्तु मे ॥६४॥

જેની કૃપાથી આ ચરાચર ત્રણે લોક જીતાય છે; જે જીવોને આભવ-પરભવમાં હિતકર છે, સર્વ કાર્યને સિદ્ધ કરનાર છે; જેણે પોતાના તેજના સામર્થ્યથી અનર્થોની પીડાઓ દૂર કરી છે; તે કરુણાવંત ધર્મરાજાને મારા ભક્તિપૂર્વક પ્રણામ થાઓ.

७ प्राज्यं राज्यं सुभगदयिता नन्दना नन्दनानां,
रम्यं रूपं सरसकविताचातुरी सुस्वरत्वम् ।
नीरोगत्वं गुणपरिचयः सज्जनत्वं सुबुद्धिः,
किं नु ब्रूमः फलपरिणतिं धर्मकल्पद्रुमस्य ? ॥६५॥

વિશાળ રાજ્ય, સુશીલ પત્ની, પુત્રોને ત્યાં પણ પુત્રો, સુંદર રૂપ, સરસ કાવ્યશક્તિ, મધુર સ્વર, નીરોગિતા, ગુણોનો અભ્યાસ, સજ્જનતા, સદ્‌બુદ્ધિ... ધર્મરૂપ કલ્પવૃક્ષના કયા ફળો કહીએ ?

१०/२ पालय पालय मां जिनधर्म !
सिञ्चति पयसा जलधरपटली, भूतलममृतमयेन ।
सूर्याचन्द्रमसावुदयेते, तव महिमाऽतिशयेन ॥६६॥

હે જૈન ધર્મ ! મારું રક્ષણ કર. તારા અતિશયવંત પ્રભાવથી જ વાદળો ધરતીને અમૃતમય પાણીથી સિંચે છે, સૂર્ય-ચંદ્ર ઊગે છે.

१०/३ निरालम्बमियमसदाधारा, तिष्ठति वसुधा येन ।
तं विश्वस्थितिमूलस्तम्भं, त्वां सेवे विनयेन ॥६७॥

જેના કારણે આ નિરાધાર પૃથ્વી પણ વગર ટેકે સ્થિર રહે છે, તેવા સંપૂર્ણ વિશ્વની સ્થિતિના મૂળભૂત આધાર એવા તારી હું વિનયથી સેવા કરું છું.

१०/४ बन्धुरबन्धुजनस्य दिवानिशम्, असहायस्य सहायः ।
भ्राम्यति भीमे भवगहनेऽङ्गी, त्वां बान्धवमपहाय ॥६८॥

મિત્ર વગરનાઓનો મિત્ર, અસહાયના દિનરાત સહાયક એવા તારા જેવા મિત્રને છોડીને જીવ સંસારરૂપ ઘોર જંગલમાં રખડે છે.

१०/७ द्रङ्गति गहनं जलति कृशानुः,
स्थलति जलधिरचिरेण ।
तव कृपयाऽखिलकामितसिद्धिः,
बहुना किं नु परेण ? ॥६९॥

જંગલ પણ તરત જ નગર બની જાય, અગ્નિ પાણી બની જાય, સમુદ્ર જમીન થઈ જાય, તારી કૃપાથી બધા જ ઇચ્છિત સિદ્ધ થઈ જાય.. બીજા બધાથી શું ?

१०/८ सर्वतन्त्रनवनीत ! सनातन !,
सिद्धिसदनसोपान ! ।
जय जय विनयवतां प्रतिलम्भित-
शान्तसुधारसपान ! ॥७०॥

સર્વ શાસ્ત્રોનો સાર, શાશ્વત, મોક્ષરૂપી મહેલની સીડી, વિનયવંત જીવોને શાંતસુધારસનું પાન કરાવનાર હે ધર્મ ! તારો જય હો ! જય હો !

~~ લોકસ્વરૂપભાવના ~~

૪ यो वैशाखस्थानकस्थायिपादः,
श्रोणीदेशे न्यस्तहस्तद्वयश्च ।
कालेऽनादौ शश्वदूर्ध्वंदमत्वाद्,
बिभ्राणोऽपि श्रान्तमुद्रामखिन्नः ॥७१॥

'વૈશાખ' આસનમાં (પહોળા) કરેલા પગવાળા, કમર પર બંને હાથ રાખેલા, અનાદિ કાળથી સદા ઊભો હોવાથી થાકેલા મોઢાવાળો દેખાવા છતાં જે ખિન્ન નથી...

૫ सोऽयं ज्ञेयः पुरुषो लोकनामा,
षड्द्रव्यात्माऽकृत्रिमोऽनाद्यनन्तः ।
धर्माधर्माकाशकालात्मसञ्ज्ञैः,
द्रव्यैः पूर्णः सर्वतः पुद्गलैश्च ॥७२॥

તે આ લોક નામનો પુરુષ ષડ્દ્રવ્યરૂપ, શાશ્વત, અનાદિ અનંત, ધર્મ-અધર્મ-આકાશ-કાળ અને જીવ નામના દ્રવ્યો અને પુદ્ગલથી બધી બાજુએ સંપૂર્ણ ભરેલો જાણવો.

૧૧/૪ विनय ! विभावय शाश्वतं हृदि लोकाकाशम् ।
एकरूपमपि पुद्गलैः, कृतविविधविवर्तम् ।
काञ्चनशैलशिखरोन्नतं, क्वचिदवनतगर्तम् ॥७३॥

વિનય ! આ લોક એક જ રૂપવાળું હોવા છતાં પુદ્ગલો દ્વારા અનેક આકારનું કરાય છે. ક્યાંક મેરુપર્વતના શિખર જેવું ઊંચું, ક્યાંક ખાઈ જેવું નીચું છે. એવા આ શાશ્વત લોકને હૃદયમાં વિચાર.

११/५ क्वचन तविषमणिमन्दिरैः, उदितोदितरूपम् ।
घोरतिमिरनरकादिभिः, क्वचनातिविरूपम् ॥७४॥

ક્યાંક દેવોના રત્નના મંદિરો(દેવવિમાનો)ના કારણે તેજસ્વી રૂપવાળું છે. ક્યાંક ઘોર અંધારી નરકોના કારણે અત્યંત વિરૂપ છે...

११/६ क्वचिदुत्सवमयमुज्ज्वलं, जयमङ्गलनादम् ।
क्वचिदमन्दहाहारवं, पृथुशोकविषादम् ॥७५॥

ક્યાંક ઉત્સવમય, ઉજ્જ્વળ, જય-મંગલના અવાજોવાળું છે; ક્યાંક તીવ્ર ચીસોવાળું, ઘણાં શોક-દુઃખવાળું છે...

११/७ बहुपरिचितमनन्तशो, निखिलैरपि सत्त्वैः ।
जन्ममरणपरिवर्तिभिः, कृतमुक्तममत्वैः ॥७६॥

જન્મ અને મરણમાં પરિવર્તન કરનારા, મમત્વને કરનારા અને છોડનારા બધા જીવોએ અનંતવાર અત્યંત પરિચિત કરેલું છે.

११/६ इह पर्यटनपराङ्मुखाः, प्रणमत भगवन्तम् ।
शान्तसुधारसपानतो, धृतविनयमवन्तम् ॥७७॥

આ લોકમાં રખડવાથી થાકેલા જીવો ! શાંતસુધારસ પીવડાવવા વડે વિનયી જીવોનું રક્ષણ કરનારા ભગવાનને પ્રણામ કરો.

~~ બોધિદુર્લભભાવના ~~

१ यस्माद्विस्मापयितसुमनःस्वर्गसंपद्विलास-
प्राप्तोल्लासाः पुनरपि जनिः सत्कुले भूरिभोगे ।
ब्रह्माद्वैतप्रगुणपदवीप्रापकं निःसपत्नं,
तद्दुष्प्रापं भृशमुरुधियः ! सेव्यतां बोधिरत्नम् ॥७८॥

જેના કારણે વિસ્મયકારક એવી દેવોની સ્વર્ગીય સંપત્તિના ભોગવવાથી મળતું સુખ અને ફરી સમૃદ્ધિભરપૂર સત્કુળોમાં જન્મ મળે, તેવા મોક્ષપદવીના પ્રાપક, અજોડ, દુર્લભ એવા બોધિરત્નને હે બુદ્ધિમાન્ જીવો ! તમે અત્યંત આરાધો.

६ यावद्देहमिदं गदैर्न मृदितं नो वा जराजर्जरम्,
यावत्त्वक्षकदम्बकं स्वविषयज्ञानावगाहक्षमम् ।
यावच्चायुरभङ्गुरं निजहिते तावद्बुधैः यत्यतां,
कासारे स्फुटिते जले प्रचलिते पालिः कथं बध्यते ? ॥७९॥

જ્યાં સુધી આ શરીર રોગો વડે ગળી ગયું નથી, વૃદ્ધાવસ્થાથી ખખડી ગયું નથી; જ્યાં સુધી ઇન્દ્રિયો પોતાના વિષયનું જ્ઞાન કરવા સમર્થ છે; જ્યાં સુધી આયુષ્ય તૂટ્યું નથી; ત્યાં સુધી જ્ઞાનીઓ ! આત્મહિતમાં પ્રયત્ન કરી લો. તળાવ તૂટી જાય, પાણી વહેવા માંડે પછી પાળ કેમ બંધાય ?

१२/२ चक्रिभोज्यादिरिव नरभवो दुर्लभो,
भ्राम्यतां घोरसंसारकक्षे ।
बहुनिगोदादिकायस्थितिव्यायते,
मोहमिथ्यात्वमुखचोरलक्षे ॥८०॥

નિગોદ વગેરે અનેક જીવોની કાયસ્થિતિથી દીર્ઘ અને મોહ-મિથ્યાત્વ વગેરે લાખો ચોર જેમાં છે તેવા ઘોર સંસારરૂપી જંગલમાં રખડતાં જીવને મનુષ્યભવ ચક્રવર્તીના ભોજનની જેમ દુર્લભ છે.

१२/३ लब्ध इह नरभवोऽनार्यदेशेषु यः,
स भवति प्रत्युतानर्थकारी ।
जीवहिंसादिपापाश्रवव्यसनिनां,
माघवत्यादिमार्गानुसारी ॥८१॥

અહીં અનાર્યદેશમાં મળેલો મનુષ્યભવ તો ઊલટો અનર્થકર છે. જીવહિંસા વગેરે પાપ કરવાની ટેવવાળાને માઘવતી (સાતમી) વગેરે નરકમાં લઈ જનાર છે.

१२/४ आर्यदेशस्पृशामपि सुकुलजन्मनां,
दुर्लभा विविदिषा धर्मतत्त्वे ।
रतपरिग्रहभयाहारसञ्ज्ञार्तिभिः,
हन्त ! मग्नं जगद्दुःस्थितत्वे ॥८२॥

આર્યદેશમાં, સુકુલમાં જન્મેલાને પણ મૈથુન-પરિગ્રહ-ભય-આહાર સંજ્ઞાની પીડાથી દુઃખમાં ડૂબેલા એવા જગતમાં ધર્મતત્ત્વને જાણવાની ઈચ્છા દુર્લભ છે.

१२/५ विविदिषायामपि श्रवणमतिदुर्लभं,
धर्मशास्त्रस्य गुरुसन्निधाने ।
वितथविकथादितत्तद्रसावेशतो,
विविधविक्षेपमलिनेऽवधाने ॥८३॥

જાણવાની ઈચ્છા હોય તો ય, વિકથા વગેરે તેવા તેવા વિપરીત રસના કારણે અનેક પ્રકારના વિક્ષેપથી ગ્રસ્ત ચિત્ત હોવાથી ગુરુ ભગવંત પાસે ધર્મશાસ્ત્રનું શ્રવણ મળવું દુર્લભ છે.

१२/८ एवमतिदुर्लभात् प्राप्य दुर्लभतमं,
बोधिरत्नं सकलगुणनिधानम् ।
कुरु गुरुप्राज्यविनयप्रसादोदितं,
शान्तरससरसपीयूषपानम् ॥८४॥

આમ, અતિદુર્લભથી પણ દુર્લભતમ એવું, સકલ ગુણોના ભંડારરૂપ બોધિરત્ન પામીને, ગુરુ ભગવંતે ઉત્તમ વિનયથી પ્રસન્ન થઈને આપેલા શાંતરસરૂપી સુંદર અમૃતનું પાન કરો.

~~ મૈત્રીભાવના ~~

૪ सर्वत्र मैत्रीमुपकल्पयात्मन् !,
चिन्त्यो जगत्यत्र न कोऽपि शत्रुः ।
कियद्दिनस्थायिनि जीवितेऽस्मिन्,
किं खिद्यते वैरिधिया परस्मिन् ? ॥८५॥

હે આત્મન્ ! બધે જ મૈત્રી વિચાર. આ જગતમાં કોઈને શત્રુ ન માનવો. કેટલાક દિવસ જ રહેનારા આ જીવનમાં બીજા પર શત્રુની બુદ્ધિથી શા માટે દુઃખી થાય છે ?

८ या रागरोषादिरुजो जनानां,
शाम्यन्तु वाक्कायमनोद्रुहस्ताः ।
सर्वेऽप्युदासीनरसं रसन्तु,
सर्वत्र सर्वे सुखिनो भवन्तु ॥८६॥

લોકોના મન-વચન-કાયાના શત્રુ એવા રાગ-દ્વેષ વગેરે રોગો શાંત થાઓ. બધા જ ઉદાસીનભાવ ધારણ કરો. સર્વત્ર બધા સુખી થાઓ.

१३/२ विनय ! विचिन्तय मित्रतां ।
सर्वे ते प्रियबान्धवा, न हि रिपुरिह कोऽपि ।
मा कुरु कलिकलुषं मनो, निजसुकृतविलोपि ॥८७॥

હે વિનય ! મિત્રતાને વિચાર. બધા જ તારા પ્રિય મિત્રો છે. અહીં કોઈ શત્રુ નથી. મનને ક્લેશથી કલુષિત કરીને તારા સુકૃતનો નાશ કરનાર ન કર.

१३/३ यदि कोपं कुरुते परो, निजकर्मवशेन ।
अपि भवता किं भूयते, हृदि रोषवशेन ? ॥८८॥

જો બીજો પોતાના કર્મને આધીન થઈને ગુસ્સો કરે છે, તો તું શા માટે હૃદયમાં ક્રોધને વશ થાય છે ?

१३/४ अनुचितमिह कलहं सतां, त्यज समरसमीन ! ।
भज विवेककलहंसतां, गुणपरिचयपीन ! ॥८९॥

હે સમતારસમાં ડૂબેલ મત્સ્ય જેવા જીવ ! સજ્જનોને અનુચિત એવો કલહ છોડી દે. ગુણના અભ્યાસથી પુષ્ટ એવા જીવ ! વિવેકવંત રાજહંસ જેવો બન.

१३/६ सकृदपि यदि समतालवं, हृदयेन लिहन्ति ।
विदितरसास्तत इह रतिं, स्वत एव वहन्ति ॥९०॥

જો એકવાર પણ સમતાનો અંશ હૃદયથી ચાખે, તો તેના સ્વાદને જાણી ગયેલા પોતે જ તેમાં રતિ કરે.

१३/८ परमात्मनि विमलात्मनां, परिणम्य वसन्तु ।
विनय ! समामृतपानतो, जनता विलसन्तु ॥९१॥

નિર્મળ આત્માઓના મન, પરમાત્મામાં જ પરિણમીને રહો. હે વિનય ! સમતારૂપ અમૃતના પાનથી જીવો સુખી થાઓ.

~~ પ્રમોદભાવના ~~

६ जिह्वे ! प्रह्वीभव त्वं सुकृतिसुचरितोच्चारणे सुप्रसन्ना,
भूयास्तामन्यकीर्त्तिश्रुतिरसिकतया मेऽद्य कर्णौ सुकर्णौ ।
वीक्ष्यान्यप्रौढलक्ष्मीं द्रुतमुपचिनुतं लोचने रोचनत्वं,
संसारेऽस्मिन्नसारे फलमिति भवतां जन्मनो मुख्यमेव ॥९२॥

હે જીભ ! તું સજ્જનોના સુકૃતોને બોલવામાં પ્રસન્ન થઈને અનુકૂળ થા.. મારા કાન આજે બીજાની કીર્તિને સાંભળવામાં રસિક થઈને સુકર્ણ થાઓ. બીજાની ભરપૂર સમૃદ્ધિને જોઈને મારી આંખોમાં તરત આનંદ આવો. આ અસાર સંસારમાં તમારા જન્મનું આ જ મુખ્ય ફળ છે.

७ प्रमोदमासाद्य गुणैः परेषां,
येषां मतिर्मज्जति साम्यसिन्धौ ।
देदीप्यते तेषु मनःप्रसादो,
गुणास्तथैते विशदीभवन्ति ॥९३॥

બીજાના ગુણોથી આનંદ પામીને જેમની મતિ સમતાના સમુદ્રમાં મગ્ન બને છે, તેમનામાં મનની પ્રસન્નતા તેજસ્વી બને છે અને અનુમોદના કરાયેલા ગુણો પ્રગટ થાય છે.

१४/३ येषां मन इह विगतविकारं,
ये विदधति भुवि जगदुपकारं ।
तेषां वयमुचिताचरितानां,
नाम जपामो वारंवारम् ॥९४॥

જેમનું મન વિકારરહિત છે, જે જગત પર ઉપકાર કરે છે, તે ઉચિત આચરણ કરનારાઓનું નામ અમે વારંવાર જપીએ છીએ.

१४/५ अदधुः केचन शीलमुदारं,
गृहिणोऽपि परिहृतपरदारम् ।
यश इह सम्प्रत्यपि शुचि तेषां,
विलसति फलिताफलसहकारम् ॥९५॥

કેટલાક ગૃહસ્થોએ પણ પરસ્ત્રીને ત્યાગીને ઉત્તમ શીલ પાળ્યું. તેમનો પવિત્ર યશ ફળેલા વાંઝિયા આમ્રવૃક્ષની જેમ આજે પણ પ્રસરી રહ્યો છે.

१४/६ या वनिता अपि यशसा साकं,
कुलयुगलं विदधति सुपताकम् ।
तासां सुचरितसञ्चितराकं,
दर्शनमपि कृतसुकृतविपाकम् ॥९६॥

જે સ્ત્રીઓ પણ પોતાના બંને કુળને યશની ધજાપતાકાવાળું કરે છે; સદાચરણથી સંચિત કરેલ પૂનમની ચાંદની જેવું તેમનું દર્શન પણ પુણ્યનું ફળ છે.

१४/७ तात्त्विकसात्त्विकसुजनवतंसाः,
केचन युक्तिविवेचनहंसाः ।
अलमकृषत किल भुवनाभोगं,
स्मरणममीषां कृतशुभयोगम् ॥९७॥

તાત્ત્વિક-સાત્ત્વિક સજ્જનોમાં પણ અગ્રગણ્ય અને સુતર્કને પારખવામાં હંસ સમાન કેટલાકે ત્રણે ભુવનને શોભાવ્યું. તેમનું સ્મરણ પણ શુભ યોગરૂપ છે.

१४/८ इति परगुणपरिभावनसारं,
सफलय सततं निजमवतारम् ।
कुरु सुविहितगुणनिधिगुणगानं,
विरचय शान्तसुधारसपानम् ॥९८॥

આ રીતે પોતાના અવતારને સતત બીજાના ગુણોનું ભાવન કરીને સફળ કરો. સુવિહિત ગુણવંતોના ગુણનું ગાન કરીને શાંતરસરૂપી અમૃતનું પાન કરો.

~~ કરુણાભાવના ~~

२ उपायानां लक्षैः कथमपि समासाद्य विभवं,
भवाभ्यासात्तत्र ध्रुवमिति निबध्नाति हृदयम् ।
अथाकस्मादस्मिन् विकिरति रजः क्रूरहृदयो,
रिपुर्वा रोगो वा भयमुत जरा मृत्युरथवा ॥९९॥

લાખો ઉપાયો કરીને કોઈક રીતે વૈભવ મેળવ્યા પછી સંસારના(=અનાદિના) સંસ્કારથી ત્યાં એને સદા રહેનારું માનીને રાગ કરે છે. પણ પછી ક્રૂરહૃદયી શત્રુ, રોગ, ભય, વૃદ્ધાવસ્થા કે મૃત્યુ અચાનક તેના પર ધૂળ ફેરવી દે છે.

૬ शृण्वन्ति ये नैव हितोपदेशं,
न धर्मलेशं मनसा स्पृशन्ति ।
रुजः कथङ्कारमथापनेयाः,
स्तेषामुपायस्त्वयमेक एव ॥१००॥

જે હિતોપદેશ સાંભળતા જ નથી, ધર્મનો અંશ પણ મનથી કરતા નથી, તેમના કર્મરૂપ રોગો કઈ રીતે દૂર કરવા ? કારણ કે તેનો ઉપાય તો એકમાત્ર ધર્મ જ છે.

૧૫/૨ क्षणमुपधाय मनः स्थिरतायां,
पिबत जिनागमसारम् रे ।
कापथघटनाविकृतविचारं,
त्यजत कृतान्तमसारं रे ॥१०१॥

મનને થોડી વાર સ્થિર કરીને જિનાગમના સારનું પાન કરો. કુમાર્ગની સ્થાપનાના વિકૃત વિચારવાળા તુચ્છ કુશાસ્ત્રોને છોડો.

૧૫/૩ परिहरणीयो गुरुरविवेकी,
भ्रमयति यो मतिमन्दम् रे ।
सुगुरुवचः सकृदपि परिपीतं,
प्रथयति परमानन्दं रे ॥१०२॥

જે મંદબુદ્ધિને રખડાવે, તેવા અવિવેકી ગુરુ છોડી દેવા. સુગુરુનું વચન એક વાર પણ સાંભળવાથી પરમ આનંદ આપે છે.

१५/४ कुमततमोभरमीलितनयनं,
किमु पृच्छत पन्थानम् रे ? ।
दधिबुद्ध्या नर ! जलमन्थन्यां,
किमु निदधत मन्थानं रे ? ॥१०३॥

કુમતરૂપી અંધકારથી મીંચાયેલી આંખવાળાને શું રસ્તો પૂછો છો ? દહીં માનીને પાણીની કોઠીમાં શા માટે રવૈયો નાંખો / ફેરવો છો ?

१५/७ सह्यत इह किं भवकान्तारे,
गदनिकुरम्बमपारम् रे ?।
अनुसरताहितजगदुपकारं,[1]
जिनपतिमगदङ्कारं रे ॥१०४॥

શા માટે સંસારરૂપી જંગલમાં અપાર વ્યાધિઓનો સમૂહ સહન કરો છો ? જગત ઉપર ઉપકાર કરનાર જિનેશ્વર રૂપી વૈદ્યને અનુસરો.

१५/८ शृणुतैकं विनयोदितवचनं,
नियतायतिहितरचनम् रे ।
रचयत कृतसुखशतसन्धानं,
शांतसुधारसपानं रे ॥१०५॥

૧. અહીં अनुसरत-आहित... એમ સંધિવિગ્રહ સમજવો.

અવશ્ય ભાવિ હિતને કરનાર વિનયે કહેલું એક વચન સાંભળો. સેંકડો સુખોનો સંયોગ કરાવનાર શાંતરસ રૂપી અમૃતનું પાન કરો.

~ માધ્યસ્થ્યભાવના ~

३ मिथ्या शंसन् वीरतीर्थेश्वरेण,
रोद्धुं शेके न स्वशिष्यो जमालिः ।
अन्यः को वा रोत्स्यते केन पापात् ?
तस्मादौदासीन्यमेवात्मनीनम् ॥१०६॥

શ્રી વીર તીર્થંકર પણ પોતાના શિષ્ય જમાલિને મિથ્યા બોલતા રોકી ન શક્યા. તો કોણ બીજા કોઈને પાપથી અટકાવી શકે ? માટે ઔદાસીન્ય જ આત્મહિતકર છે.

४ अर्हन्तोऽपि प्राज्यशक्तिस्पृशः किं,
धर्मोद्योगं कारयेयुः प्रसह्य ? ।
दद्युः शुद्धं किन्तु धर्मोपदेशं,
यत्कुर्वाणा दुस्तरं निस्तरन्ति ॥१०७॥

પ્રચંડ શક્તિના ધારક અરિહંતો પણ શું પરાણે ધર્મપુરુષાર્થ કરાવે ? ના. તેઓ તો શુદ્ધ ધર્મોપદેશ આપે, જેને આચરનાર દુસ્તર સંસારને તરી જાય.

१६/२ परिहर परचिन्तापरिवारं,
चिन्तय निजमविकारं रे ।
तव किं ? कोऽपि चिनोति करीरं,
चिनुतेऽन्यः सहकारं रे ॥१०८॥

(હે જીવ !) પરચિંતાને છોડ. નિર્વિકાર એવા તારા પોતાના સ્વરૂપને વિચાર. કોઈ કેરડો ભેગી કરે કે કોઈ કેરી ભેગી કરે. તારું શું જાય છે ?

१६/३ योऽपि न सहते हितमुपदेशं,
तदुपरि मा कुरु कोपं रे ।
निष्फलया किं परजनतप्त्या,
कुरुषे निजसुखलोपं रे ? ॥१०९॥

જે હિતોપદેશ પણ સહન ન કરે, તેના પર ગુસ્સો ન કર. ફોગટ બીજાની ચિંતાથી તારા પોતાના સુખને કેમ ગુમાવે છે ?

१६/४ सूत्रमपास्य जडा भाषन्ते,
केचन मतमुत्सूत्रं रे ।
किं कुर्मस्ते परिहृतपयसो,
यदि पिबन्ति मूत्रं रे ? ॥११०॥

કેટલાક મૂર્ખો સૂત્ર છોડીને ઉત્સૂત્ર બોલે છે. તેઓ દૂધ છોડીને મૂત્ર પીવે, તેમાં આપણે શું કરીએ ?

૧૬/૫ पश्यसि किं न मनःपरिणामं, निजनिजगत्यनुसारं रे ।
येन जनेन यथा भवितव्यं, तद्भवता दुर्वारं रे ॥१११॥

પોત-પોતાની થનાર ગતિને અનુસારે થતાં મનના ભાવ શું જોતો નથી ? જે જેવો થવાનો છે, તેને તું અટકાવી શકવાનો નથી.

૧૬/૮ परब्रह्मपरिणामनिदानं,
स्फुटकेवलविज्ञानं रे ।
विरचय विनय ! विवेचितज्ञानं,
शान्तसुधारसपानं रे ॥११२॥

હે વિનય ! જે શુદ્ધ આત્મપરિણામનું કારણ છે, જે સ્પષ્ટ જ્ઞાનમાત્ર છે અને વિવેક કરીને તારવેલું જ્ઞાન છે, તેવા શાંતસુધારસનું પાન કર.

# પ્રશમરતિ

# સૂક્ત-રત્ન-મંજૂષા

## (સાર્થ)

: આધારગ્રંથકર્તા :

વાચકપ્રવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજા

**ગ્રંથ** : પ્રશમરતિ સૂક્તરત્નમંજૂષા (સાર્થ)

**આધારગ્રંથ** : પ્રશમરતિ પ્રકરણ

**આધારગ્રંથકર્તા** : (વાચકપ્રવર) ઉમાસ્વાતિજી મહારાજા

**અર્થસંકલન** : પૂ. મુ. શ્રી ભવ્યસુંદરવિ. મ. સા.

**અર્થસંશોધન** : દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.ના પ્રશિષ્ય... પ. પૂ. મુ. શ્રી હિતાર્થરત્નવિ. મ. સા.

**ભાષા** : સંસ્કૃત, ગુજરાતી

**વિષય** : અનેક

## प्रशमरतिप्रकरणम्

२ जिनसिद्धाचार्योपाध्यायान्, प्रणिपत्य सर्वसाधूँश्च ।
प्रशमरतिस्थैर्यार्थं, वक्ष्ये जिनशासनात् किञ्चित् ॥१॥

અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો અને સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર કરીને પ્રશમરસની રુચિને દૃઢ કરવા માટે જિનશાસનને અનુસરીને કાંઈક કહીશ.

१२ ये तीर्थकृत्प्रणीता, भावास्तदनन्तरैश्च परिकथिताः ।
तेषां बहुशोऽप्यनुत्कीर्तनं, भवति पुष्टिकरमेव ॥२॥

જે ભાવો તીર્થંકરોએ કહેલા છે અને તેમના પછીના પૂર્વાચાર્યોએ કહેલા છે, તેનું વારંવાર પઠન પણ ગુણ કરનારું જ છે.

१६ दृढतामुपैति वैराग्य-भावना येन येन भावेन ।
तस्मिँस्तस्मिन् कार्यः, कायमनोवाग्भिरभ्यासः ॥३॥

જે જે ભાવ (પરિણામ - અધ્યવસાય) થી વૈરાગ્ય દૃઢ બને, તે તે ભાવના વિષયનો મન-વચન-કાયાથી અભ્યાસ કરવો.

२८१ प्रवचनभक्तिः श्रुतसम्पदुद्यमो व्यतिकरश्च संविग्नैः ।
वैराग्यमार्गसद्भाव-भावधीस्थैर्यजनकानि ॥४॥

શાસનભક્તિ, શ્રુતની પ્રાપ્તિનો પુરુષાર્થ, સંવિગ્નો સાથે સહવાસ એ વૈરાગ્યમાર્ગ પર ટકાવનાર તથા પરિણામ અને બુદ્ધિને સ્થિર કરનારા ઉપાયો છે.

૭૮ यद्वत् कश्चित् क्षीरं, मधुशर्करया सुसंस्कृतं हृद्यम् ।
पित्तार्दितेन्द्रियत्वाद्, वितथमतिर्मन्यते कटुकम् ॥५॥

જેમ કોઈ માણસ પિત્તના પ્રકોપથી પીડાયેલ હોવાથી બુદ્ધિ ભ્રષ્ટ થવાથી મીઠી સાકરથી સંસ્કૃત કરાયેલ સ્વાદિષ્ટ ખીરને પણ કડવી માને...

૭૯ तद्वन्निश्चयमधुरम्, अनुकम्पया सद्भिरभिहितं पथ्यम् ।
तथ्यमवमन्यमाना, रागद्वेषोदयोद्वृत्ताः ॥६॥

તેમ સજ્જનોએ અનુકંપાથી કહેલ નિશ્ચયથી મધુર, હિતકર અને સાચી વાતનો પણ રાગ-દ્વેષથી પીડાતા માણસો અનાદર કરે છે.

~~ અપ્રમાદ ~~

૬૪ भवकोटीभिरसुलभं, मानुष्यं प्राप्य कः प्रमादो मे ? ।
न च गतमायुर्भूयः, प्रत्येत्यपि देवराजस्य ॥७॥

કરોડો ભવે પણ ન મળે તેવા મનુષ્યજન્મને પામીને હું પ્રમાદ કેમ કરું છું ? ઈન્દ્રનું આયુષ્ય પણ ગયા પછી ફરી પાછું આવતું નથી.

૬૫ आरोग्यायुर्बलसमुदयाः, चला वीर्यमनियतं धर्मे ।
तल्लब्ध्वा हितकार्ये, मयोद्यमः सर्वथा कार्यः ॥८॥

આરોગ્ય, આયુષ્ય, બળ, સમૃદ્ધિ નાશવંત છે. ધર્મમાં શક્તિ / ઉત્સાહ પણ અનિયત છે (ક્યારેક હોય, ક્યારેક ન હોય). તો આ બધું મેળવીને મારે હિત કરી લેવામાં જ પૂરેપૂરો પ્રયત્ન કરવો જોઈએ.

૧૮૫ शास्त्राध्ययने चाध्यापने च, सञ्चिन्तने तथाऽऽत्मनि च ।
धर्मकथने च सततं, यत्नः सर्वात्मना कार्यः ॥९॥

શાસ્ત્રનું અધ્યયન, અધ્યાપન, આત્મચિંતન અને ધર્મકથન... આ બધામાં સતત પૂરેપૂરો પુરુષાર્થ કરવો.

૧૨૦ पैशाचिकमाख्यानं, श्रुत्वा गोपायनं च कुलवध्वाः ।
संयमयोगैरात्मा, निरन्तरं व्यापृतः कार्यः ॥१०॥

ભૂતની કથા અને પુત્રવધૂના સંરક્ષણની વાત સાંભળીને આત્માને સંયમયોગોમાં નિરંતર પ્રવૃત્ત રાખવો. (નવરો પડવા ન દેવો.)

~~ કષાય ~~

૨૫ क्रोधात् प्रीतिविनाशं, मानाद् विनयोपघातमाप्नोति ।
शाठ्यात् प्रत्ययहानिः, सर्वगुणविनाशनं लोभात् ॥११॥

ક્રોધથી પ્રીતિનો નાશ થાય છે, માનથી વિનયનો નાશ થાય છે. માયાથી વિશ્વાસનો નાશ થાય છે. લોભથી સર્વ ગુણોનો નાશ થાય છે.

२६ क्रोधः परितापकरः, सर्वस्योद्वेगकारकः क्रोधः ।
वैरानुषङ्गजनकः, क्रोधः क्रोधः सुगतिहन्ता ॥१२॥

ક્રોધ પીડાકારક છે. ક્રોધ બધાને ઉદ્વેગ કરાવનાર છે. ક્રોધ વૈરની પરંપરાનો જનક છે. ક્રોધ સદ્ગતિને અટકાવનાર છે.

२७ श्रुतशीलविनयसन्दूषणस्य, धर्मार्थकामविघ्नस्य ।
मानस्य कोऽवकाशं, मुहूर्तमपि पण्डितो दद्यात् ? ॥१३॥

શ્રુત, શીલ અને વિનયમાં મોટા દૂષણરૂપ, ધર્મ-અર્થ અને કામમાં વિઘ્નરૂપ એવા માનને કયો બુદ્ધિમાન ક્ષણવાર પણ પેસવા દે ?

२८ मायाशीलः पुरुषो, यद्यपि न करोति किञ्चिदपराधम् ।
सर्प इवाविश्वास्यो, भवति तथाऽप्यात्मदोषहतः ॥१४॥

માયાવી માણસ કોઈ (બીજાને હેરાન કરવારૂપ) અપરાધ ન કરે તો પણ, પોતાના (માયારૂપ) દોષના કારણે સર્પની જેમ અવિશ્વસનીય જ બને છે.

२९ सर्वविनाशाश्रयिणः,
सर्वव्यसनैकराजमार्गस्य ।
लोभस्य को मुखगतः,
क्षणमपि दुःखान्तरमुपेयात् ? ॥१५॥

સર્વ વિનાશનો આધાર, સર્વ આપત્તિઓને આવવાનો રાજમાર્ગ એવા લોભમાં ફસાયેલો કયો જીવ ક્ષણવાર પણ સુખ પામે ?

## ~~ ઇન્દ્રિયજય ~~

૪૦ दुःखद्विट् सुखलिप्सुः, मोहान्धत्वाद् अदृष्टगुणदोषः ।
यां यां करोति चेष्टां, तया तया दुःखमादत्ते ॥१६॥

દુઃખનો દ્વેષી અને સુખનો લાલસુ જીવ (દુઃખનો નાશ અને સુખની પ્રાપ્તિ માટે) જે જે પ્રવૃત્તિ કરે છે, તેનાથી દુઃખ જ પામે છે. (કારણ એ છે કે) મોહના અંધાપાના કારણે વસ્તુના ગુણદોષને જોયા જ નથી. (દુઃખના કારણમાં સુખ જુએ છે.)

૪૧ कलरिभितमधुरगान्धर्व-तूर्ययोषिद्विभूषणरवाद्यैः ।
श्रोत्रावबद्धहृदयो, हरिण इव विनाशमुपयाति ॥१७॥

રાગ-રાગિણી યુક્ત મધુર દિવ્ય સંગીત, વાજિંત્રો અને સ્ત્રીના આભૂષણોના રણકાર વગેરેના કારણે શ્રોત્રેન્દ્રિયમાં આસક્ત થયેલ મનવાળો જીવ, હરણની જેમ નાશ પામે છે.

૪૨ गतिविभ्रमेङ्गिताकार-हास्यलीलाकटाक्षविक्षिप्तः ।
रूपावेशितचक्षुः, शलभ इव विपद्यते विवशः ॥१८॥

લટકાળી ચાલ, ઈશારા, હાસ્ય, નૃત્ય વગેરે લીલા અને કામણગારા કટાક્ષથી આકર્ષાયેલ અને (સ્ત્રીના) રૂપમાં ચોંટેલી આંખવાળો જીવ પતંગિયાની જેમ પરવશ બનીને નાશ પામે છે.

૪૩ स्नानाङ्गरागवर्तिक-वर्णकधूपाधिवासपटवासैः ।
गन्धभ्रमितमनस्को, मधुकर इव नाशमुपयाति ॥१९॥

સ્નાન, વિલેપન, સુગંધી વાટ, ચંદન, ધૂપ, ફૂલ, અત્તર વગેરેના કારણે સુગંધમાં આસક્ત થયેલ મનવાળો જીવ ભમરાની જેમ નાશ પામે છે.

૪૪ मिष्टान्नपानमांसौदनादि-मधुररसविषयगृद्धात्मा ।
गलयन्त्रपाशबद्धो, मीन इव विनाशमुपयाति ॥२०॥

મીઠાઈ, પીણાં, માંસ, ભાત વગેરે જીભના મધુર વિષયોમાં આસક્ત થયેલ જીવ, ગલમાં ફસાયેલ માછલીની જેમ નાશ પામે છે.

૪૫ शयनासनसम्बाधन-सुरतस्नानानुलेपनासक्तः ।
स्पर्शव्याकुलितमतिः, गजेन्द्र इव बध्यते मूढः ॥२१॥

(કોમળ) પથારી, આસન, શરીરચંપી, મૈથુનસેવન, સ્નાન, વિલેપનમાં આસક્ત થયેલ જીવ, (હાથણીના) સ્પર્શમાં વ્યાકુલ થયેલ મતિવાળા હાથીની જેમ બંધાય છે.

૪૬ एकैकविषयसङ्गाद्,
रागद्वेषातुरा विनष्टास्ते ।
किं पुनरनियमितात्मा,
जीवः पञ्चेन्द्रियवशार्त्तः ? ॥२२॥

એક એક વિષયની આસક્તિથી રાગ-દ્વેષથી વ્યાકુળ બનેલા તે બધા જીવો નાશ પામ્યા; તો પાંચે ઇન્દ્રિયને પરવશ થઈને પીડાતા અને પોતાને સંયમમાં નહીં રાખી શકતા જીવનું તો શું થાય ? નાશ પામે જ.

૪૮ न हि सोऽस्तीन्द्रियविषयो, येनाभ्यस्तेन नित्यतृषितानि ।
तृप्तिं प्राप्नुयुरक्षाण्यनेकमार्गप्रलीनानि ॥२३॥

અનેક વિષયોમાં આસક્ત અને છતાં સદાય અતૃપ્ત એવી ઇન્દ્રિયો જેના સેવનથી તૃપ્તિને પામે એવો ઇન્દ્રિયનો કોઈ જ વિષય નથી.

૫૨ तानेवार्थान् द्विषतः, तानेवार्थान् प्रलीयमानस्य ।
निश्चयतोऽस्यानिष्टं, न विद्यते किञ्चिदिष्टं वा ॥२४॥

તે જ વિષયો પર દ્વેષ કરનાર અને (કાળાંતરે) તે જ વિષયો પર રાગ કરનાર આ જીવને ખરેખર તો કાંઈ જ ઇષ્ટ કે અનિષ્ટ નથી.

૫૪ यस्मिन्निन्द्रियविषये, शुभमशुभं वा निवेशयति भावम् ।
रक्तो वा द्विष्टो वा, स बन्धहेतुर्भवति तस्य ॥२५॥

રાગી અથવા દ્વેષી જીવ, જે ઇન્દ્રિયના વિષયમાં શુભ અથવા અશુભ ભાવ કરે છે, તે તેને કર્મબંધનું કારણ બને છે.

૧૦૬ आदावत्यभ्युदया, मध्ये शृङ्गारहास्यदीप्तरसाः ।
निकषे विषया बीभत्स-करुणलज्जाभयप्रायाः ॥२६॥

ઇન્દ્રિયોના વિષયો શરૂઆતમાં આનંદદાયક, વચ્ચે શૃંગાર-હાસ્યથી વધેલા આનંદવાળા પણ અંતે બીભત્સ અને કરુણ, લજ્જા કે ભય ઉત્પન્ન કરનારા છે.

१०७ यद्यपि निषेव्यमाणा, मनसः परितुष्टिकारका विषयाः ।
किम्पाकफलादनवद्, भवन्ति पश्चादतिदुरन्ताः ॥२७॥

ભોગવાતા વિષયો જો કે મનને આનંદ આપનારા છે, પણ પાછળથી કિંપાકફળના ભક્ષણની જેમ અત્યંત દુઃખદાયક અંતવાળા છે.

१०८ यद्वत् शाकाष्टादशम्, अन्नं बहुभक्ष्यपेयवत् स्वादु ।
विषसंयुक्तं भुक्तं, विपाककाले विनाशयति ॥२८॥

અઢાર જાતના શાકવાળું, ઘણા પ્રકારની ખાણી-પીણીવાળું સ્વાદિષ્ટ એવું ભોજન પણ ઝેર યુક્ત હોય તો અંદર પચે ત્યારે મોત લાવે છે.

१०९ तद्वदुपचारसंभृत-रम्यक्रागरससेविता विषयाः ।
भवशतपरम्परास्वपि, दुःखविपाकानुबन्धकराः ॥२९॥

તે જ રીતે અનેક ઉપાયો વડે મેળવેલા, અત્યંત રાગપૂર્વક ભોગવેલા વિષયો સેંકડો ભવોની પરંપરા સુધી દુઃખજનક વિપાકોની પરંપરાને ઉત્પન્ન કરનારા છે.

१२१ क्षणविपरिणामधर्मा, मर्त्यानामृद्धिसमुदयाः सर्वे ।
सर्वे च शोकजनकाः, संयोगा विप्रयोगान्ताः ॥३०॥

માણસોની બધી જ ઋદ્ધિ-સમૃદ્ધિ ક્ષણમાં જ વિરસ થવાના સ્વભાવવાળી છે, અને બધા જ સંયોગો છેલ્લે વિયોગમાં અંત પામનારા-શોક કરાવનારા છે.

~~ પ્રશમસુખ ~~

૧૨૨ भोगसुखैः किमनित्यैः,
भयबहुलैः काङ्क्षितैः परायत्तैः ? ।
नित्यमभयमात्मस्थं,
प्रशमसुखं तत्र यतितव्यम् ॥३१॥

અનિત્ય (વિનાશી), ભયથી ભરપૂર અને પરાધીન એવા ભોગસુખોની ઇચ્છા શા માટે કરવી ? પ્રશમનું સુખ નિત્ય છે, ભયરહિત છે, આત્મામાં જ રહેલું છે, માટે તેમાં જ પ્રયત્ન કરવો.

૧૨૪ यत् सर्वविषयकाङ्क्षोद्भवं, सुखं प्राप्यते सरागेण ।
तदनन्तकोटिगुणितं, मुधैव लभते विगतरागः ॥३२॥

સરાગી વ્યક્તિ, સર્વવિષયોની ઇચ્છા(મુજબની પ્રાપ્તિ)થી જે સુખ મેળવે છે, તેનાથી અનંતગણું સુખ વિરાગી વગર મહેનતે મેળવે છે.

૧૨૫ इष्टवियोगाप्रियसम्प्रयोग-
काङ्क्षासमुद्भवं दुःखम् ।
प्राप्नोति यत् सरागो,
न संस्पृशति तद् विगतरागः ॥३३॥

ઈષ્ટનો વિયોગ અને અપ્રિયનો સંયોગ થતા સરાગીને (તે ન થાય તેવી) ઈચ્છાથી જે દુઃખ થાય છે, તે વિરાગીને સ્પર્શતું પણ નથી.

૧૨૬ प्रशमितवेदकषायस्य,
हास्यरत्यरतिशोकनिभृतस्य ।
भयकुत्सानिरभिभवस्य,
यत् सुखं तत् कुतोऽन्येषाम् ? ॥३४॥

વેદ-કષાયને શાંત કરનાર, હાસ્ય-રતિ-અરતિ-શોકથી રહિત અને ભય-જુગુપ્સાથી અપરાજિતને જે સુખ છે, તે બીજાને ક્યાંથી હોય ?

૧૨૭ सम्यग्दृष्टिर्ज्ञानी, ध्यानतपोबलयुतोऽप्यनुपशान्तः ।
तं लभते न गुणं यं, प्रशमगुणमुपाश्रितो लभते ॥३५॥

પ્રશમગુણના ધારકને જે લાભ થાય છે, તે સમ્યગ્દષ્ટિ-જ્ઞાની, ધ્યાન અને તપયુક્ત એવી પણ અનુપશાંત વ્યક્તિને થતો નથી.

૧૨૮ नैवास्ति राजराजस्य, तत्सुखं नैव देवराजस्य ।
यत्सुखमिहैव साधोः, लोकव्यापाररहितस्य ॥३६॥

લોકવ્યાપારથી રહિત સાધુને અહીયાં જ જે સુખ છે, તે ચક્રવર્તી કે ઈન્દ્રને પણ હોતું નથી.

૨૩૫ स्वगुणाभ्यासरतमतेः, परवृत्तान्तान्धमूकबधिरस्य ।
मदमदनमोहमत्सर–रोषविषादैरधृष्यस्य ॥३७॥

આત્મગુણોના અભ્યાસમાં મગ્ન બુદ્ધિવાળા, બીજાની વાત માટે આંધળા-મૂંગા-બહેરા, અભિમાન-કામવાસના-મોહ-ઈર્ષ્યા-ક્રોધ અને શોકથી અજેય.....

૨૩૬ प्रशमाव्याबाधसुखाभिकाङ्क्षिणः,
सुस्थितस्य सद्धर्मे ।
तस्य किमौपम्यं स्यात्,
सदेवमनुजेऽपि लोकेऽस्मिन् ? ॥३८॥

પ્રશમના અખંડ સુખને ઈચ્છનાર, સદ્ધર્મમાં નિશ્ચલ એવા સાધુને આ દેવલોક અને મનુષ્યલોકમાં કોની સાથે સરખાવી શકાય ? કોઈની સાથે નહીં.

૨૩૭ स्वर्गसुखानि परोक्षाण्यत्यन्तपरोक्षमेव मोक्षसुखम् ।
प्रत्यक्षं प्रशमसुखं, न परवशं न च व्ययप्राप्तम् ॥३९॥

સ્વર્ગના સુખો દેખાતા નથી. મોક્ષસુખ તો અત્યંત પરોક્ષ છે. પણ પ્રશમનું સુખ તો (સ્વાનુભવથી) પ્રત્યક્ષ છે, સ્વાધીન છે અને અખંડ છે.

૨૩૮ निर्जितमदमदनानां, वाक्कायमनोविकाररहितानाम् ।
विनिवृत्तपराशानाम्, इहैव मोक्षः सुविहितानाम् ॥४०॥

મદ-મદનને જીતેલા, મન-વચન-કાયાના વિકારથી રહિત અને પરપદાર્થની સ્પૃહાથી મુક્ત સુવિહિત સાધુઓને તો અહીંયાં જ મોક્ષ છે.

૨૪૦ स्वशरीरेऽपि न रज्यति, शत्रावपि न प्रदोषमुपयाति ।
रोगजरामरणभयैः, अव्यथितो यः स नित्यसुखी ॥४१॥

જે પોતાના શરીરમાં પણ રાગ કરતો નથી, શત્રુ ઉપર પણ દ્વેષ કરતો નથી, રોગ-જરા-મરણ કે ભયથી પણ ગભરાતો નથી, તે સદા સુખી છે. (શરીરનો રાગ ન હોવાથી જ રોગાદિનો ભય નથી.)

૨૪૨ विषयसुखनिरभिलाषः,
प्रशमगुणगणाभ्यलङ्कृतः साधुः ।
द्योतयति यथा न तथा,
सर्वाण्यादित्यतेजांसि ॥४२॥

વિષયસુખની ઈચ્છાથી રહિત, પ્રશમગુણથી અલંકૃત સાધુ જેવો ઝળકે છે, તેવા તો બધા સૂર્યના તેજ ભેગા થઈને પણ ઝળકતા નથી.

૨૫૫ सातर्द्धिरसेष्वगुरुः,
प्राप्यर्द्धिविभूतिमसुलभामन्यैः ।
सक्तः प्रशमरतिसुखे,
न भजति तस्यां मुनिः सङ्गम् ॥४३॥

શાતા-ઋદ્ધિ-રસગારવથી રહિત અને પ્રશમરતિના સુખમાં મગ્ન સાધુ, અન્યોને દુર્લભ એવી લબ્ધિઓ પામવા છતાં પણ તેમાં આસક્ત થતો નથી.

૨૫૬ या सर्वसुरवरर्द्धिः, विस्मयनीयाऽपि साऽनगारर्द्धेः ।
नार्धति सहस्त्रभागं, कोटिशतसहस्त्रगुणिताऽपि ॥४४॥

આશ્ચર્યજનક એવી સર્વ ઈન્દ્રોની ઋદ્ધિ, લાખ કરોડ વડે ગુણ્યા પછી પણ, સાધુની (આંતરિક આનંદરૂપ) ઋદ્ધિના હજારમા ભાગે પણ આવતી નથી.

૧૪૦ यद्वत् पङ्काधारमपि, पङ्कजं नोपलिप्यते तेन ।
धर्मोपकरणधृतवपुरपि, साधुरलेपकस्तद्वत् ॥४५॥

કાદવમાં રહેવા છતાં પણ કમળ જેમ કાદવથી લેપાતું નથી; તેમ ધર્મોપકરણથી જ શરીરનો નિર્વાહ કરવા છતાં સાધુ તેમાં (ઉપકરણમાં) આસક્તિ કરતા નથી.

૧૪૧ यद्वत् तुरगः सत्स्वप्याभरणविभूषणेष्वनभिसक्तः ।
तद्वदुपग्रहवानपि, न सङ्गमुपयाति निर्ग्रन्थः ॥४६॥

જેમ ઘોડો પોતાના પર લદાયેલા આભરણો પર આસક્ત ન થાય, તેમ સાધુ ઉપકરણો રાખવા છતાં તેના પર રાગ ન કરે.

૭૬ केचित् सातर्द्धिरसातिगौरवात्,
साम्प्रतेक्षिणः पुरुषाः ।
मोहात् समुद्रवायसवद्,
आमिषपरा विनश्यन्ति ॥४७॥

શાતા, ઋદ્ધિ અને રસગારવના કારણે વર્તમાન સુખને જ જોનારા (ભવિષ્યમાં આવનારા દુઃખને નહીં જોનારા) કેટલાક માણસો, મોહથી માંસ વગેરેમાં આસક્ત થઈને સમુદ્રી કાગડાની જેમ નાશ પામે છે.

~~ મદત્યાગ ~~

૮૧ ज्ञात्वा भवपरिवर्ते, जातीनां कोटीशतसहस्त्रेषु ।
हीनोत्तममध्यत्वं, को जातिमदं बुधः कुर्याद् ? ॥४८॥

સંસારના પરિભ્રમણમાં, લાખો-કરોડો જાતિઓમાં (ઉત્પન્ન થયેલ પોતાનું) હીન - મધ્યમ કે ઉત્તમપણું જાણીને (અર્થાત્ દરેક પ્રકારમાં લાખો કરોડો વાર પોતે ઉત્પન્ન થયો છે તે જાણીને) કયો બુદ્ધિમાન્ (પોતાની) જાતિનું અભિમાન કરે ?

૮૪ यस्याशुद्धं शीलं,
प्रयोजनं तस्य किं कुलमदेन ? ।
स्वगुणाभ्यलङ्कृतस्य हि,
किं शीलवतः कुलमदेन ? ॥४९॥

જેનું શીલ નિર્મળ નથી, તેને માત્ર કુળનું અભિમાન શેનું ? અને જે શીલવાન્ છે, ગુણોથી જ શોભે છે, તેણે કુળનું અભિમાન કરવાની શી જરૂર છે ?

૮૬ नित्यं परिशीलनीये,
त्वङ्मांसाच्छादिते कलुषपूर्णे ।
निश्चयविनाशधर्मिणि,
रूपे मदकारणं किं स्यात् ? ॥५०॥

રોજ ટાપટીપ ન કરવામાં આવે તો બગડી જાય તેવા, ચામડી-માંસથી ઢંકાયેલ મળમૂત્રાદિરૂપ અને અવશ્ય વિનાશ પામનારા રૂપમાં અભિમાન કરવા જેવું શું છે ?

૮૮ तस्मादनियतभावं,
बलस्य सम्यग् विभाव्य बुद्धिबलात् ।
मृत्युबले चाबलतां,
न मदं कुर्याद् बलेनापि ॥५१॥

શારીરિક બળનું (ક્યારેક હોવા - ક્યારેક ન હોવારૂપ) અનિયતપણું અને મૃત્યુની સામે તેની નિર્બળતાને બુદ્ધિથી સારી રીતે વિચારીને, બળનું અભિમાન ન કરવું.

૮૯ उदयोपशमनिमित्तौ, लाभालाभावनित्यकौ मत्वा ।
नालाभे वैकल्यं, न च लाभे विस्मयः कार्यः ॥५२॥

લાભ અને અલાભ કર્મના ઉદય અને ક્ષયોપશમથી થાય છે અને અનિત્ય છે, એમ માનીને અલાભમાં શોક કે લાભમાં હર્ષ ન કરવો.

૯૨ पूर्वपुरुषसिंहानां,
विज्ञानातिशयसागरानन्त्यम् ।
श्रुत्वा साम्प्रतपुरुषाः,
कथं स्वबुद्ध्या मदं यान्ति ? ॥५३॥

પૂર્વકાલીન મહાપુરુષોની જ્ઞાનસમૃદ્ધિનું સાગર જેવું અનંતપણું સાંભળ્યા પછી પણ વર્તમાનકાલીન પુરુષો પોતાની બુદ્ધિનું અભિમાન કેમ કરે છે ?

૯૪ गर्वं परप्रसादात्मकेन, वाल्लभ्यकेन यः कुर्यात् ।
तं वाल्लभ्यकविगमे, शोकसमुदयः परामृशति ॥५४॥

બીજાની કૃપારૂપ લોકપ્રિયતાથી જે અભિમાન કરે છે, તેને લોકપ્રિયતા નાશ પામતા શોક ઘેરી વળે છે.

૯૬ संपर्कोद्यमसुलभं, चरणकरणसाधकं श्रुतज्ञानम् ।
लब्ध्वा सर्वमदहरं, तेनैव मदः कथं कार्यः ? ॥५५॥

જે શ્રુતજ્ઞાન, સામગ્રી અને પુરૂષાર્થ હોય તો સુપ્રાપ્ય છે, ચરણ-કરણનું સાધક છે, બધા મદને હરનાર છે; તે જ શ્રુતજ્ઞાનને પામીને મદ કેમ કરાય ?

९८ जात्यादिमदोन्मत्तः, पिशाचवद् भवति दुःखितश्चेह ।
जात्यादिहीनतां, परभवे च निःसंशयं लभते ॥५६॥

જાતિ વગેરેના મદથી ઉન્મત્ત થયેલ જીવ આ ભવમાં ભૂતની જેમ દુઃખી થાય છે અને પરભવમાં નિશ્ચિતપણે હીનજાતિ વગેરે પામે છે.

१०० परपरिभवपरिवादाद्, आत्मोत्कर्षाच्च बध्यते कर्म ।
नीचैर्गोत्रं प्रतिभवं, अनेकभवकोटिदुर्मोचम् ॥५७॥

બીજાના અપમાન-નિંદા અને આપવડાઈથી કરોડો ભવે પણ ન ખપે તેવું દરેક ભવમાં ઉદયમાં આવનારું નીચગોત્રકર્મ બંધાય છે.

~~ કલ્પ્યાકલ્પ્ય ~~

१३५ व्रणलेपाक्षोपाङ्गवद्, असङ्गयोगभरमात्रयात्रार्थम् ।
पन्नग इवाभ्यवहरेद्, आहारं पुत्रपलवच्च ॥५८॥

સાધુ, નિઃસંગ એવા સંયમયોગના નિર્વાહ કરવા માટે જ ઘા ઉપર મલમ અને ગાડાના પૈડામાં તેલની જેમ જરૂર પૂરતો, સર્પની જેમ (સ્વાદ લીધા વિના ગળી જાય) કે પુત્રના માંસની જેમ (અનિચ્છાએ) આહાર કરે.

१३७ कालं क्षेत्रं मात्रां, सात्म्यं द्रव्यगुरुलाघवं स्वबलम् ।
ज्ञात्वा योऽभ्यवहार्यं, भुङ्क्ते किं भेषजैस्तस्य ? ॥५९॥

કાળ, ક્ષેત્ર, પ્રમાણ, પોતાની પ્રકૃતિ, દ્રવ્યની ગુરુ-લઘુતા, પોતાની (પાચન)શક્તિ...આ બધું જાણી-વિચારીને જે આહાર કરે, તેને ઔષધની શું જરૂર ?

१४७ तच्चिन्त्यं तद्भाष्यं, तत्कार्यं भवति सर्वथा यतिना ।
नात्मपरोभयबाधकम्, इह यत् परतश्च सर्वाद्धम् ॥६०॥

સાધુને માટે સર્વથા તે જ વિચારવા યોગ્ય, તે જ બોલવા યોગ્ય અને તે જ કરવા યોગ્ય છે, જે આલોક અને પરલોકમાં કોઈ કાળે પોતાને કે બીજાને દુઃખી કરનાર ન હોય.

१४३ यज्ज्ञानशीलतपसाम्,
उपग्रहं निग्रहं च दोषाणाम् ।
कल्पयति निश्चये यत्,
तत् कल्प्यमकल्प्यमवशेषम् ॥६१॥

જે જ્ઞાન-ચારિત્ર-તપને સહાયક (વૃદ્ધિ કરનાર) છે, દોષોને જીતનાર છે, અર્થાત્ જે નિશ્ચયનયથી કલ્પે છે તે જ કલ્પ્ય છે, બાકી બધું અકલ્પ્ય છે.

१४४ यत् पुनरुपघातकरं, सम्यक्त्वज्ञानशीलयोगानाम् ।
तत् कल्प्यमप्यकल्प्यं, प्रवचनकुत्साकरं यच्च ॥६२॥

જે સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર અને યોગોને નુકસાનકારક છે અથવા જે શાસનની હીલના કરાવનાર છે, તેવી કલ્પ્ય વસ્તુ પણ અકલ્પ્ય છે.

~~ બાર ભાવના ~~

१५१ इष्टजनसंप्रयोगर्द्धि-विषयसुखसम्पदस्तथाऽऽरोग्यम् ।
देहश्च यौवनं जीवितं च, सर्वाण्यनित्यानि ॥६३॥

ઈષ્ટનો સંયોગ, ઋદ્ધિ, ઈન્દ્રિયના વિષયસુખો, સંપત્તિ, આરોગ્ય, શરીર, યૌવન અને આયુષ્ય - આ બધું અનિત્ય - નાશવંત છે.

१५२ जन्मजरामरणभयैः, अभिद्रुते व्याधिवेदनाग्रस्ते ।
जिनवरवचनादन्यत्र, नास्ति शरणं क्वचिल्लोके ॥६४॥

જન્મ-જરા-મરણથી પીડિત, રોગોની વેદનાથી ગ્રસ્ત એવા આ લોકમાં જિનવચન સિવાય ક્યાંય શરણ મળે તેમ નથી.

१५३ एकस्य जन्ममरणे, गतयश्च शुभाशुभा भवावर्ते ।
तस्मादाकालिकहितम्, एकेनैवात्मनः कार्यम् ॥६५॥

સંસારના પરિભ્રમણમાં જન્મ, મરણ, શુભ અને અશુભ ગતિ; એકલાની જ થાય છે. એટલે આત્માનું કાયમી હિત એકલાએ (પોતે) જ કરી લેવું.

१५४ अन्योऽहं स्वजनात् परिजनाच्च,
विभवात् शरीरकाच्चेति ।
यस्य नियता मतिरियं,
न बाधते तं हि शोककलिः ॥६६॥

"હું સ્વજન, પરિવાર, વૈભવ અને શરીર - બધાથી ભિન્ન છું" એવી જેની નિશ્ચલ બુદ્ધિ છે, તેને શોકરૂપી કલિ હેરાન કરતો નથી.

૧૫૫ अशुचिकरणसामर्थ्याद्,
आद्युत्तरकारणाशुचित्वाच्च ।
देहस्याशुचिभावः,
स्थाने स्थाने भवति चिन्त्यः ॥६७॥

શરીર, શુચિને પણ અશુચિ કરવાની તાકાત ધરાવે છે. પોતે અશુચિકારણોથી ઉત્પન્ન થાય છે અને અશુચિ-કારણો(ખલ-રસ)થી વધે - ટકે છે. આ રીતે શરીરનો અશુચિભાવ દરેક સ્થાને વિચારવા યોગ્ય છે.

૧૫૬ माता भूत्वा दुहिता,
भगिनी भार्या च भवति संसारे ।
व्रजति सुतः पितृतां,
भ्रातृतां पुनः शत्रुतां चैव ॥६८॥

સંસારમાં માતા થઈને (એ જ જીવ) દીકરી, બહેન અને પત્ની થાય છે. દીકરો જ બાપ, ભાઈ કે શત્રુ બને છે.

૧૫૭ मिथ्यादृष्टिरविरतः, प्रमादवान् यः कषायदण्डरुचिः ।
तस्य तथाऽऽस्त्रवकर्मणि, यतेत तन्निग्रहे तस्मात् ॥६९॥

જે મિથ્યાત્વી, અવિરત, પ્રમાદી, કષાય અને ત્રણ દંડમાં રુચિવાળો છે, તેને તેવા કર્મો બંધાય છે. માટે તેના (મિથ્યાત્વાદિના) નિગ્રહનો પ્રયત્ન કરવો.

૧૫૮ या पुण्यपापयोरग्रहणे, वाक्कायमानसी वृत्तिः ।
सुसमाहितो हितः, संवरो वरददेशितश्चिन्त्यः ॥७०॥

પુણ્ય કે પાપનો બંધ અટકાવનારી મન-વચન-કાયાની જે વૃત્તિ છે, તે સંવર સારી રીતે આરાધતાં હિતકર બને છે તેમ પ્રભુએ કહ્યું છે, તેમ વિચારવું.

૧૫૯ यद्वद्विशोषणादुपचितोऽपि, यत्नेन जीर्यते दोषः ।
तद्वत् कर्मोपचितं, निर्जरयति संवृतस्तपसा ॥७१॥

જેમ ભેગો થયેલો દોષ (મળ) પણ શોષણ (લાંઘણ) કરવારૂપ પ્રયત્નથી પચે છે, તેમ સંવરવાળી વ્યક્તિ ભેગાં કરેલાં કર્મ તપ વડે ખપાવે છે.

૧૬૦ लोकस्याधस्तिर्यग्, विचिन्तयेदूर्ध्वमपि च बाहल्यम् ।
सर्वत्र जन्ममरणे, रूपिद्रव्योपयोगांश्च ॥७२॥

લોકની નીચેની, તિર્ચ્છી અને ઉપરની - પહોળાઈ વિચારવી. અને ત્યાં બધે જન્મ - મરણ અને રૂપી પદાર્થનો (પુદ્ગલનો) કરેલો ઉપયોગ વિચારવો. (એ લોકસ્વભાવ ભાવના છે.)

१६१ धर्मोऽयं स्वाख्यातो, जगद्धितार्थं जिनैः जितारिगणैः ।
येऽत्र रतास्ते संसार-सागरं लीलयोत्तीर्णाः ॥७३॥

આંતરશત્રુઓને જીતનારા જિનેશ્વરોએ જગતના હિત માટે આ ધર્મ કહેલો છે. જે તેમાં મગ્ન છે, તે સંસારસાગરને સરળતાથી તરી ગયા છે.

१६२ मानुष्यकर्मभूम्यार्यदेशकुलकल्यताऽऽयुरुपलब्धौ ।
श्रद्धाकथकश्रवणेषु, सत्स्वपि सुदुर्लभा बोधिः ॥७४॥

મનુષ્યભવ, કર્મભૂમિ, આર્યદેશ, આર્યકુળ, આરોગ્ય અને દીર્ઘાયુ મળ્યા પછી, ધર્મ પર (ઓઘથી) શ્રદ્ધા[1], ધર્મોપદેશક ગુરુ અને ધર્મનું શ્રવણ મળ્યા પછી પણ બોધિ (સમ્યગ્દર્શન) દુર્લભ છે.

१६३ तां दुर्लभां भवशतैः,
लब्ध्वाऽतिदुर्लभा पुनर्विरतिः ।
मोहाद् रागात् कापथ-
विलोकनाद् गौरववशाच्च ॥७५॥

સેંકડો ભવોમાં દુર્લભ એવું સમ્યગ્દર્શન મળ્યા પછી પણ મોહ(અજ્ઞાન), રાગ, કુપંથોના દર્શન અને રસાદિ ગારવના કારણે વિરતિ વળી અતિદુર્લભ છે.

૧. સમ્યગ્દર્શનરૂપ શુદ્ધ શ્રદ્ધા નહીં.

## ~~ દશ યતિધર્મ ~~

૧૬૮ धर्मस्य दया मूलं, न चाक्षमावान् दयां समादत्ते ।
तस्माद् यः क्षान्तिपरः, स साधयत्युत्तमं धर्मम् ॥७६॥

દયા ધર્મનું મૂળ છે. ક્ષમા વિનાનો દયા કરી ન શકે. એટલે જે ક્ષમાવાન્ છે, તે જ ઉત્તમ ધર્મને આરાધી શકે છે.

૧૬૯ विनयायत्ता गुणाः सर्वे,
विनयश्च मार्दवायत्तः ।
यस्मिन् मार्दवमखिलं,
स सर्वगुणभाक्त्वमाप्नोति ॥७७॥

બધા ગુણો વિનયને આધીન છે. વિનય, મૃદુતા (નમ્રતા - અક્કડાઈનો અભાવ)ને આધીન છે. એટલે જેનામાં પૂર્ણ મૃદુતા છે, તે સર્વ ગુણોનો સ્વામી થાય છે.

૧૭૦ नानार्जवो विशुध्यति,
न धर्ममाराधत्यशुद्धात्मा ।
धर्मादृते न मोक्षो,
मोक्षात् परमं सुखं नान्यत् ॥७८॥

ઋજુતા વિનાનો (કપટી માણસ) કદી શુદ્ધ થતો નથી. અશુદ્ધ જીવ ધર્મ આરાધતો નથી. ધર્મ વિના મોક્ષ નથી. મોક્ષ સિવાય શ્રેષ્ઠ સુખ નથી.

१७१ यद् द्रव्योपकरणभक्तपान-
देहाधिकारकं शौचम् ।
तद् भवति भावशौचा-
नुपरोधाद् यत्नतः कार्यम् ॥७९॥

દ્રવ્યભૂત ઉપકરણો, ભોજન, પાણી અને શરીરને આશ્રયીને જે (દ્રવ્ય)શૌચ છે તે ભાવશૌચ(પવિત્રતા)ને હાનિ ન થાય તે રીતના પ્રયત્નપૂર્વક કરવું.

१७२ पञ्चाश्रवाद् विरमणं, पञ्चेन्द्रियनिग्रहः कषायजयः ।
दण्डत्रयविरतिश्चेति, संयमः सप्तदशभेदः ॥८०॥

પાંચ આશ્રવથી અટકવું, પાંચ ઈન્દ્રિયનો નિગ્રહ, ચાર કષાયનો જય અને ત્રણ દંડથી વિરતિ એ સત્તર પ્રકારનું સંયમ છે.

१७३ बान्धवधनेन्द्रियसुखत्यागात्, त्यक्तभयविग्रहः साधुः ।
त्यक्तात्मा निर्ग्रन्थः, त्यक्ताहङ्कारममकारः ॥८१॥

મિત્રો / સ્વજનો, સંપત્તિ અને ઈન્દ્રિયના સુખોના ત્યાગના કારણે સાધુ, ભય અને શરીરના પણ ત્યાગી છે. અને અહંકાર અને મમત્વના ત્યાગી નિર્ગ્રંથ, આત્માના (પોતાની જાતના) પણ ત્યાગી છે.

१७४ अविसंवादनयोगः, कायमनोवागजिह्मता चैव ।
सत्यं चतुर्विधं तच्च, जिनवरमतेऽस्ति नान्यत्र ॥८२॥

યોગનો અવિસંવાદ (મનમાં જુદું અને વાણી અને કાયામાં જુદું નહીં) અને મન-વચન-કાયાની અવક્રતા એ ચાર પ્રકારનું સત્ય છે. અને તે જિનમતમાં જ છે, બીજે ક્યાંય નહીં. {અર્થાત્ (૧) સત્યની આવી વ્યાખ્યા જિનમતમાં જ છે. અથવા (૨) જિનમત જ આવું સત્ય છે. અથવા (૩) જિનશાસનમાં જ આવા સત્યનું પાલન શક્ય છે.}

૧૭૫ अनशनमूनोदरता, वृत्तेः संक्षेपणं रसत्यागः ।
कायक्लेशः संलीनतेति, बाह्यं तपः प्रोक्तम् ॥८३॥

અનશન, ઊણોદરી, વૃત્તિનો સંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, સંલીનતા એ બાહ્યતપ કહ્યો છે.

૧૭૬ प्रायश्चित्तध्याने, वैयावृत्त्यविनयावथोत्सर्गः ।
स्वाध्याय इति तपः, षट्प्रकारमभ्यन्तरं भवति ॥८४॥

પ્રાયશ્ચિત્ત, ધ્યાન, વૈયાવચ્ચ, વિનય, ઉત્સર્ગ અને સ્વાધ્યાય એ છ પ્રકારનો અભ્યંતર તપ છે.

૧૭૭ दिव्यात् कामरतिसुखात्,
त्रिविधं त्रिविधेन विरतिरिति नवकम् ।
औदारिकादपि तथा,
तद् ब्रह्माष्टादशविकल्पम् ॥८५॥

દિવ્ય કામસુખોથી ત્રિવિધ ત્રિવિધેન વિરતિ એ નવ અને ઔદારિકથી પણ વિરતિ એ નવ, એમ અઢાર પ્રકારનું બ્રહ્મચર્ય છે.

१७८ अध्यात्मविदो मूर्च्छां, परिग्रहं वर्णयन्ति निश्चयतः ।
तस्माद् वैराग्येप्सोः, आकिञ्चन्यं परो धर्मः ॥८६॥

અધ્યાત્મના જાણકારો પરમાર્થથી મૂર્ચ્છાને જ પરિગ્રહ કહે છે. એટલે વૈરાગ્યની ઈચ્છાવાળા માટે અનાસક્તિ એ શ્રેષ્ઠ ધર્મ છે.

१७९ दशविधधर्मानुष्ठायिनः, सदा रागद्वेषमोहानाम् ।
दृढरूढघनानामपि, भवत्युपशमोऽल्पकालेन ॥८७॥

દશવિધ ધર્મને સદા કરનારાના અત્યંત મજબૂત એવા રાગ-દ્વેષ-મોહ પણ થોડા જ કાળમાં શાંત થાય છે.

~~ વિનય ~~

६७ कुलरूपवचनयौवन-धनमित्रैश्वर्यसम्पदपि पुंसाम् ।
विनयप्रशमविहीना, न शोभते निर्जलेव नदी ॥८८॥

વિનય અને પ્રશમભાવ વિનાના માણસોના કુલ, રૂપ, વાક્પટુતા, યૌવન, ધન, મિત્રો, સત્તા વગેરે સંપત્તિઓ પાણી વિનાની નદીની જેમ શોભતા નથી.

६८ न तथा सुमहार्घ्यैरपि,
वस्त्राभरणैरलङ्कृतो भाति ।
श्रुतशीलमूलनिकषो,
विनीतविनयो यथा भाति ॥८९॥

અત્યંત કીમતી એવા વસ્ત્ર-આભૂષણથી અલંકૃત પણ તેવો શોભતો નથી, જેવો શ્રુત-શીલથી સંપન્ન વિનીત વ્યક્તિ શોભે છે.

૬૬ शास्त्रागमादृते न हितमस्ति,
न च शास्त्रमस्ति विनयम् ऋते ।
तस्माच्छास्त्रागमलिप्सुना,
विनीतेन भवितव्यम् ॥९०॥

શાસ્ત્રજ્ઞાન વિના હિત નથી. વિનય વિના શાસ્ત્રનું જ્ઞાન ન મળે. એટલે શાસ્ત્રજ્ઞાન મેળવવાની ઇચ્છા હોય તેણે વિનયવંત થવું.

૬૯ गुर्वायत्ता यस्मात्,
शास्त्रारम्भा भवन्ति सर्वेऽपि ।
तस्माद् गुर्वाराधनपरेण,
हितकाङ्क्षिणा भाव्यम् ॥९१॥

બધા જ શાસ્ત્રોનું જ્ઞાન ગુરુ પાસેથી જ મળે છે. એટલે હિતેચ્છુએ ગુરુની સેવા કરવામાં તત્પર થવું.

૭૦ धन्यस्योपरि निपतति, अहितसमाचरणघर्मनिर्वापी ।
गुरुवदनमलयनिसृतो, वचनसरसचन्दनस्पर्शः ॥९२॥

અહિતકર આચરણરૂપી તાપને દૂર કરનાર, ગુરુના મુખરૂપી મલયપર્વતમાંથી નીકળેલ વચનરૂપ સરસ ચંદનનો સ્પર્શ જેને મળે છે, તે ધન્ય છે.

૭૧ दुष्प्रतिकारौ मातापितरौ, स्वामी गुरुश्च लोकेऽस्मिन् ।
तत्र गुरुरिहामुत्र च, सुदुष्करतरप्रतीकारः ॥९३॥

આ લોકમાં માતા, પિતા, (આજીવિકા આપનાર) માલિક અને ગુરુના ઉપકારનો બદલો વાળવો દુઃશક્ય છે. તેમાંય ગુરુના ઉપકારનો બદલો તો આલોક કે પરલોકમાં પણ વાળવો અત્યંત દુઃશક્ય છે.

૭૨ विनयफलं शुश्रूषा, गुरुशुश्रूषाफलं श्रुतज्ञानम् ।
ज्ञानस्य फलं विरतिः, विरतिफलं चाश्रवनिरोधः ॥९४॥

વિનયનું ફળ શુશ્રૂષા (જિનવાણી શ્રવણની ઈચ્છા) છે. તીવ્ર શુશ્રૂષાનું ફળ શ્રુતજ્ઞાન છે. જ્ઞાનનું ફળ વિરતિ છે. વિરતિનું ફળ કર્મબંધનું અટકવું તે છે.

૭૩ संवरफलं तपोबलम्, अथ तपसो निर्जरा फलं दृष्टम् ।
तस्मात् क्रियानिवृत्तिः, क्रियानिवृत्तेरयोगित्वम् ॥९५॥

કર્મબંધ અટકવાનું ફળ તપની શક્તિ છે. તપનું ફળ કર્મની નિર્જરા છે. તેનાથી (મન-વચન-કાયાની) પ્રવૃત્તિ બંધ થાય છે. તેનાથી અયોગિપણું આવે છે.

૭૪ योगनिरोधाद् भवसन्ततिक्षयः, सन्ततिक्षयान्मोक्षः ।
तस्मात् कल्याणानां, सर्वेषां भाजनं विनयः ॥९६॥

યોગનિરોધથી ભવોની પરંપરાનો નાશ થાય છે. તેનાથી મોક્ષ થાય છે. આમ, સર્વ સુખોનો આધાર વિનય છે.

૧૩૧ लोकः खल्वाधारः, सर्वेषां ब्रह्मचारिणां यस्मात् ।
तस्माल्लोकविरुद्धं, धर्मविरुद्धं च सन्त्याज्यम् ॥९७॥

સર્વ સાધુઓને માટે લોક એ આધાર છે. એટલે લોકવિરુદ્ધ અને ધર્મવિરુદ્ધનો ત્યાગ કરવો. (અથવા તેથી લોકવિરુદ્ધ એ ધર્મવિરુદ્ધ પણ છે, અને તેથી ત્યાગ કરવા યોગ્ય છે.)

૨૩૨ धर्मावश्यकयोगेषु, भावितात्मा प्रमादपरिवर्जी ।
सम्यक्त्वज्ञानचारित्राणाम्, आराधको भवति ॥९८॥

ધર્મ અને આવશ્યક યોગોમાં ભાવિત થયેલ અને પ્રમાદનો ત્યાગી જીવ સમ્યક્ત્વ-જ્ઞાન અને ચારિત્રનો આરાધક થાય છે.

૨૪૯ जिनवरवचनगुणगणं,
सञ्चिन्तयतो वधाद्यपायांश्च ।
कर्मविपाकान् विविधान्,
संस्थानविधीननेकांश्च ॥९९॥

જિનેશ્વરના વચનના ગુણોના સમૂહને (આજ્ઞાવિચય-ધર્મધ્યાન), હિંસાદિના નુકસાનને (અપાયવિચયધર્મધ્યાન), કર્મના વિવિધ ફળને (વિપાકવિચયધર્મધ્યાન), અને (૧૪ રાજલોકના) અનેક આકારને (સંસ્થાનવિચયધર્મધ્યાન) વિચારતો...

૨૫૧ नित्योद्विग्नस्यैवं, क्षमाप्रधानस्य निरभिमानस्य ।
धूतमायाकलिमलनिर्मलस्य, जितसर्वतृष्णस्य ॥१००॥

આ રીતે હંમેશાં સંસારથી ઉદ્વિગ્નને, ક્ષમાપ્રધાનને, નિરભિમાનીને, માયારૂપી કલિના મળને ધોઈ નાખવાથી નિર્મળ થયેલાને, સર્વ તૃષ્ણાને જીતેલાને (એટલે કે ચારે કષાયથી રહિતને)...

૨૫૨ तुल्यारण्यकुलाकुल-विविक्तबन्धुजनशत्रुवर्गस्य ।
समवासीचन्दनकल्पन-प्रदेहादिदेहस्य ॥१०१॥

નિર્જન જંગલ અને વસતિથી ભરપૂર શહેરમાં સમાન બુદ્ધિ રાખનારને, બંધુજન અને શત્રુવર્ગથી રહિતને, શરીર ઉપર ચંદનનો લેપ કરનાર અને કરવતથી શરીરનું છેદન કરનાર પ્રત્યે સમાન ભાવ રાખનારને...

૨૫૩ आत्मारामस्य सतः, समतृणमणिमुक्तलोष्ठकनकस्य ।
स्वाध्यायध्यानपरायणस्य, दृढमप्रमत्तस्य ॥१०२॥

આત્મસ્વરૂપમાં મગ્ન, તણખલાં અને રત્ન/મોતીને કે પથ્થર અને સોનાને સમાન માનનાર, સ્વાધ્યાય-ધ્યાનમાં પરાયણ અને અત્યંત અપ્રમત્તને (ક્ષપકશ્રેણિ પ્રાપ્ત થાય છે.)

૨૬૪ क्षपकश्रेणिमुपगतः,
स समर्थः सर्वकर्मिणां कर्म ।
क्षपयितुमेको यदि,
कर्मसङ्क्रमः स्यात् परकृतस्य ॥१०३॥

જો બીજાએ કરેલા કર્મનો સંક્રમ થતો હોય (પોતાનામાં આવી શકતા હોય) તો ક્ષપકશ્રેણિમાં ચડેલ જીવ સર્વ જીવોના સર્વ કર્મો ખપાવવા સમર્થ છે.

२६७ मस्तकसूचिविनाशात्,
तालस्य यथा ध्रुवो भवति नाशः ।
तद्वत् कर्मविनाशो,
हि मोहनीयक्षये नित्यम् ॥१०४॥

જેમ ઉપરના ભાગે રહેલ સોય જેવા ભાગનો નાશ થાય તો તાલવૃક્ષનો નિશ્ચિતપણે નાશ થાય, તેમ મોહનીયકર્મનો ક્ષય થતાં બાકીના કર્મો નિશ્ચિતપણે નાશ પામે.

२९५ देहमनोवृत्तिभ्यां, भवतः शारीरमानसे दुःखे ।
तदभावस्तदभावे, सिद्धं सिद्धस्य सिद्धिसुखम् ॥१०५॥

શરીર અને મનની ઇચ્છાના કારણે શારીરિક અને માનસિક દુઃખો છે. (મોક્ષમાં) તેનો (શરીર-મનનો) અભાવ થવાથી દુઃખનો પણ અભાવ છે. આમ, સિદ્ધોનું મોક્ષસુખ સિદ્ધ થાય છે.

~~ ઉપસંહાર ~~

३०९ इत्येवं प्रशमरतेः, फलमिह स्वर्गापवर्गयोश्च शुभम् ।
सम्प्राप्यतेऽनगारैः, अगारिभिश्चोत्तरगुणाढ्यैः ॥१०६॥

આ પ્રમાણે પ્રશમરતિનું સ્વર્ગ-મોક્ષ રૂપ શુભ ફળ, સાધુ અને ઉત્તરગુણોથી યુક્ત શ્રાવકોને મળે છે[૧].

३११ सद्भिः गुणदोषज्ञैः,
दोषानुत्सृज्य गुणलवा ग्राह्याः ।
सर्वात्मना च सततं,
प्रशमसुखायैव यतितव्यम् ॥१०७॥

ગુણ-દોષને જાણનારા સજ્જનોએ દોષોને છોડીને નાના પણ ગુણો ગ્રહણ કરવા. હંમેશાં પ્રશમસુખ માટે જ પૂરેપૂરો પ્રયાસ કરવો.

३१३ सर्वसुखमूलबीजं, सर्वार्थविनिश्चयप्रकाशकरम् ।
सर्वगुणसिद्धिसाधनम्, अर्हच्छासनं जयति ॥१०८॥

સર્વ સુખોનું મૂળ કારણ, સર્વ પદાર્થોના નિશ્ચયનો બોધ કરાવનાર અને સર્વ ગુણોની સિદ્ધિનું સાધન એવું જિનશાસન જય પામે છે.

૧. શ્રાવકોને મહાવ્રત ન હોવાથી ઉત્તરગુણ જ બતાવ્યા છે.

# અધ્યાત્મ કલ્પદ્રુમ

# સૂક્ત-રત્ન-મંજૂષા

## (સાર્થ)

: આધારગ્રંથકર્તા :

પ. પૂ. આ. ભ. શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા

**મૂલગ્રંથ** : અધ્યાત્મકલ્પદ્રુમ સૂક્તરત્નમંજૂષા (સાર્થ)

**આધારગ્રંથ** : અધ્યાત્મકલ્પદ્રુમ

**આધારગ્રંથકર્તા** : પૂ. આ. શ્રી મુનિસુંદરસૂરિ મહારાજા

**અર્થસંકલન** : પૂ. મુ. શ્રી ભવ્યસુંદરવિ. મ. સા.

**અર્થસંશોધન** : દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.ના પ્રશિષ્ય... પ. પૂ. મુ. શ્રી હિતાર્થરત્નવિ. મ. સા.

**ભાષા** : સંસ્કૃત, ગુજરાતી

**વિષય** : અધ્યાત્મ

१/१ जयश्रीरान्तरारीणां, लेभे येन प्रशान्तितः ।
तं श्रीवीरजिनं नत्वा, रसः शान्तो विभाव्यते ॥१॥

જેમણે પ્રશમભાવ વડે આંતરશત્રુઓ ઉપર વિજય મેળવ્યો છે, તે શ્રીવીરપ્રભુને નમસ્કાર કરીને શાંતરસની ભાવના કરાય છે.

~~ મૈત્ર્યાદિ ભાવના ~~

१/१० भजस्व मैत्रीं जगदङ्गिराशिषु,
प्रमोदमात्मन् गुणिषु त्वशेषतः ।
भवार्तिदीनेषु कृपारसं सदा-
ऽप्युदासवृत्तिं खलु निर्गुणेष्वपि ॥२॥

હે આત્મન્ ! જગતના સર્વ જીવો પર મૈત્રીભાવ ધારણ કર. બધા ગુણવાનો પર પ્રમોદ ધારણ કર. સંસારની પીડાથી દુઃખી જીવો પર સદા કરુણા રાખ. અને નિર્ગુણીઓ પર ઉદાસીનભાવ રાખ.

~~ શરીર-મમત્વ ત્યાગ ~~

५/६ यतः शुचीन्यप्यशुचीभवन्ति,
कृम्याकुलात् काकशुनादिभक्ष्यात् ।
द्राग् भाविनो भस्मतया ततोऽङ्गात्,
मांसादिपिण्डात् स्वहितं गृहाण ॥३॥

જેના સંબંધથી પવિત્ર(અત્તર વગેરે) વસ્તુઓ પણ અશુચિ(પરસેવા વગેરેરૂપ) થઈ જાય છે તેવા, કૃમિઓથી ભરેલા, કાગડા-કૂતરાને ખાવા યોગ્ય, થોડા વખતમાં રાખરૂપે થઈ જનાર, માંસના પિંડરૂપ શરીરથી આત્માનું હિત કરી લે.

૫/૨ कारागृहाद् बहुविधाशुचितादिदुःखात्,
निर्गन्तुमिच्छति जडोऽपि हि तद्विभिद्य ।
क्षिप्तस्ततोऽधिकतरे वपुषि स्वकर्म-
व्रातेन तद् दृढयितुं यतसे किमात्मन् ? ॥४॥

મૂર્ખ માણસ પણ અશુચિ વગેરે ઘણા દુઃખોવાળી જેલને તોડીને છૂટવા ઇચ્છે છે. તો હે આત્મન્ ! જેલ કરતાં પણ વધુ ખરાબ એવા શરીરમાં પૂરાયેલો તું, પોતાના કાર્યો વડે તે બંધનને જ દૃઢ કરવા કેમ પ્રયત્ન કરે છે ?

૫/૮ मृत्पिण्डरूपेण विनश्वरेण,
जुगुप्सनीयेन गदालयेन ।
देहेन चेदात्महितं सुसाध्यं,
धर्मान्न किं तद्यतसेऽत्र मूढ ? ॥५॥

માટીના પિંડરૂપ, નાશવંત, જુગુપ્સનીય(ગંદા) અને રોગના ઘર જેવા શરીરથી ધર્મ કરીને જો આત્મહિત સાધી શકાય તેમ છે, તો હે મૂઢ ! શા માટે તેમાં યત્ન કરતો નથી ?

~~ વિષયત્યાગ ~~

१/६ यदिन्द्रियार्थैः सकलैः सुखं स्यात्,
नरेन्द्रचक्रित्रिदशाधिपानां ।
तद् बिन्दवत्येव[1] पुरो हि साम्य-
सुधाम्बुधेस्तेन तमाद्रियस्व ॥६॥

રાજા, ચક્રવર્તી કે ઈન્દ્રોને પણ ઈન્દ્રિયના સર્વ વિષયોથી જે સુખ થાય છે, તે સમતાના અમૃતતુલ્ય સુખરૂપી સમુદ્રની સામે બિંદુ જેટલું છે. માટે સમતાના સુખ માટે જ પ્રયત્ન કર.

१/२७ स्वप्नेन्द्रजालादिषु यद्वदाप्तैः,
रोषश्च तोषश्च मुधा पदार्थैः ।
तथा भवेऽस्मिन् विषयैः समस्तैः,
एवं विभाव्यात्मलयेऽवधेहि ॥७॥

સ્વપ્ન અને માયાજાળમાં મળેલા પદાર્થોથી હર્ષ કે શોક કરવો જેમ નકામો છે, તેમ આ સંસારમાં મળેલા ઈન્દ્રિયના સર્વ વિષયોથી પણ (હર્ષ કે શોક કરવો નકામો છે) એમ વિચારીને આત્મસ્વરૂપમાં જ મસ્ત બન.

१. बिन्दवति - बिन्दु + क्विप् પ્રત્યયથી ધાતુ બનાવીને વર્ત. ત્રીજો પુ. એ. વ. છે.

६/२ आपातरम्ये परिणामदुःखे,
सुखे कथं वैषयिके रतोऽसि ? ।
जडोऽपि कार्यं रचयन् हितार्थी,
करोति विद्वन् ! यदुदर्कतर्कम् ॥८॥

હે વિદ્વાન્ ! દેખીતી રીતે રમણીય પણ પરિણામે દુઃખરૂપ એવા વૈષયિક સુખમાં કેમ મગ્ન બન્યો છે ? કારણકે મૂર્ખ એવો પણ હિતેચ્છુ કાર્ય શરૂ કરતાં પહેલાં (પરિણામનો) વ્યવસ્થિત વિચાર કરે છે.

~~ વિષય-વૈરાગ્ય ~~

१०/१८ दुःखं यथा बहुविधं सहसेऽप्यकामः,
कामं तथा सहसि चेत् करुणादिभावैः ।
अल्पीयसाऽपि तव तेन भवान्तरे स्यात्,
आत्यन्तिकी सकलदुःखनिवृत्तिरेव ॥९॥

જેમ તું વગર ઇચ્છાએ અનેક પ્રકારના દુઃખ સહન કરે છે, તેમ જો કરુણાદિ ભાવોથી ઇચ્છાપૂર્વક સહન કરે, તો થોડા દુઃખો સહન કરવાથી પણ તને ભવાંતરમાં સર્વ દુઃખોથી કાયમી નિવૃત્તિ થશે.

१०/२५ शीतात् तापान्मक्षिकाकत्तृणादि-
स्पर्शाद्युत्थात् कष्टतोऽल्पाद् बिभेषि ।
तास्ताश्चैभिः कर्मभिः स्वीकरोषि,
श्वभ्रादीनां वेदना धिग् धियं ते ! ॥१०॥

(એક બાજુ) ઠંડી, ગરમી, માખી(મચ્છર) - અણીદાર ઘાસના સ્પર્શ(ડંખ)થી ઉત્પન્ન થતા અલ્પ કષ્ટથી પણ ડરે છે, અને (બીજી બાજુ) આ (પાપ) કાર્યો વડે નરક વગેરેની તેવા જ પ્રકારની વેદનાઓને સ્વીકારી લે છે. તારી બુદ્ધિને ધિક્કાર છે !

૧૦/૧૨ आत्मानमल्पैरिह वञ्चयित्वा,
प्रकल्पितैर्वाक्तनुचित्तसौख्यैः ।
भवाधमे किं जन ! सागराणि,
सोढाऽसि ही नारकदुःखराशीन् ? ॥११॥

હે માણસ ! થોડા અને કાલ્પનિક એવા મન-વચન-કાયાના સુખો વડે અહીં તારા આત્માને છેતરી અધમ સંસારમાં સાગરોપમો માટે નરકના દુઃખોના સમૂહને સહન કરનારો શા માટે થાય છે ?

૬/૯ विमोह्यसे किं विषयप्रमादैः,
भ्रमात् सुखस्यायतिदुःखराशेः ? ।
तद्गर्धमुक्तस्य हि यत् सुखं ते,
गतोपमं चायतिमुक्तिदं तत् ॥१२॥

ભવિષ્યમાં દુઃખના સમૂહરૂપ એવા સુખના ભ્રમથી ઇન્દ્રિયોના વિષયોરૂપી પ્રમાદમાં કેમ મોહ પામે છે ? વિષયોની આસક્તિથી મુક્ત થયેલા તને જે સુખ મળશે, તે નિરૂપમ અને ભવિષ્યમાં મોક્ષ આપનાર છે.

૧૦/૧૪ पतङ्गभृङ्गैणखगाहिमीन-
द्विपद्विपारिप्रमुखाः प्रमादैः ।
शोच्या यथा स्युर्मृतिबन्धदुःखैः,
चिराय भावी त्वमपीति जन्तो ! ॥१३॥

પતંગિયું, ભમરો, હરણ, પક્ષી, સર્પ, માછલું, હાથી, સિંહ વગેરે જીવો જેમ પ્રમાદના કારણે મરણ-બંધન વગેરે દુઃખો વડે દયનીય બને છે, તેમ હે જીવ ! તું પણ લાંબા કાળ માટે દયનીય થવાનો છે !

~~ સ્ત્રી-મમત્વ-ત્યાગ ~~

૨/૧ मुह्यसि प्रणयचारुगिरासु,
प्रीतितः प्रणयिनीषु कृतिंस्त्वम् ! ।
किं न वेत्सि पततां भववार्द्धौ,
ता नृणां खलु शिला गलबद्धाः ? ॥१४॥

હે જીવ ! તું પ્રેમથી સુંદર બોલનારી સ્ત્રીઓ પર પ્રેમ કરીને મોહ પામે છે, તો શું જાણતો નથી કે સંસારસમુદ્રમાં પડતા માણસો માટે તે સ્ત્રીઓ ગળે બાંધેલા પથ્થર જેવી છે ?

૨/૩ विलोक्य दूरस्थममेध्यमल्पं,
जुगुप्ससे मोटितनासिकस्त्वम् ।
भृतेषु तेनैव विमूढ ! योषा-
वपुष्षु तत् किं कुरुषेऽभिलाषम् ? ॥१५॥

દૂર રહેલી થોડી વિષ્ટાને જોઈને પણ તું નાક મરડીને દુર્ગંછા કરે છે, તો હે મૂઢ ! તે જ વિષ્ટાથી ભરેલા સ્ત્રીના શરીરની કેમ ઇચ્છા કરે છે ?

૨/૭ अमेध्यभस्त्रा बहुरन्ध्रनिर्यन्-
मलाविलोद्यत्कृमिजालकीर्णा ।
चापल्यमायाऽनृतवञ्चिका स्त्री,
संस्कारमोहात् नरकाय भुक्ता ॥१६॥

વિષ્ટાથી ભરેલ ચામડાની કોથળી, ઘણાં છિદ્રોમાંથી નીકળી રહેલા મળથી ભરપૂર, ઉત્પન્ન થતા કૃમિઓના સમૂહથી વ્યાપ્ત; ચપળતા, માયા અને જૂઠ વડે ઠગનારી એવી સ્ત્રી, પૂર્વના સંસ્કારથી ઉત્પન્ન થયેલ મોહના કારણે ભોગવાય છે, તે નરકમાં જવા માટે જ.

૨/૮ निर्भूमिर्विषकन्दली गतदरी व्याघ्री निराह्वो महा-
व्याधिर्मृत्युरकारणश्च ललनाऽनभ्रा च वज्राशनिः ।
बन्धुस्नेहविघातसाहसमृषावादादिसंतापभूः,
प्रत्यक्षाऽपि च राक्षसीति बिरुदैर्ख्याताऽऽगमे त्यज्यताम् ॥१७॥

જમીન વિનાની વિષવેલડી, ગુફા વગરની વાઘણ, નામ વગરનો મહારોગ, કારણ વિનાનું મૃત્યુ, વાદળ વિનાની વીજળી, સ્વજનોના સ્નેહનો નાશ, સાહસ-જૂઠ વગેરે સંતાપોનું જન્મસ્થાન, પ્રત્યક્ષ રાક્ષસી - આવા બિરૂદો વડે આગમમાં કહેવાયેલી સ્ત્રીને તજી દો.

## મનોનિગ્રહ

૪/૩ स्वर्गापवर्गौ नरकं तथाऽन्त-
मुर्हूर्तमात्रेण वशावशं यत् ।
ददाति जन्तोः सततं प्रयत्नाद्,
वशं तदन्तःकरणं कुरुष्व ॥१८॥

વશ કરેલું મન અંતર્મુહૂર્તમાં જીવને સ્વર્ગ-મોક્ષ આપે છે અને નિરંકુશ મન અંતર્મુહૂર્તમાં જ નરક આપે છે, માટે સતત પ્રયત્ન વડે મનને વશ કર.

૧૪/૧૮ विषयेन्द्रियसंयोगाभावात् के के न संयताः ? ।
रागद्वेषमनोयोगाभावाद् ये तु स्तवीमि तान् ॥१९॥

ઈન્દ્રિય અને વિષયનો સંયોગ જ ન થવાના કારણે તો કોણ સંયમી નથી ? મનમાં રાગ-દ્વેષ ન કરવાથી જે સંયમી છે, તેની હું સ્તવના કરું છું.

૯/૧૨ तपोजपाद्याः स्वफलाय धर्मा,
न दुर्विकल्पैर्हतचेतसः स्युः ।
तत् खाद्यपेयैः सुभृतेऽपि गेहे,
क्षुधातृषाभ्यां म्रियते स्वदोषात् ॥२०॥

દુષ્ટ વિકલ્પોથી હણાયેલ મનવાળા જીવના તપ-જપ વગેરે ધર્મો ફળ આપનારા થતા નથી. આ તો ખાન-પાનથી ભરેલા ઘરમાં, પોતાના દોષના કારણે ભૂખ-તરસથી મૃત્યુ પામવા જેવું છે !

૯/૧૬ स्वाध्याययोगैश्चरणक्रियासु,
व्यापारणैर्द्वादशभावनाभिः ।
सुधीस्त्रियोगीसदसत्प्रवृत्ति-
फलोपयोगैश्च मनो निरुन्ध्यात् ॥२१॥

વાચનાદિ સ્વાધ્યાયના યોગો, ચારિત્રની ક્રિયામાં પ્રવૃત્તિ, બાર ભાવનાઓ અને ત્રણે યોગની શુભાશુભ પ્રવૃત્તિના ફળની વિચારણાથી બુદ્ધિમાન જીવે મનને જકડી રાખવું.

૯/૧૭ भावनापरिणामेषु, सिंहेष्विव मनोवने ।
सदा जाग्रत्सु दुर्ध्यान-शूकरा न विशन्त्यपि ॥२२॥

મનરૂપ જંગલમાં, ભાવના અને શુભ પરિણામરૂપ સિંહો જો જાગ્રત હોય, તો દુર્ધ્યાનરૂપી સૂવરો પ્રવેશતા પણ નથી.

૧૪/૨ मनः संवृणु हे विद्वन् !, असंवृतमना यतः ।
याति तन्दुलमत्स्यो द्राक्, सप्तमीं नरकावनिम् ॥२३॥

હે વિદ્વાન્ ! મનનું નિયંત્રણ કર, કારણકે અનિયંત્રિત મનવાળો તંદુલમત્સ્ય તરત જ સાતમી નરકે જાય છે.

૧૪/૩ प्रसन्नचन्द्रराजर्षेः, मनःप्रसरसंवरौ ।
नरकस्य शिवस्यापि, हेतुभूतौ क्षणादपि ॥२४॥

પ્રસન્નચંદ્ર રાજર્ષિના મનનો પ્રસાર (અસંયમ) અને સંયમ, ક્ષણવારમાં નરક અને મોક્ષના કારણ બન્યા.

~~ શાસ્ત્રાધ્યયન ~~

૮/૩ अधीतिनोऽर्चादिकृते जिनागमः,
प्रमादिनो दुर्गतिपापतेर्मुधा ।
ज्योतिर्विमूढस्य हि दीपपातिनो,
गुणाय कस्मै शलभस्य चक्षुषी ? ॥२५॥

પૂજા-સત્કાર માટે ભણનારા (અને તેથી) દુર્ગતિમાં પડનારા પ્રમાદી માટે જિનાગમ નકામા છે. પ્રકાશથી અંજાઈને દીપકમાં પડનારા પતંગિયાની આંખો કયા લાભ માટે થાય છે ? (पापति - पत् ધાતુનું યઙ્લુબન્ત કરીને નામ બનાવ્યું છે.)

૮/૬ धिगागमैर्माद्यसि रञ्जयन् जनान्,
नोद्यच्छसि प्रेत्यहिताय संयमे ।
दधासि कुक्षिम्भरिमात्रतां मुने !,
क्व ते ? क्व तत् ? क्वैष च ते ? भवान्तरे ॥२६॥

ધિક્કાર હો તને મુનિ ! કે તું શાસ્ત્રો વડે લોકોનું મનોરંજન કરીને અભિમાન કરે છે, પણ પરલોકમાં હિતકર સંયમમાં ઉદ્યમ કરતો નથી. માત્ર (સંયમના વેશથી) પેટ ભરવાનું કામ કરે છે. ભવાંતરમાં તને તે આગમો, તે હિત અને સંયમ ક્યાંથી મળશે ?

૮/૧ अधीतिमात्रेण फलन्ति नागमाः,
समीहितैर्जीव ! सुखैर्भवान्तरे ।
स्वनुष्ठितैः किन्तु तदीरितैः खरो,
न यत् सिताया वहनश्रमात् सुखी ॥२७॥

હે જીવ ! માત્ર ભણવાથી આગમો ભવાંતરમાં ઈચ્છિત સુખ આપવાપૂર્વક ફળતા નથી, પરંતુ તેમાં કહેલાં સુંદર અનુષ્ઠાનો (કરવા)થી ફળે છે. ગધેડો કાંઈ સાકરનું વહન કરવામાત્રથી સુખી થતો નથી.

~~ કષાયત્યાગ ~~

૭/૧૫ कष्टेन धर्मो लवशो मिलत्यं,
क्षयं कषायैर्युगपत् प्रयाति च ।
अतिप्रयत्नार्जितमर्जुनं ततः,
किमज्ञ ! ही हारयसे नभस्वता ? ॥२८॥

ઘણી મહેનતે થોડો થોડો કરીને ધર્મ મળે છે, અને કષાયોથી એકઝાટકે નાશ પામે છે. તો હે મૂર્ખ ! ઘણી મહેનતે મેળવેલું સોનું પવનથી કેમ ઊડાડી દે છે ?

૭/૧૬ शत्रूभवन्ति सुहृदः कलुषीभवन्ति,
धर्मा यशांसि निचितायशसीभवन्ति ।
स्निह्यन्ति नैव पितरोऽपि च बान्धवाश्च,
लोकद्वयेऽपि विपदो भविनां कषायैः ॥२९॥

કષાયોના કારણે મિત્રો શત્રુ બની જાય છે, ધર્મ મલિન થાય છે, કીર્તિ ગાઢ અપયશમાં ફેરવાઈ જાય છે, માતા-પિતા-ભાઈઓ (સ્વજનો/મિત્રો) પણ સ્નેહ રાખતાં નથી. આમ (આલોક-પરલોકરૂપ) બંને લોકમાં જીવોને વિપત્તિ જ આવે છે.

१४/१९ कषायान् संवृणु प्राज्ञ !, नरकं यदसंवरात् ।
महातपस्विनोऽप्यापुः, करटोत्करटादयः ॥३०॥

હે વિદ્વાન્ ! કષાયોનું નિયંત્રણ કર, કારણકે કષાયના અનિયંત્રણના કારણે મહાતપસ્વી એવા કરટ-ઉત્કરટ વગેરે પણ નરકને પામ્યા.

७/१० धत्से कृतिन् ! यद्यपकारकेषु,
क्रोधं ततो धेह्यरिषट्क एव ।
अथोपकारिष्वपि तद् भवार्ति-
कृत्कर्महृन्मित्रबहिर्द्विषत्सु ॥३१॥

હે જીવ ! જો તું અપકારી પર ક્રોધ કરતો હોય તો (કામ-ક્રોધાદિ) છ શત્રુઓ પર કર. જો ઉપકારી ઉપર પણ કરતો હોય તો જ સંસારરૂપી દુઃખના જનક કર્મનો નાશ કરનારા (ઉપસર્ગ કરનાર) વાસ્તવિક મિત્રો, જે બહારથી દ્વેષ કરનાર છે, તેના પર કર.

૭/૧૧ अधीत्यनुष्ठानतपःशमाद्यान्,
धर्मान् विचित्रान् विदधत् समायान् ।
न लप्स्यसे तत्फलमात्मदेह-
क्लेशाधिकं ताँश्च भवान्तरेषु ॥३२॥

શાસ્ત્રાભ્યાસ, અનુષ્ઠાન, તપ, સમતા વગેરે અનેક પ્રકારના ધર્મોને માયાપૂર્વક કરનાર, પોતાના શારીરિક કષ્ટથી વધુ તે ધર્મોનું કોઈ ફળ મેળવતો નથી અને ભવાંતરમાં તે બધા ધર્મ પણ મેળવતો નથી.

૭/૧૨ सुखाय धत्से यदि लोभमात्मनो,
ज्ञानादिरत्नत्रितये विधेहि तत् ।
दुःखाय चेदत्र परत्र वा कृतिन् !
परिग्रहे तद् बहिरान्तरेऽपि च ॥३३॥

હે જીવ ! તું જો પોતાના સુખ માટે લોભ કરતો હોય તો જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નોનો કર. જો આભવ કે પરભવમાં દુઃખ માટે કરતો હોય તો જ બાહ્ય(ધનાદિ) અને આંતરિક(કષાયાદિ) પરિગ્રહનો કર.

૭/૨ पराभिभूतौ यदि मानमुक्तिः,
ततस्तपोऽखण्डमतः शिवं वा ।
मानादृतिः दुर्वचनादिभिश्चेत्,
तपःक्षयात् तन्नरकादिदुःखम् ॥३४॥

બીજા તરફથી અપમાન થતા જો અભિમાન ઉછળે નહીં તો તપ અખંડ રહે અને તેનાથી મોક્ષ થાય. બીજાના દુર્વચન સાંભળતા જો અભિમાન ઉછળે તો તપનો ક્ષય થતાં નરક વગેરે દુઃખો આવે.

૭/૯ पराभिभूत्याऽल्पिकयाऽपि,
कुप्यस्यघैरपीमां प्रतिकर्तुमिच्छन् ।
न वेत्सि तिर्यङ्नरकादिकेषु,
तास्तैरनन्तास्त्वतुला भवित्री ॥३५॥

જરાક અપમાન થવા પર પણ તું પાપના રસ્તે પણ તેનો પ્રતિકાર કરવા ઇચ્છતો ગુસ્સે થઈ જાય છે, પણ તું જાણતો નથી કે તે પાપોના કારણે નરક-તિર્યંચ વગેરેમાં અનંતા ઘોર અપમાનો થવાના છે.

૭/૪ श्रुत्वाऽऽक्रोशान् यो मुदा पूरितः स्यात्,
लोष्टाद्यैर्यश्चाहतो रोमहर्षी ।
यः प्राणान्तेऽप्यन्यदोषं न पश्यत्येष,
श्रेयो द्राग् लभेतैव योगी ॥३६॥

જે યોગી આક્રોશભર્યા વચનો સાંભળીને આનંદિત થાય અને કોઈ પથ્થર વગેરે મારે તો રોમાંચિત થાય, પ્રાણ જાય (કોઈ મારી નાખે) તો પણ બીજાનો દોષ ન જુએ, તે શીઘ્ર મોક્ષ મેળવે જ.

७/१७ रूपलाभकुलविक्रम-
विद्याश्रीतपोवितरणप्रभुताद्यैः ।
किं मदं वहसि ? वेत्सि न,
मूढानन्तशः स्म भृशलाघवदुःखम् ? ॥३७॥

રૂપ, લાભ, કુળ, પરાક્રમ, જ્ઞાન, લક્ષ્મી, તપ, દાન કે સત્તાનું અભિમાન શું કરે છે ? હે મૂર્ખ ! શું અનંતવાર થયેલ તારી અત્યંત લઘુતાના દુઃખને તું જાણતો નથી ?

१/१८ के गुणास्तव ? यतः स्तुतिमिच्छस्य-
द्भुतं किमकृथा ? मदवान् यत् ।
कैर्गता नरकभीः सुकृतैस्ते ?
किं जितः पितृपतिर्यदचिन्तः ? ॥३८॥

તારામાં કયા ગુણો છે, કે જેના કારણે પ્રશંસા ઇચ્છે છે ? શું અદ્ભુત કાર્ય કર્યું છે, કે અભિમાન કરે છે ? કયા સુકૃતો વડે તારો નરકનો ડર ચાલ્યો ગયો છે ? અથવા શું તેં યમરાજને જીતી લીધો છે, કે જેથી ચિંતારહિત છે ?

७/२१ मृत्योः कोऽपि न रक्षितो न जगतो, दारिद्र्यमुत्त्रासितं,
रोगस्तेननृपादिजा न च भियो, निर्णाशिता षोडश ।
विध्वस्ता नरका न नापि सुखिता, धर्मैस्त्रिलोकी सदा,
तत् को नाम गुणो ? मदश्च ? विभुता, का ? ते स्तुतीच्छा च का ? ॥३९॥

તેં મૃત્યુથી કોઈનું રક્ષણ કર્યું નથી. જગતમાંથી ગરીબી દૂર કરી નથી. રોગ-ચોર-રાજા વગેરેથી થતા ૧૬ ભયોનો નાશ કર્યો નથી. નરકનો ધ્વંસ કર્યો નથી. ધર્મથી ત્રણે લોકને સુખી કર્યા નથી. તો પછી તારામાં ગુણ શો ? અભિમાન શેનું ? મોટાઈ શેની ? અને તારી પ્રશંસાની ઇચ્છા પણ શેની ?

१०/५ विद्वानहं सकललब्धिरहं नृपोऽहं,
दाताऽहमद्भुतगुणोऽहमहं गरीयान् ।
इत्याद्यहङ्कृतिवशात् परितोषमेति,
नो वेत्सि किं परभवे लघुतां भवित्रीम् ? ॥४०॥

હું જ્ઞાની છું, હું સર્વ લબ્ધિવાળો છું, હું રાજા છું, હું દાતા છું, હું અદ્‌ભુત ગુણોવાળો છું, હું મોટો છું.. એવા બધા અહંકારથી ખુશ થાય છે, તો શું પરભવમાં થનારી તારી લઘુતાને જાણતો નથી ?

~~ સ્વપ્રશંસા / પરનિંદા ત્યાગ ~~

११/४ जनेषु गृह्णत्सु गुणान् प्रमोदसे,
ततो भवित्री गुणरिक्तता तव ।
गृह्णत्सु दोषान् परितप्यसे च चेद्,
भवन्तु दोषास्त्वयि सुस्थिरास्ततः ॥४१॥

જો લોકો તારા ગુણ જુએ ત્યારે ખુશ થઈશ, તો તું ગુણરહિત થઈશ. અને જો દોષ જુએ ત્યારે ખેદ પામીશ તો દોષો તારામાં કાયમી સ્થિર થશે.

११/५ प्रमोदसे स्वस्य यथाऽन्यनिर्मितैः,
स्तवैर्तथा चेत् प्रतिपन्थिनामपि ।
विगर्हणैः स्वस्य यथोपतप्यसे,
तथा रिपूणामपि चेत् ततोऽसि वित् ॥४४॥

બીજા વડે કરાયેલી તારી પ્રશંસાથી જેમ ખુશ થાય છે, તે રીતે જ જો વિરોધીઓની પણ પ્રશંસાથી ખુશ થાય; પોતાની નિંદાથી જેમ દુઃખી થાય છે તેમ જો શત્રુઓની નિંદાથી પણ દુઃખી થાય; તો તું ખરો જ્ઞાની છે.

११/७ भवेन्न कोऽपि स्तुतिमात्रतो गुणी,
ख्यात्या न बह्व्याऽपि हितं परत्र च ।
तदिच्छुरीर्ष्यादिभिरायतिं ततो,
मुधाऽभिमानग्रहिलो निहंसि किम् ? ॥४३॥

માત્ર પ્રશંસાથી કોઈ ગુણી થઈ જતું નથી અને ઘણી કીર્તિથી પણ પરભવમાં હિત થતું નથી. તો પછી અભિમાનને વશ થઈને તે પ્રશંસા વગેરેની ઇચ્છાવાળો તું (જેમની પ્રશંસા થાય છે, તેમના પરની) ઈર્ષ્યા વગેરે વડે ભવિષ્યને ફોગટ કેમ બગાડે છે ?

११/१० स्तुतैः श्रुतैर्वाऽप्यपरैर्निरीक्षितैः,
गुणस्तवात्मन् ! सुकृतैर्न कश्चन ।
फलन्ति नैव प्रकटीकृतैर्भुवो,
द्रुमा हि मूलैः निपतन्त्यपि त्वधः ॥४४॥

હે આત્મન્ ! તારા સુકૃતોને બીજા જુએ, સાંભળે કે પ્રશંસા કરે, તેનાથી તને કંઈ લાભ નથી. ધરતીમાંથી મૂળ કાઢી નાંખવાથી વૃક્ષો ફળતા નથી, પણ નીચે પડી જાય છે.

૧૧/૧૧ तपःक्रियाऽऽवश्यकदानपूजनैः,
शिवं न गन्ता गुणमत्सरी जनः ।
अपथ्यभोजी न निरामयो भवेद्,
रसायनैरप्यतुलैः यदातुरः ॥४५॥

બીજાના ગુણની ઈર્ષ્યા કરનાર માણસ, તપ-ક્રિયા-આવશ્યક-દાન કે પૂજનથી મોક્ષમાં જતો નથી. અપથ્યને ખાનાર રોગી અજોડ રસાયણોથી પણ નિરોગી થતો નથી.

~~ ગુરુ ~~

૧૨/૧ तत्त्वेषु सर्वेषु गुरुः प्रधानं,
हितार्थधर्मा हि तदुक्तिसाध्याः ।
श्रयंस्तमेवेत्यपरीक्ष्य मूढ !
धर्मप्रयासान् कुरुषे वृथैव ॥४६॥

બધા તત્ત્વોમાં ગુરુ પ્રધાન છે. આત્મહિત માટેના ધર્મો, તેમના વચનથી જ સાધી શકાય છે. ત્યારે હે મૂઢ ! પરીક્ષા કર્યા વગર જ ગુરુનો આશ્રય કરીને ધર્મમાં મહેનત કરે છે, તે વ્યર્થ છે.

૧૨/૨ भवी न धर्मैरविधिप्रयुक्तैः,
गमी शिवं येषु गुरुर्न शुद्धः ।
रोगी हि कल्यो न रसायनैस्तैः,
येषां प्रयोक्ता भिषगेव मूढः ॥४७॥

જ્યાં ગુરુ શુદ્ધ નથી, ત્યાં અવિધિથી કરાયેલ ધર્મથી જીવ મોક્ષમાં જવાનો નથી. જેનો આપનાર વૈદ્ય જ મૂર્ખ હોય, તેવા રસાયણોથી રોગી સાજો ન થાય.

૧૨/૮ नाम्रं सुसिक्तोऽपि ददाति निम्बकः,
पुष्टा रसैर्वन्ध्यगवी पयो न च ।
दुःस्थो नृपो नैव सुसेवितः श्रियं,
धर्मं शिवं वा कुगुरुर्न संश्रितः ॥४८॥

સારી રીતે સિંચાયેલો લીમડો પણ કેરી આપતો નથી. રસકસવાળા આહાર વડે પુષ્ટ કરાયેલ વંધ્યા ગાય દૂધ આપતી નથી. સારી રીતે સેવા કરાયેલો પણ પોતે જ દુઃખમાં આવી પડેલ રાજા ધન આપતો નથી. તેમ આશ્રય કરાયેલ કુગુરુ ધર્મ કે મોક્ષ આપતા નથી.

૧૨/૧૦ मातापिता स्वः सुगुरुश्च तत्त्वात्,
प्रबोध्य यो योजयति शुद्धधर्मे ।
न तत्समोऽरि क्षिपते भवाब्धौ,
यो धर्मविघ्नादिकृतेश्च जीवम् ॥४९॥

બોધ પમાડીને જે શુદ્ધધર્મમાં જોડે તે જ ખરાં માતા-પિતા, સ્વજન કે સુગુરુ છે. જે જીવને ધર્મમાં અંતરાય કરીને સંસારસમુદ્રમાં પાડે, તેના જેવો તો કોઈ શત્રુ નથી.

~~ ધર્મશુદ્ધિ ~~

११/२ शैथिल्यमात्सर्यकदाग्रहक्रुधो,
ऽनुतापदम्भाविधिगौरवाणि च ।
प्रमादमानौ कुगुरुः कुसङ्गतिः,
श्लाघार्थिता वा सुकृते मला इमे ॥५०॥

શિથિલતા, ઈર્ષ્યા, કદાગ્રહ, ક્રોધ, પશ્ચાત્તાપ, દંભ, અવિધિ, ગૌરવ (રસ વગેરે ગારવ), પ્રમાદ, અભિમાન, કુગુરુ, કુસંગ, પ્રશંસાની ઈચ્છા - આ બધા સુકૃતમાં દોષરૂપ છે.

७/१३ करोषि यत् प्रेत्यहिताय किञ्चित्,
कदाचिदल्पं सुकृतं कथञ्चित् ।
मा जीहरस्तन्मदमत्सराद्यैः,
विना च तन्मा नरकातिथिर्भूः ॥५१॥

પરલોકમાં હિત માટે જે ક્યારેક, કાંઈક નાનું સુકૃત કોઈપણ રીતે કરે છે, તેને અભિમાન-ઈર્ષ્યા વગેરેથી નષ્ટ ન કર. અને તેના વિના નરકનો મહેમાન ન બન.

૧૧/૧૩ दीपो यथाऽल्पोऽपि तमांसि हन्ति,
लवोऽपि रोगान् हरते सुधायाः ।
तृण्यां दहत्याशु कणोऽपि चाग्नेः
धर्मस्य लेशोऽप्यमलस्तथांहः ॥५२॥

નાનો પણ દીવો અંધકારને હણે છે. અમૃતનો અંશ પણ રોગોનો નાશ કરે છે. અગ્નિનો કણ પણ ઘાસના ઢગલાને તરત બાળે છે, તેમ શુદ્ધ ધર્મનો અંશ પણ પાપનો નાશ કરે છે.

૧૧/૧૪ भावोपयोगशून्याः कुर्वन्, आवश्यिकी क्रियाः सर्वाः ।
देहक्लेशं लभसे, फलमाप्स्यसि नैव पुनरासाम् ॥५३॥

ભાવ અને ઉપયોગ વિના બધી આવશ્યક ક્રિયા કરતો તું કાયક્લેશ પામીશ. આવશ્યકક્રિયાનું ફળ તો નહીં જ પામે.

~~ સંસારના દુઃખો ~~

૮/૧૦ दुर्गन्धतो यदणुतोऽपि पुरस्य मृत्युः,
आयूंषि सागरमितान्यप्यनुपक्रमाणि ।
स्पर्शः खरः क्रकचतोऽतितमामितश्च,
दुःखावनन्तगुणितौ भृशशैत्यतापौ ॥५४॥

જેની દુર્ગંધના પરમાણુથી પણ આખા નગરનું મોત થાય, જ્યાં સાગરોપમો પ્રમાણ નિરુપક્રમ આયુષ્ય છે, જ્યાં (પૃથ્વીનો) ખર (કર્કશ) સ્પર્શ કરવતથી પણ અત્યંત દુઃખદાયક છે અને જ્યાં અત્યંત ઠંડી-ગરમીના દુઃખ અનંતગણા છે...

८/११ तीव्रा व्यथाः सुरकृता विविधाश्च यत्र,
क्रन्दारवैः सततमभ्रभृतोऽप्यमुष्मात् ।
किं भाविनो न नरकात् कुमते ! बिभेषि ?,
यन्मोदसे क्षणसुखैर्विषयैः कषायी ॥५५॥

જ્યાં અનેક પ્રકારની પરમાધામી દેવકૃત વેદનાઓ છે, જે આક્રંદના અવાજથી આકાશને ભરી દેનાર છે; તેવી થનારી નરકથી હે કુમતિ ! શું તું બીતો નથી ? કે (જેથી) કષાયવાળો થઈને ક્ષણિક સુખ આપનારા વિષયોથી આનંદ પામે છે !

८/१२ बन्धोऽनिशं वाहनताडनानि,
क्षुत्तृड्दुरामातपशीतवाताः ।
निजान्यजातीयभयापमृत्यु-
दुःखानि तिर्यक्ष्विति दुस्सहानि ॥५६॥

રાત-દિવસ બંધન, ભારવહન, માર, ભૂખ, તરસ, દુષ્ટ રોગો, તડકો, ઠંડા પવનો, પોતાની અને બીજી જાતિના જીવોથી ભય, અપમૃત્યુ.. તિર્યંચગતિમાં આ અસહ્ય દુઃખો છે.

८/१३ मुधाऽन्यदास्याभिभवाभ्यसूया,
भियोऽन्तगर्भस्थितिदुर्गतीनाम् ।
एवं सुरेष्वप्यसुखानि नित्यं,
किं तत्सुखैर्वा परिणामदुःखैः ? ॥५७॥

ફોગટ બીજાની સેવા, અપમાન, ઈર્ષ્યા, મોત-ગર્ભવાસ-દુર્ગતિનો ભય.. એમ દેવલોકમાં પણ સદા દુઃખ છે. અથવા પરિણામે દુઃખદાયી એવા (દેવલોકના વિષય)સુખોથી પણ શું ?

૮/૧૪ सप्तभीत्यभिभवेष्टविप्लवा-
निष्टयोगगदद्ःसुतादिभिः ।
स्यात् चिरं विरसता नृजन्मनः,
पुण्यतः सरसतां तदानय ॥५८॥

સાત ભય, અપમાન, ઈષ્ટનો નાશ, અનિષ્ટનો યોગ, રોગ, કુપુત્રો વગેરે વડે મનુષ્ય જન્મ પણ અત્યંત દુઃખદ થાય છે. તો પુણ્યથી તેમાં સરસતા લાવ.

~~ સ્વજન-મમત્વ ત્યાગ ~~

૧/૨૬ स्निह्यन्ति तावद्धि निजा निजेषु,
पश्यन्ति यावन् निजमर्थमेभ्यः ।
इमां भवेऽत्रापि समीक्ष्य रीतिं,
स्वार्थे न कः प्रेत्यहिते यतेत ? ॥५९॥

સગા-સંબંધીઓ જ્યાં સુધી સગાંઓ પાસેથી પોતાના સ્વાર્થને જુએ છે, ત્યાં સુધી જ સ્નેહ રાખે છે. સંસારમાં અહીં પણ આવી (સ્વાર્થી) રીત જોઈને કોણ પરલોકમાં હિતકર એવા સ્વાર્થ માટે પ્રયત્ન ન કરે ?

१०/२२ यैः क्लिश्यसे त्वं धनबन्ध्वपत्य-
यशःप्रभुत्वादिभिराशयस्थैः ।
कियानिह प्रेत्य च तैर्गुणस्ते ?
साध्य किमायुश्च ? विचारयैवम् ॥६०॥

કલ્પનામાં જ રહેલ જે ધન, સગાં, સંતાનો, યશ, સત્તા વગેરે માટે તું કષ્ટ ઊઠાવે છે, તે બધાથી અહીં કે પરલોકમાં કેટલો લાભ થવાનો છે ? અને શું તેનાથી આયુષ્ય ઘટતું રોકી શકાય છે ? તે વિચાર.

१०/२१ ये पालिता वृद्धिमिताः सहैव,
स्निग्धा भृशं स्नेहपदं च ये ते ।
यमेन तानप्यदयं गृहीतान्,
ज्ञात्वाऽपि किं न त्वरसे हिताय ? ॥६१॥

જે તારી સાથે જ પળાયા, મોટા થયા, તારા પર સ્નેહવાળા હતા અને તને પણ જેમના પર સ્નેહ હતો, તેમને પણ યમ (મૃત્યુ) વડે નિર્દય રીતે પકડાયેલા જાણ્યા પછી પણ તું કેમ હિત માટે ઉતાવળ કરતો નથી ?

~~ પ્રમાદત્યાગ ~~

१२/१५ पूर्णे तटाके तृषितः सदैव,
भृतेऽपि गेहे क्षुधितः स मूढः ।
कल्पद्रुमे सत्यपि हि दरिद्रो,
गुर्वादियोगेऽपि हि यः प्रमादी ॥६२॥

જે ગુરુ વગેરેનો યોગ મળવા છતાં પ્રમાદ કરે છે, તે મૂર્ખ તળાવ ભરેલું હોવા છતાં સદા તરસ્યો છે, ઘર ભરેલું હોવા છતાં ભૂખ્યો છે અને કલ્પવૃક્ષ મળવા છતાં ગરીબ છે.

१२/१६ न धर्मचिन्ता गुरुदेवभक्तिः,
येषां न वैराग्यलवोऽपि चित्ते ।
तेषां प्रसूक्लेशफलः पशूनां,
इवोद्भवः स्याद् उदरम्भरिणाम् ॥६३॥

જેને ધર્મની ઈચ્છા, દેવ-ગુરુની ભક્તિ કે ચિત્તમાં વૈરાગ્યનો અંશમાત્ર નથી, તેવા પેટભરાઓનો જન્મ તો પશુઓની જેમ માત્ર માતાને પ્રસૂતિનું કષ્ટ આપવા માટે જ છે.

१०/७ धर्मस्यावसरोऽस्ति पुद्गलपरावर्तैरनन्तैस्तवा-
यातः सम्प्रति जीव ! हे प्रसहतो दुःखान्यनन्तान्ययम् ।
स्वल्पाहः पुनरेष दुर्लभतमश्चास्मिन् यतस्वार्हतो,
धर्मं कर्तुमिमं विना हि न हि ते दुःखक्षयः कर्हिचित् ॥६४॥

હે જીવ ! અનંતા દુઃખો સહન કરતાં કરતાં અનંતા પુદ્ગલ પરાવર્ત ગયા પછી હાલમાં ધર્મ કરવાનો અવસર તને મળ્યો છે. વળી એ થોડા દિવસનો છે અને અતિશય દુર્લભ છે. તો એમાં (ધર્મ કરવામાં) પ્રયત્ન કર. આ અરિહંતનો ધર્મ કર્યા વિના તારા દુઃખોનો ક્ષય કોઈ રીતે નહીં થાય.

१०/८ गुणस्तुतीर्वाञ्छसि निर्गुणोऽपि,
सुखप्रतिष्ठादि विनाऽपि पुण्यम् ।
अष्टाङ्गयोगं च विनाऽपि सिद्धिः,
वातूलता काऽपि नवा[1] तवात्मन् ! ॥६५॥

હે જીવ ! તું નિર્ગુણ હોવા છતાં ગુણોની પ્રશંસા ઈચ્છે છે. પુણ્ય વિના પણ સુખ-પ્રતિષ્ઠા વગેરે ઈચ્છે છે. અષ્ટાંગ યોગ કર્યા વિના સિદ્ધિને ઈચ્છે છે. તારી વાચાળતા તો કોઈ નવી જ છે !

१०/४ कस्ते निरञ्जन ! चिरं जनरञ्जनेन,
धीमन् ! गुणोऽस्ति ? परमार्थदृशेति पश्य ।
तं रञ्जयाशु विशदैश्चरितैर्भवाब्धौ,
यस्त्वां पतन्तमबलं परिपातुमीष्टे ॥६६॥

१. नवा - नवीना ।

હે નિરંજન(આત્મન્) ! હે બુદ્ધિમાન્ ! ઘણો કાળ જનરંજન કરવાથી તને વાસ્તવિક દૃષ્ટિએ શો લાભ થવાનો છે ? તે વિચાર. (અને એટલે જનરંજન છોડીને) વિશુદ્ધ આચરણ વડે તેનું (દેવ-ગુરુનું) રંજન કર કે જે સંસારસમુદ્રમાં ડૂબી રહેલા નિર્બળ એવા તને બચાવવા સમર્થ હોય.

१५/६ कृताकृतं स्वस्य तपोजपादि-
शक्तीरशक्तीः सुकृतेतरे[1] च ।
सदा समीक्षस्व हृदाऽथ साध्ये,
यतस्व हेयं त्यज चाव्ययार्थी ॥६७॥

પોતાના કરેલા અને નહીં કરેલા તપ-જપ, શક્તિ-અશક્તિ, સુકૃત-દુષ્કૃતને હંમેશા મનથી વિચાર. અને મોક્ષનો ઇચ્છુક એવો તું તેના ઉપાયમાં પ્રયત્ન કર. હેયને ત્યજી દે.

१०/१० किमर्दयन् निर्दयमङ्गिनो लघून्,
विचेष्टसे कर्मसु ही प्रमादतः ? ।
यदेकशोऽप्यन्यकृतार्दनः,
सहत्यनन्तशोऽप्यङ्ग्ययमर्दनं भवे ॥६८॥

શા માટે પ્રમાદથી નિર્દયપણે નાના જીવોને પીડા કરતો કામ કરે છે ? કારણકે એકવાર પણ જેણે બીજાને પીડા કરી છે, તેવો જીવ આ સંસારમાં અનંત વાર પીડા સહન કરે છે.

---

૧. અહીં सुकृतेतरे પ્રથમા દ્વિવચન છે, સપ્તમી નહીં.

### વાણી-સંયમ

१४/८ इहामुत्र च वैराय, दुर्वाचो नरकाय च ।
अग्निदग्धाः प्ररोहन्ति, दुर्वाग्दग्धा पुनर्न हि ॥६९॥

દુષ્ટ વચન, આલોકમાં વૈર માટે અને પરલોકમાં નરક માટે થાય છે. કદાચ અગ્નિથી બળેલ (બીજ) ઊગે, પણ દુષ્ટ વચનથી બળેલ વ્યક્તિ નહીં. (સહાયક ન બને.)

१४/९ अत एव जिना दीक्षा-कालादाकेवलोद्भवम् ।
अवद्यादिभिया ब्रूयुः, ज्ञानत्रयभृतोऽपि न ॥७०॥

એટલે જ ત્રણ જ્ઞાનના ધારક જિનેશ્વર ભગવંતો દીક્ષાથી માંડીને કેવળજ્ઞાન થવા સુધી, પાપાદિના ડરથી બોલતાં નથી. (ભગવાનને દીક્ષા પછી ૪ જ્ઞાન હોય છે, છતાં મનઃપર્યવજ્ઞાનનો વિષય અલ્પ હોવાથી ૩ જ્ઞાન કહ્યા હોય તેવું સંભવે છે.)

### ~~ સમતા ~~

१/९ न यस्य मित्रं न च कोऽपि शत्रुः,
निजः परो वाऽपि न कश्चनास्ते ।
न चेन्द्रियार्थेषु रमेत चेतः,
कषायमुक्तः परमः स योगी ॥७१॥

જેને કોઈ મિત્ર કે શત્રુ નથી, કોઈ પોતાનું કે પારકું નથી, જેનું ચિત્ત ઇન્દ્રિયોના વિષયોમાં રમતું નથી, કષાયોથી મુક્ત એવી તે વ્યક્તિ શ્રેષ્ઠ યોગી છે.

१५/९ कुर्या न कुत्रापि ममत्वभावं,
न च प्रभो ! रत्यरती कषायान् ।
इहापि सौख्यं लभसेऽप्यनीहो,
ह्यनुत्तरामर्त्यसुखाभमात्मन् ! ॥७२॥

હે સમર્થ આત્મન્ ! ક્યાંય મમત્વ ન કર. રતિ-અરતિ કે કષાય ન કર. તો નિઃસ્પૃહ એવો તું અહીંયાં જ અનુત્તર દેવ જેવું સુખ મેળવીશ.

१६/३ निःसङ्गतामेहि सदा तदात्मन् !
अर्थेष्वशेषेष्वपि साम्यभावात् ।
अवेहि विद्वन् ! ममतैव मूलं,
शुचां सुखानां समतैव चेति ॥७३॥

હે આત્મન્ ! માટે જ બધા પદાર્થો પર સમતાભાવથી નિઃસંગ (અનાસક્ત) બન. હે વિદ્વાન્ ! મમતા જ બધા દુઃખોનું મૂળ છે અને સમતા જ સુખોનું મૂળ છે, તે જાણી લે.

१६/५ तमेव सेवस्व गुरुं प्रयत्नाद्,
अधीष्व शास्त्राण्यपि तानि विद्वन् ! ।
तदेव तत्त्वं परिभावयात्मन् !
येभ्यो भवेत् साम्यसुधोपभोगः ॥७४॥

હે વિદ્વાન્ આત્મન્ ! તે જ ગુરુની સેવા કર, તે જ શાસ્ત્રો ભણ, તે જ તત્ત્વનું ચિંતન કર કે જેનાથી સમતારૂપી અમૃતનો આસ્વાદ મળે.

~~ યતિશિક્ષા ~~

१३/२ स्वाध्यायमाधित्ससि नो प्रमादैः,
शुद्धा न गुप्तीः समितीश्च धत्से ।
तपो द्विधा नार्जसि देहमोहाद्,
अल्पेऽपि हेतौ दधसे कषायान् ॥७५॥

પ્રમાદના કારણે તું સ્વાધ્યાય કરતો નથી, શુદ્ધ સમિતિ-ગુપ્તિ પાળતો નથી, શરીરના મોહથી બંને પ્રકારનો તપ કરતો નથી, સામાન્ય કારણમાં પણ કષાય કરે છે.

१३/३ परिषहान् नो सहसे न चोप-
सर्गान्न शीलाङ्गधरोऽपि चासि ।
तन्मोक्ष्यमाणोऽपि भवाब्धिपारं,
मुने ! कथं यास्यसि वेषमात्रात् ? ॥७६॥

હે મુનિ ! તું પરિષહ કે ઉપસર્ગો સહન કરતો નથી, શીલાંગને ધારણ કરતો નથી, છતાં પણ મોક્ષમાં જવા ઇચ્છે છે, તો વેષમાત્રથી કઈ રીતે સંસારસમુદ્રને પાર ઉતરીશ ?

१३/९ नाजीविकाप्रणयिनीतनयादिचिन्ता,
नो राजभीश्च भगवत्समयं च वेत्सि ।
शुद्धे तथाऽपि चरणे यतसे न भिक्षो !
तत्ते परिग्रहभरो नरकार्थमेव ॥७७॥

હે સાધુ ! તને આજીવિકા - પત્ની કે પુત્રની ચિંતા નથી, રાજાનો ભય નથી અને ભગવાનના શાસ્ત્રોને જાણે છે, છતાં પણ શુદ્ધ ચારિત્રમાં પ્રયત્ન કરતો નથી, તો તારો બધો (ઉપકરણાદિનો) પરિગ્રહ નરક માટે જ થવાનો છે.

१३/११ उच्चारयस्यनुदिनं न करोमि सर्वं,
सावद्यमित्यसकृदेतदथो करोषि ।
नित्यं मृषोक्तिजिनवञ्चनभारितात् तत्,
सावद्यतो नरकमेव विभावये ते ॥७८॥

રોજ 'હું કોઈ સાવદ્ય નહીં કરું' એમ અનેકવાર બોલે છે અને પાછો કરે છે. આમ સદા જૂઠ બોલવા અને પ્રભુને છેતરવાના પાપથી તારી નરક જ થશે, એમ હું માનું છું.

१३/१२ वेषोपदेशाद्युपधिप्रतारिता,
ददत्यभीष्टानृजवोऽधुना जनाः ।
भुङ्क्षे च शेषे च सुखं विचेष्टसे,
भवान्तरे ज्ञास्यसि तत्फलं पुनः ॥७९॥

સાધુના વેષ અને ઉપદેશ વગેરે કપટથી છેતરાયેલા સરળ માણસો હમણાં તો તને ઈચ્છિત વસ્તુઓ આપે છે. તે તું ખાય છે, સૂવે છે, સુખે વિચરે છે પણ તેનું ફળ ભવાંતરમાં જાણીશ.

૧૩/૧૬ गृह्णासि शय्याऽऽह्रुतिपुस्तकोपधीन्,
सदा परेभ्यः तपसस्त्वियं स्थितिः ।
तत्ते प्रमादाद् भरितात् प्रतिग्रहैः,
ऋणार्णमग्नस्य परत्र का गतिः ? ॥८०॥

બીજા પાસેથી તું હંમેશાં મકાન, આહાર, પુસ્તક, ઉપધિ વગેરે લે છે. એ અધિકાર તો તપસ્વીઓને જ છે. તો પછી પ્રમાદથી ભરેલા, લોકો પાસેથી લઈને દેવાદાર થયેલા એવા તારી પરલોકમાં કઈ ગતિ થશે ?

૧૩/૧૩ आजीविकादिविविधार्त्तिभृशानिशार्त्ताः,
कृच्छ्रेण केऽपि महतैव सृजन्ति धर्मान् ।
तेभ्योऽपि निर्दय ! जिघृक्षसि सर्वमिष्टं,
नो संयमे च यतसे भविता कथं ही ? ॥८१॥

આજીવિકા વગેરે અનેક પીડાઓથી સદા અત્યંત દુ:ખી કેટલાક માણસો ઘણી મહેનતે (દાનાદિ)ધર્મ કરતા હોય છે. તેમની પાસેથી પણ બધી જ ઈષ્ટ વસ્તુઓ લેવા ઈચ્છતો હે નિર્દય ! તું સંયમમાં યત્ન કરતો નથી, તો તારું શું થશે ?

१३/२२ भवेद् गुणी मुग्धकृतैर्न हि स्तवैः,
न ख्यातिदानार्चनवन्दनादिभिः ।
विना गुणान् नो भवदुःखसंक्षयः,
ततो गुणानर्जय किं स्तवादिभिः ? ॥८२॥

ભોળા માણસોએ કરેલી પ્રશંસા કે પ્રસિદ્ધિ, દાન, પૂજન, વંદન વગેરેથી કોઈ ગુણી બની જતું નથી, અને ગુણ વિના સંસારના દુઃખોનો નાશ થતો નથી. એટલે ગુણોનું જ ઉપાર્જન કર, પ્રશંસાથી શું થવાનું છે ?

१३/८ गुणांस्तवाश्रित्य नमन्त्यमी जना,
ददत्युपध्यालयभैक्ष्यशिष्यकान् ।
विना गुणान् वेषमृषेः बिभर्षि चेत्,
ततष्ठकानां तव भाविनी गतिः ॥८३॥

તારા ગુણોને લઈને લોકો નમસ્કાર કરે છે અને ઉપધિ, મકાન, ગોચરી, શિષ્યો આપે છે. જો તું ગુણ વિના જ સાધુનો વેશ ધારણ કરે છે, તો તારી ગતિ ઠગ જેવી થવાની છે.

१३/२४ परिग्रहं चेद् व्यजहा गृहादेः,
तत् किं नु धर्मोपकृतिच्छलात् तं ।
करोषि शय्योपधिपुस्तकादेः,
गरोऽपि नामान्तरतोऽपि हन्ता ॥८४॥

ઘર વગેરેનો પરિગ્રહ જો છોડી દીધો છે, તો પછી ધર્મોપકરણના બહાને મકાન-ઉપધિ-પુસ્તકનો પરિગ્રહ કેમ કરે છે ? નામ બદલો તો પણ ઝેર મારી જ નાખે.

१३/२७ रक्षार्थं खलु संयमस्य गदिता, येऽर्था यतिनां जिनैः,
वासःपुस्तकपात्रकप्रभृतयो धर्मोपकृत्यात्मकाः ।
मूर्छन्मोहवशात् त एव कुधियां संसारपाताय धिक्,
स्वं स्वस्यैव वधाय शस्त्रमधियां यद् दुष्प्रयुक्तं भवेत् ॥८५॥

પરમાત્માએ સંયમની રક્ષા માટે સાધુઓને જે વસ્ત્ર-પાત્ર-પુસ્તક વગેરે ધર્મોપકરણ રૂપ પદાર્થો કહ્યા છે, તે જ કુબુદ્ધિવાળા જીવોને ઉત્પન્ન થતાં મોહના કારણે સંસારમાં પતન માટે થાય છે. ધિક્કાર હો ! કે અયોગ્ય રીતે વાપરવાથી પોતાનું જ શસ્ત્ર બુદ્ધિહીન જીવને પોતાના જ વધ માટે થાય છે.

१३/२८ संयमोपकरणच्छलात् परान्,
भारयन् यदसि पुस्तकादिभिः ।
गोखरोष्ट्रमहिषादिरूपभृत्,
तच्चिरं त्वमपि भारयिष्यसे ॥८६॥

સંયમના ઉપકરણના બહાને બીજા પર જો પુસ્તકો વગેરેનો ભાર નાખે છે, તો બળદ-ગધેડા-ઊંટ કે પાડાના રૂપમાં તારા પર પણ લાંબા સમય સુધી ભાર નખાશે.

१३/५५ विराधितैः संयमसर्वयोगेः,
पतिष्यतस्ते भवदुःखराशौ ।
शास्त्राणि शिष्योपधिपुस्तकाद्या,
भक्ताश्च लोका शरणाय नालम् ॥८७॥

સંયમના સર્વ યોગોની વિરાધનાના કારણે સંસારના દુઃખોમાં પડતા તને શાસ્ત્રો, શિષ્યો, ઉપધિ, પુસ્તક વગેરે ઉપકરણો કે ભક્ત લોકો શરણ આપી શકવાના નથી.

१३/२९ वस्त्रपात्रतनुपुस्तकादिनः,
शोभया न खलु संयमस्य सा ।
आदिमा च ददते भवं परा,
मुक्तिमाश्रय तदिच्छयैकिकाम् ॥८८॥

વસ્ત્ર-પાત્ર-શરીર-પુસ્તકાદિની શોભાથી સંયમની શોભા નથી. વસ્ત્રાદિની શોભા સંસાર વધારે છે, સંયમની શોભા મોક્ષ આપે છે. તો ઇચ્છાપૂર્વક એક(એવી સંયમની શોભા)નો આશ્રય કર.

१३/३२ यदत्र कष्टं चरणस्य पालने,
परत्र तिर्यङ्नरकेषु यत्पुनः ।
तयोर्मिथः सप्रतिपक्षता स्थिता,
विशेषदृष्ट्याऽन्यतरं जहीहि तत् ॥८९॥

અહીંયાં ચારિત્રના પાલનમાં જે કષ્ટ છે, અને પરલોકમાં નરક-તિર્યંચમાં જે કષ્ટ છે, તે બંનેનો પરસ્પર વિરોધ છે. તો બંનેનો ફરક જાણીને એકને છોડ.

१३/३६ अणीयसा साम्यनियन्त्रणाभुवा,
मुनेऽत्र कष्टेन चरित्रजेन च ।
यदि क्षयो दुर्गतिगर्भवासगा-
सुखावलेस्तत् किमवापि नार्थितम् ? ॥९०॥

સમતા અને નિયંત્રણથી આવેલા, ચારિત્રના અલ્પ કષ્ટોથી જો દુર્ગતિ અને ગર્ભવાસના દુઃખોનો નાશ થતો હોય, તો શું તે ઈષ્ટની પ્રાપ્તિ નથી ?

१३/३७ त्यज स्पृहां स्वःशिवशर्मलाभे,
स्वीकृत्य तिर्यङ्नरकादिदुःखम् ।
सुखाणुभिश्चेद् विषयादिजातैः,
सन्तोष्यसे संयमकष्टभीरुः ॥९१॥

જો સંયમના કષ્ટથી ડરતો એવો તું વિષયોથી મળતા મામૂલી સુખમાં જ સંતુષ્ટ હોય, તો (પરભવે) નરક-તિર્યંચના દુઃખો સ્વીકારીને દેવલોકના કે મોક્ષના સુખની આશા જ છોડી દે.

१३/३३ शमत्र यद् बिन्दुरिव प्रमादजं,
परत्र यच्चाब्धिरिव द्युमुक्तिजम् ।
तयोर्मिथः सप्रतिपक्षता स्थिता,
विशेषदृष्ट्याऽन्यतरद् गृहाण तत् ॥९२॥

અહીંયાં પ્રમાદજન્ય જે બિંદુ જેવું સુખ છે અને પરલોકમાં સ્વર્ગ-મોક્ષનું જે સમુદ્ર જેવું સુખ છે, તે બંનેનો પરસ્પર વિરોધ છે. તો બંનેનો ફરક જોઈને એકને સ્વીકાર.

१३/३४ नियन्त्रणा या चरणेऽत्र तिर्यक्-
स्त्रीगर्भकुम्भीनरकेषु या च ।
तयोर्मिथः सप्रतिपक्षभावाद्,
विशेषदृष्ट्याऽन्यतरां गृहाण ॥९३॥

અહીંયાં ચારિત્રમાં જે નિયંત્રણ છે અને તિર્યંચમાં - સ્ત્રીના ગર્ભમાં - નરકમાં કુંભીપાકમાં જે નિયંત્રણ(પરાધીનતા) છે. તે બંનેનો વિરોધ હોવાથી ફરક જાણીને એકને સ્વીકારી લે.

१३/३५ सह तपोयमसंयमयन्त्रणां,
स्ववशतासहने हि गुणो महान् ।
परवशस्त्वतिभूरि सहिष्यसे,
न च गुणं बहुमाप्स्यसि कञ्चन ॥९४॥

તપ-નિયમ-સંયમ-નિયંત્રણની સાથે સામે ચડીને સહન કરવામાં ઘણો લાભ છે. પરાધીનપણે તો ઘણું સહન કરીશ છતાં કોઈ મોટો લાભ નહીં મળે.

૧૩/૩૮ समग्रचिन्तार्त्तिहृतेरिहापि,
यस्मिन् सुखं स्यात् परमं रतानाम् ।
परत्र चेन्द्रादिमहोदयश्रीः,
प्रमाद्यसीहापि कथं चरित्रे ? ॥९५॥

સર્વ ચિંતા-પીડાઓનો નાશ થવાથી જે ચારિત્રમાં રત જીવોને અહીંયાં પણ શ્રેષ્ઠ સુખ મળે છે અને પરલોકમાં ઈન્દ્ર વગેરે મહાઋદ્ધિઓ મળે છે, તે ચારિત્રમાં કેમ પ્રમાદ કરે છે ?

૧૩/૩૯ महातपोध्यानपरीषहादि,
न सत्त्वसाध्यं यदि धर्त्तुमीशः ।
तद् भावनाः किं समितीश्च गुप्तीः,
धत्से शिवार्थिन् ! न मनःप्रसाध्याः ? ॥९६॥

હે મોક્ષાર્થી ! જો સત્ત્વથી જ સાધ્ય એવા મહાતપ-ધ્યાન-પરિષહને સાધવા સમર્થ નથી, તો પણ મનથી જ સાધ્ય એવી ભાવના, સમિતિ અને ગુપ્તિને કેમ ધારણ કરતો નથી ?

१३/४३ ध्रुवः प्रमादैर्भववारिधौ मुने !,
तव प्रपातः परमत्सरः पुनः ।
गले निबद्धोरुशिलोपमोऽस्ति चेत्,
कथं तदोन्मज्जनमप्यवाप्स्यसि ? ॥९७॥

પ્રમાદના કારણે તારું સંસારસમુદ્રમાં પતન તો નિશ્ચિત છે. વળી, જો ગળામાં બાંધેલ ઘંટીના પડ જેવી બીજાની ઈર્ષ્યા પણ છે, તો કઈ રીતે સંસારસમુદ્રમાંથી બહાર આવીશ ?

१३/४४ महर्षयः केऽपि सहन्त्युदीर्या-
प्युग्रातपादीन् यदि निर्जरार्थम् ।
कष्टं प्रसङ्गागतमप्यणीयो-
ऽपीच्छन् शिवं किं सहसे न भिक्षो !? ॥९८॥

કેટલાક મહર્ષિઓ નિર્જરા માટે સામે ચડીને જો ઉગ્ર આતાપના વગેરે સહન કરે છે, તો હે સાધુ ! મોક્ષને ઈચ્છતો તું અવસરે આવેલા નાના કષ્ટને પણ કેમ સહન કરતો નથી ?

१३/४६ दधद् गृहस्थेषु ममत्वबुद्धिं,
तदीयतप्त्या परितप्यमानः ।
अनिवृत्तान्तःकरणः सदा स्वैः,
तेषां च पापैर्भ्रमिता भवेऽसि ॥९९॥

ગૃહસ્થો પર મમત્વ કરતો, તેમની ચિંતાથી બળતો અને સદા પાપથી નહીં અટકેલા મનવાળો તું, તારા અને તે ગૃહસ્થોના પાપે સંસારમાં રખડવાનો છે.

૧૩/૪૭ त्यक्त्वा गृहं स्वं परगेहचिन्ता-
तप्तस्य को नाम गुणस्तवर्षे ! ? ।
आजीविकास्ते यतिवेषतोऽत्र,
सुदुर्गतिः प्रेत्य तु दुर्निवारा ॥१००॥

હે સાધુ ! બીજાના ઘરની ચિંતામાં બળતા તને તારું ઘર છોડીને શું લાભ થશે ? અહીં સાધુવેશથી આજીવિકા મળશે, પણ પરલોકમાં તો દુર્ગતિ અનિવાર્ય છે.

૧૩/૪૮ कुर्वे न सावद्यमिति प्रतिज्ञां,
वदन्नकुर्वन्नपि देहमात्रात् ।
शय्यादिकृत्येषु नुदन् गृहस्थान्,
हृदा गिरा वाऽसि कथं मुमुक्षुः ? ॥१०१॥

'હું સાવદ્ય નહીં કરું' એવી પ્રતિજ્ઞા કરીને માત્ર શરીરથી ન કરતો પણ મન-વચનથી શય્યા(ઉપાશ્રય) વગેરે કાર્યોમાં ગૃહસ્થોને જોડતો રહે છે, તો તું મુમુક્ષુ કઈ રીતે છે ? (અથવા મુમુક્ષુ એવો તું ગૃહસ્થોને કેમ જોડતો રહે છે ?)

१३/५६ यस्य क्षणोऽपि सुरधामसुखानि पल्य-
कोटीर्नृणां द्विनवतीं ह्यधिकां ददाति ।
किं हारयस्यधम ! संयमजीवितं तत् ?,
हा ! हा ! प्रमत्त ! पुनरस्य कुतस्तवाप्तिः ? ॥१०२॥

હે અધમ ! જેની ક્ષણ પણ ૯૨ ક્રોડથી વધુ પલ્યોપમ દેવલોકના સુખ આપે છે, તે સંયમજીવન કેમ હારી જાય છે ? અરે ! પ્રમાદી ! તને તેની પુનઃ પ્રાપ્તિ ક્યાંથી થશે ?

१३/५७ नाम्नाऽपि यस्येति जनेऽसि पूज्यः,
शुद्धात् ततो नेष्टसुखानि कानि ? ।
तत् संयमेऽस्मिन् यतसे मुमुक्षो !,
ऽनुभूयमानोरूफलेऽपि किं न ? ॥१०३॥

જેના નામથી પણ લોકમાં પૂજ્ય બને છે, તે શુદ્ધ સંયમથી કયા ઈષ્ટ સુખો ન મળે ? તો હે મુમુક્ષુ ! પ્રત્યક્ષ અનુભવાતા મહાન્ ફળવાળા આ સંયમમાં કેમ પ્રયત્ન કરતો નથી ?

१३/६ जानेऽस्ति संयमतपोभिरमीभिरात्मन् !,
अस्य प्रतिग्रहभरस्य न निष्क्रयोऽपि ।
किं दुर्गतौ निपततः शरणं तवास्ते ?,
सौख्यञ्च दास्यति परत्र किमित्यवेहि ॥१०४॥

હે આત્મન્ ! (આ અશુદ્ધ) સંયમ-તપથી તો આ ઉપકરણોની કિંમત (ભાડું) પણ ચૂકવાતી નથી. એમ માનું છું, તો દુર્ગતિમાં પડતા તને શરણ શું છે ? પરલોકમાં તને સુખ કોણ આપશે ? તે વિચાર.

१३/१७ न काऽपि सिद्धिर्न च तेऽतिशायि,
मुने ! क्रियायोगतपःश्रुतादि ।
तथाऽप्यहङ्कारकदर्थितस्त्वं,
ख्यातीच्छया ताम्यसि धिङ्मुधा किम् ? ॥१०५॥

હે મુનિ ! કોઈ સિદ્ધિ નથી કે કોઈ અતિશાયી ક્રિયા - યોગ - તપ કે શ્રુત વગેરે નથી. છતાં પણ અહંકારથી પીડાયેલો ધિક્કારપાત્ર તું ફોગટ શા માટે પ્રસિદ્ધિની ઈચ્છાથી દુઃખી થાય છે ?

१३/१८ हीनोऽप्यरे ! भाग्यगुणैर्मुधाऽऽत्मन् !,
वाञ्छंस्तवार्चाद्यनवाप्नुवंश्च ।
ईर्ष्यन् परेभ्यो लभसेऽतितापं,
इहापि याता कुगतिं परत्र ॥१०६॥

હે આત્મન્ ! નસીબ અને ગુણથી હીન હોવા છતાં ફોગટ તારી પૂજાને ઈચ્છતો અને ન મેળવતો તું બીજાની ઈર્ષ્યા કરીને અહીં પણ દુઃખ પામે છે અને પરલોકમાં દુર્ગતિમાં જવાનો છે.

૧૩/૩૦ शीतातपाद्यान् न मनागपीह,
परीषहांश्चेत् क्षमसे विसोढुम् ।
कथं ततो नारकगर्भवास-
दुःखानि सोढाऽसि भवान्तरे त्वम् ? ॥१०७॥

જો અહીં ઠંડી - ગરમી વગેરે પરિષહોને જરા પણ સહન કરી શકતો નથી, તો ભવાંતરમાં નરક કે ગર્ભાવાસના દુઃખો કઈ રીતે સહન કરવાનો છે ?

૧૩/૩૧ मुने ! न किं नश्वरमस्वदेह-
मृत्पिण्डमेनं सुतपोव्रताद्यैः ।
निपीड्य भीतिर्भवदुःखराशेः,
हित्वाऽऽत्मसाच्छैवसुखं करोषि ? ॥१०८॥

હે મુનિ ! નશ્વર, પરાયા અને માટીના પિંડરૂપ આ દેહને સુંદર તપ-વ્રત વગેરેથી પીડીને સંસારના દુઃખોનો ડર દૂર કરીને મોક્ષસુખને કેમ આત્મસાત્ કરતો નથી ?